શ્રી સ્વાસાહેબ કૃત

પંચરત્ન.

॥ શ્રી ॥

ओ३म् परमात्मने नमः

શ્રી સદ્ગુરૂ સ્વાસાહેબ કૃત

પંચરત્ન.

[illegible] ની ભાષાથી પ્રસિદ્ધ કરનાર

સાધુ દયાળદાસ ગુરૂ મોતીરામજી.

ઠે૦ મુંબઇ બજારગેટ વડગાદી, દયાળ ભીમજીના જુના
બાગમાં પહેલે દાદરે મહારાજશ્રી વાલજી રામજી
શ્રી સાગર સાહેબના આશ્રમમાં આ પુસ્તક મળશે

પ્રત ૫૦૦ આવૃત્તી પહેલી

સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

કીંમત રૂા૦ ૧) [illegible].

ધર્મ વિજય પ્રિન્ટીંગ પ્રેસ. પાયધુની નબર ૫૦૨ મા
ઠક્કર જીવન ભગવાને છાપ્યું.

પ્રસ્તાવના.

શ્રી સદ્‌ગુરૂ રવી સાહેબની શુભ વાણી બહુજ સમજવા જેવી છે જુદા જુદા ગ્રંથોમાંથી તેમજ સંત પુરૂષો પાસેથી સંગ્રહ કરી આ પુસ્તકમાં એકત્ર છપાવેલ છે.

સિદ્ધાંત પ્રકાશ:—જેમાં કરમ ઉપાસના, જ્ઞાન, જીવ બ્રહ્મનું લક્ષ વર્ણન કરવામાં આવેલ છે.

રવી સાહેબ કૃત રવી ગીતા:—જેમાં માયાની ઉત્પત્તી, દસ પ્રકારના વાયુ સ્થાનનું વર્ણન કરવામાં આવેલ છે.

ગુરૂ મહીમા:—જેમાં ગુરૂનું મહાત્મ વર્ણવેલું છે.

ગુરૂ સ્તુતી, સપ્ત ભોમીકા, બોધ ચિંતામણી, તથા ખેમ સાહેબ અને રવી સાહેબની જ્ઞાન ગોષ્ટી, અને રવી સાહેબના અનેક જુદા જુદા રાગોના પદનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પેહેલી આવૃત્તિ હોવાથી તેમજ શારિરીક સ્થીતી ઠીક ન હોવાને લીધે પ્રુફ સુધારવામાં જે કાંઇ અશુદ્ધિ રહી ગઇ હોય તેને માટે સજ્જન પુરૂષો મને ક્ષમા કરશોજી.

સાધુ દયાળદાસ ગુરૂ મોતીરામજી,

પ્રસિદ્ધ કર્ત્તા.

श्री सिद्धांत प्रकाश.

સાખી.

શ્રી સતગુરૂને ચર્ણે નમી, રાખી રામપદ આશ;
રવિદાસ બરનન કરે, સિદ્ધાંત વેદ પ્રકાશ. ૧

વેદ તણા જે ભેદ છે. લહે ન ગુરૂ વિણ કોય;
રવિદાસ નિશ્ચેં કહે, ગુરૂ બીન ગમ ન હોય. ૨

રવિ વેદના ભેદમાં, જે સમજે તે સંત;
બીજી વાત પ્રપંચમાં, ભૂલો નહીં ગુણવંત. ૩

વેદ સાર જાણ્યા વિના, મૂરખ તાણે મત્ત;
શબ્દ સાર સમજે નહીં, લહે ન ગુરૂ ગમ ગત. ૪

રવિદાસ સતગુરૂ વિના. વેદ સદા દુ:ખ રૂપ;
સાચા સતગુરૂ જો મલે, પામે તત્વ અનુપ. ૫

રવિ પ્રથમ વેદે કહ્યું, કર્મકાંડ બળવાન;
તીર્થ વ્રત અસ્નાન શુભ, કરે યાગ તપદાન. ૬

બીજો કાંડ ઉપાસના, કરે ધરી મન પ્રેમ;
રામકૃષ્ણ અવતારને, સેવે સહિત સુનેમ. ૬

જ્ઞાનકાંડ ત્રીજો સરસ, મોક્ષ પામવા કાજ;
જાણે બ્રહ્મ સ્વરૂપને, કરી અવિદ્યા બાજ. ૮

એવી રીતે વેદમાં, ભાગ કર્યા નિરધાર:
મતવાદી સમજે નહીં, મૂરખ મુંઢ ગમાર. ૯
જેને જે અધિકાર છે. તેને તેવા બોધ;
શ્રી સતગુરૂ સમજી કરે. હરે અવિદ્યા શોધ. ૧૦
અંત:કરણમાં દોષ ત્રય. મળ વિક્ષેપ અજ્ઞાન:
તે દોષોને ટાળવા, ધરે ગુરૂ પદ ધ્યાન. ૧૧
નિષ્કામ શુભ કર્મ કરી, મળને હણે જરૂર;
ઉપાસનાથી રવિ કહે, વિક્ષેપ થાય છે દૂર. ૧૨
મળ વિક્ષેપ પળાય તો. થાય જ્ઞાનનો પાત્ર;
સાધન ચાર વિચારતાં, ટળે અવિદ્યા માત્ર. ૧૩
પછી શુધ્ધ સ્વરૂપનું, અંતર કરે વિચાર;
હું કોણ છું અને કોણ આ. દીસે છે સંસાર. ૧૪
ગુરૂ ચરણમાં પ્રેમથી. મુસ્તક ધરી ઉમંગ,
ભેટ સહિત વિનતિ કરે, કરવા સંશય ભંગ; ૧૫
કામ ક્રોધ મદ લોભથી, અંતર રહે ઉદાસ:
કપટ ચતુરાઈ મૂકીને. પ્રશ્ન કરે થઇ દાસ. ૧૬
જીવ નામ શાથી થયું, શા કારણથી શીવ;
કહો કૃપા કરી દેવગુરૂ. સેવું ચર્ણ સદીવ; ૧૭
પ્રશ્ન શિષ્યનું સાંભળી, સતગુરૂ પરમ ઉદાર;
કૃપા કરી વદતા હવા, વેદ વચન નિરધાર. ૧૮
અવિદ્યા માયાને વિષે, ચૈતનનો આભાસ;
અધિષ્ઠાન યુત જીવતે, કરે કર્મ ફળ આશ. ૧૯

પાંચ તત્વને વશ થઇ. કામાદિકશું પ્રીત;
દેહ ઇંદ્રી સુખને ચહે. જીવપણાની રીત. ૨૦

સુત વિત દારા ધામમાં, કરે પ્રેમ ભરપૂર;
જીવપણું એમ જાણીયે, સતગુરૂ પદથી દૂર. ૨૧

લક્ષ ચોરાશી યોનિમાં. ધરે અવતાર અનંત;
જીવપણું ત્યારે ટળે, સેવે હરીગુરૂ સંત. ૨૨

કહ્યા જીવ સ્વરૂપને, સંક્ષેપ શાસ્ત્ર અનુસાર;
શિવ સ્વરૂપ રવિદાસ કહે, વેદ વચન નિરધાર. ૨૩

શુદ્ધ સત્વ માયા વિષે, આભાસે ચૈતન્ય;
અધિષ્ઠાન મળી રૂપ શિવ, રવિ કહે મુનિજન. ૨૪

કિંચિત માયા મોહનો, જેને નથી સંબંધ;
ફળદાતા શિવ રૂપ તે, સુખી સદા નિરબંધ. ૨૫

અંતર્યામી શિવ સદા, માયા રહિત વિચાર;
કાળ કર્મ વ્યાપે નહીં. શુદ્ધ સ્વરૂપ અપાર. ૨૬

માયા શક્તિ શીવની, જીવ શક્તિ અજ્ઞાન;
બેઉ ઉપાધિને તજે, પામે પદ નિરવાણ. ૨૭

અવિદ્યા વિદ્યા જો ટળે, તો નહીં જીવ નહીં શીવ;
નામ રૂપથી ભિન્ન છે, સાક્ષી સદા સદીવ. ૨૮

તામસ માયા યોગથી, જીવપણું કહેવાય;
શુદ્ધ તત્વ માયા થકી, ઇશ્વરતા દરસાય. ૨૯

જીવ અવિદ્યા વશ થઇ. કરે કર્મ ફળ આશ;
શિવ માયા શક્તિ વડે, ફળદાતા પ્રકાશ. ૩૦

અવિદ્યા વિદ્યાથી થયું, જીવ શીવ એ નામ:
બેઉ ઉપાધી અળગી કરે, તો સદા શુધ્ધ સુખધામ ૩૧

ગુરૂ વિનાનું જીવને, નહીં મોક્ષ સુખધામ:
શીવ સદા સાક્ષાત છે, બોધ તાણું શું કામ. ૩૨

જીવપણાને ટાળવા, પ્રથમ કરે શુભ કર્મ;
નિત્ય નેમ આચારને. પાળે સદા સ્વધર્મ; ૩૩

એમ કર્મથી મેલનો, કરે અંતરથી ત્યાગ,
પછી ઉપાસના આદરે. કરી પરમ અનુરાગ. ૩૪

જો કરે કર્મ સકામતો, ધરે અવતાર અપાર;
પુન્ય પાપ ત્યાં ભોગવે. સુખ દુઃખ સહિત વિકાર. ૩૫

માટે કર્મ સકામને, કરે નહીં બુધવાન.
નિષ્કામ કર્મથી મેલને, હરે રહિત અભિમાન. ૩૬

એટલું કરી ઉપાસના, કરે અગુણ સુખરૂપ,
રામકૃષ્ણ અવતારને. સેવે થઇ તદરૂપ. ૩૭

એમ અગુણ સેવા કરી, મૂકી મનની તાણ:
ઉપાસના નિરગુણ કરે, ધરે ધ્યાન નિરવાણ. ૩૮

રવિ ગીતામાં ધ્યાનની, કહી રીત સુખરૂપ;
ગુરૂ ગમથી જો ગમ લહે, પામે શુધ્ધ સ્વરૂપ. ૩૯

ધ્યાન ધરી અંતર ઠરી, પામી જ્ઞાન પ્રકાશ;
જીવ શિવ એકતા વિષે, હરદે ધરે ઉલ્હાસ. ૪૦

મહા વાકય જે વેદનું, ગુરૂ મુખ કરે વિચાર;
શુદ્ધ વસ્તુ ધારણ કરે, માયા તજે અસાર. ૪૧

તત્વ મસી મહા વાકયનું, જ્યારે સમજે ભેદ;
ભાગ ત્યાગ લક્ષણાવડે, કરે ભેદ ભ્રમછેદ. ૪૨
ઉપાધીના ભેદથી, જીવ શિવનો ભેદ;
ટળે ઉપાધી એક રવી, કહે પોકારી વેદ. ૪૩
પંડ બ્રહ્માંડે એક છે, દશો દશા ભારપૂર;
કોઈ ઠામ ઠાલો નથી, સઘળે હાલ હજુર. ૪૪
એમ વિચારી આપમાં, ભાળે બ્રહ્મ સ્વરૂપ;
અખંડ અરૂપી આતમા, તે પોતે તદરૂપ. ૪૫
જો સઘળે સુભર ભર્યો, પૂરણ બ્રહ્મ પ્રકાશ;
તો પોતામાં કેમ નહીં, એમ જાણે જ્ઞાન પ્રકાશ. ૪૬
જો પોતામાં બ્રહ્મ છે, તો પોતે તે રૂપ;
એમ જાણી ગુરૂ જ્ઞાનથી, પામે સત્ય સ્વરૂપ. ૪૭
ઉપાધી જીવ શીવની, જ્યારે થાયે નાશ;
ત્યારે સઘળે બ્રહ્મમય, દરસે પરમ પ્રકાશ. ૪૮
બ્રહ્મ ઇચ્છતો બ્રહ્મ થઇ, કાપ્યાં સર્વે કર્મ;
જીવ શીવના રૂપનો જાણ્યો સઘળો મર્મ. ૪૯
ઉપાધી જીવ શીવથી, વીત્રીક પદ નીઃકામ;
અવિનાશી અખંડ સદા, નિરાલંબ નિજધામ. ૫૦
રવિદાસ નિજ રૂપનો, પૂરણ થયો પ્રકાશ;
ભેદ મટયો જીવ શીવનો, થયો કર્મનો નાશ. ૫૧
યોગ યાગનું કામ શું, શું કરવા છે વેદ;
જ્યારે શુદ્ધ સ્વરૂપમાં, સમ્યા સકળ ભ્રમ ભેદ. ૫૨
જપ તપ તીરથ નેમ યગ, શું કરવાનું કામ;
વેદ વિધિ આચાર તે, સરવે પાડયું ઠામ. ૫૩

હરખ શોક ત્રષ્ણા મટી, મટયા વાદવિવાદ;
હું મારૂં મમતા મટી, સતગુરૂને પ્રસાદ. ૫૪
રવિ ક્રીયા જે દેહની, સર્વે મેલી પાર;
શુધ્ધસ્વરૂપ સાક્ષી થયો, ભાગ્યો ભ્રમ આકાર. ૫૫
જ્યારે સાતમી ભોમીકા, પામ્યો ગુરૂ પરતાપ;
ત્યારે કર્મ ઉપાસના, મટી વેદની વાત. ૫૬
જ્યાં સુધી નથી પામીયો, પૂરણ પદને આપ;
ત્યાં સુધી કરવાં પડે, કર્મ ધર્મ વિધિ જાપ. ૫૭
જયાં સુધી વહેવારમાં, કરે શુભાશુભ કર્મ;
ત્યાં સુધી વિધિ વેદની, પાળે પૂરણ ધર્મ. ૫૮
નિતી સહિત વહેવારનાં, કરે જગતમાં કામ;
વેદ વિધિ યુત આચરે, તો રીઝે શ્રી રામ. ૫૯
રામ ગુરૂ રીઝયા વિના, મળે ન આતમજ્ઞાન;
રવિદાસ પદ તો મળે, સેવે સંત સુજાણ. ૬૦
સંત ગુરૂને કપટથી, સેવે લેવા જ્ઞાન;
રવિદાસ એ મુંઢ મતી, પામે નરક નિદાન. ૬૧
નરકે પડવાનાં કરે, કૂડાં જગના કામ;
ભગત ભેખ ઉપર ધરે, અંતર અવગુણ ધામ. ૬૨
વેદ પંથમાં ચાલવું, એછે અઘરી વાત;
તેથી નિંદા આદરે, મૂરખ મુંઢ કુજાત. ૬૩
રવિદાસ વિધિ વેદની, સમજે નહી ગમાર;
મુંઝાઇને મત કરે, જાવા જમને દ્વાર. ૬૪
સુત વિત દારા દેહમાં, જ્યાં સુધી છે ભાવ;
ત્યાં સુધી વિધિ કર્મમાં, કરે નહીં અણભાવ. ૬૫

દેહતણું પોષણ કરે, પોખે પુત્ર પરિવાર;
વેદ કર્મને નિંદતાં, લાજે નહીં ગમાર. ૬૬
દુષ્ટ કર્મ કરવા વિષે, જલદી થાય તૈયાર;
શુભ મારગમાં ચાલતાં, આળસ કરે અપાર. ૬૭
શુરા ઘરના કામમાં, કૂડાં કરવા કર્મ;
પાપ પોટલાં બાંધવાં, કરે અપાર અધર્મ. ૬૮
રવિ વેદના ભેદની, સમજણ અઘરી રીત;
તે કરવા સમર્થ નહીં, પછી નિંદા કરે અનીત. ૬૯
રવિદાસ નિતી વચન, અવળાં માને ચોર;
મતવાદી તેમ વેદને, માને નહીં નઠોર. ૭૦
રવિ વેદને વેદ ગુરૂ, ત્રણેનો એક ન્યાય;
અધિકારી જેવું દરદ, તેવો કરે ઉપાય. ૭૧
રવિદાસ જો વેદને, ગુરૂ મૂખ કરે વિચાર;
જીવ શીવના રૂપને, નિશ્ચય પામે પાર. ૭૨
પ્રથમ કર્મ મારગ વિષે, વરતે કરી વિવેક;
પછે ઉપાસના અનુસરી, ધરે જ્ઞાનની ટેક. ૭૩
યોગ જ્ઞાન અધિકારને, પામ્યો નથી અજાણ;
કર્મ ઉપાસનાને કરે, સતગુરૂ વચન પરમાણ ૭૪
એમ અનુક્રમે કરી, પામ્યો યોગ હિત જ્ઞાન:
શુદ્ધ રૂપ પોતે રવી, સઘળે બ્રહ્મ સમાન. ૭૫
થયો સ્વરૂપે જાણ પણ, વરતે થઇને દાસ;
ક્રિયા કરવી તે મટી, તોય ધર્મપર આશ. ૭૬
રવિદાસ એવા પુરૂષ, તે હરી રૂપ સમાન;
કર્મ કરે વા નકરે, મટ્યું દેહ અભિમાન. ૭૭

રવિદાસ અનુભવી તણાં, વચન વેદ પરમાણ;
મતવાદી મતમાં ભમે, માંડે ખેંચાતાણ. ૭૮

કર્મ ઉપાસના રહિત રવી, કરે ભક્તિનું માન;
મતવાદી તે જાણવો, સુકર શ્વાન સમાન. ૭૯

યોગ યાગ કરતો રહે, ભક્તિ ભાવ ભરપૂર;
અવિદ્યા અંતરથી તજે, હરી પદ હાલ હજુર. ૮૦

જ્યાં સુધી શુદ્ધ રૂપનું, પામ્યો નહીં નીજ જ્ઞાન;
ત્યાં સુધી નિશ્ચેં કરે, તપ તીરથ વ્રતદાન. ૮૧

એકદમ ઉંચો ચઢે, તો નીચો પડે નિદાન;
અનુક્રમે પદ પામીયે, સતગુરૂ શબ્દ પરમાણ ૮૨

વાચક જ્ઞાનીના રવિ, કદી ન કરીયે સંગ;
નરકે પાડે ને પડે, દુરમતી દુષ્ટ અભંગ. ૮૩

રવિદાસ વાચક નર, કદી ન પામે પાર;
તેથી અણસમજુ ભલો, સમજાવ્યો લે સાર. ૮૪

રવિ ભક્ત થઇ જગતને, કરે કપટ ઉપદેશ;
કર્મ ઉપાસના શું કરો, ધરો આનંદ આસેશ. ૮૫

એમ કહી જગ ભોળવે, તાણે મત અપાર;
ગુરૂ વાણીના અર્થને, સમજે નહીં ગમાર. ૮૬

કંઠી બાંધે કૂડથી, પૂજાવા નીમિત્ય;
સંતગુરૂ માને નહીં, એ બુડયાની ગત્ય. ૮૭

સંસારી થઇ સંતની, કરે બરાબર ચાલ;
રવિદાસ તે મૂઢના, બૂરા કરે જમ હાલ. ૮૮

રવિ ભકત થઇ જગતની, લે પૂજા ને દાન;
સાધુ નિમીત્તે લેઇને, કરે કુટુંબ સનમાન. ૮૯
જગત ભગત જો સંતને, નિંદે નરકે જાય;
રવિદાસ દુરગુણ તજી, સેવે તો સુખ થાય. ૯૦
સંતદોષ દ્રષ્ટી પડે, તો જુગ જોડી હાથ;
એવું કૃપાલુ ન ધરે, આવા ગુણ ગુરૂનાથ. ૯૧
રવિ ભક્તને જાણવો, કરે સંત સનમાન;
ભેદ બુદ્ધી અંતર તજે, ભજરામ નીરમાન. ૯૨
રવિ એવા જે ભક્ત છે, તે તો સંત સમાન;
મતવાદી બીજા ખરા, પામે નરક નિદાન. ૯૩
સંસારી સુખને તજે, ભજે બ્રહ્મ ભરપૂર;
રવિદાસ તે સંતજન, કામ ક્રોધથી દૂર. ૯૪
રવિ શીલ સંતોષજે, સંત તણો શણગાર.
આછકલાં ભુષણ વચન, ધારે જગત અસાર. ૯૫
રવિ સંતજન હંસ સમ, ગ્રહે ગુરૂનો બોધ;
ખીર નીર વીવેકથી, ત્યાગે અવગુણ સોધ. ૯૬
સાધુ આ સંસારમાં, તારણ તરણ સુજાણ;
રવિ પૂજે જો પ્રેમથી, સાચા ભગત પરમાણ. ૯૭
સાધુના દરસન થકી, મટે ચોરાશી ખાણ;
પરસ કરે જો પ્રેમથી, પામે પદ નિરવાણ. ૯૮
રવિદાસ સાધુ ખરા, સેવે સતગુરૂ શ્યામ;
અસાધુ ભટકયા કરે, હરવા જગમાં દામ. ૯૯
અસાધુ અવગુણ ભર્યા, અંતર નહીં આરામ;
ઉપર હંસ સરીખડા, કરે બગલાનાં કામ. ૧૦૦

ગુરૂ શબ્દ ભાવે નહીં, ભાવે કૂડાં કામ;
સાધુ નામ ધરાવતાં, લાજે નહીં હરામ. ૧૦૧
શું કરવા સાધુ થયો, જો મન કરે વિચાર;
તો અવગુણ ત્યાગે ખરો, જાણી સાર અસાર. ૧૦૨
સારાં સારાં પેહેરવાં, સારા ઇચ્છે ભોગ;
સાધુને નહીં સંભવે, સંસારીનો યોગ. ૧૦૩
સાધુ સાદાઈ ધરે, કરે ગુરૂપદ વહાલ;
શાંત સ્વરૂપે થઇ રમે, સાચા સતગુરૂ બાળ. ૧૦૪
રવિરામ સાધુ ભજે, તજે અસાધુ સંગ;
ગ્રહે ગુરૂના શબ્દ તો, પામે પદ અભંગ. ૧૦૫
શ્રીપતી શ્રીમુખથી કરે, સાધુ તણાં વખાણ;
પોત પોતાનું નવ લહે, એથી કોણ અજાણ ૧૦૬
સાધુની સેવા વિના, કોઇ ન પામે પાર;
તેથી અવગુણ ત્યાગીનો, ગહે સકળ ગુણસાર. ૧૦૭
જો સુખની ઇચ્છા કરે, હરે માન અપમાન;
નિંદા ચોરી યારીને, તજો ભજો ભગવાન. ૧૦૮
પ્રથમ ગુરૂપદ વંદીને, કરી સંતની સેવ;
શ્રીહરી સમરી શુધ્ધમન, પામી પદ અભેવ. ૧૦૯
વેદ વચન ગુરૂ મુખ ગ્રહી, ધારી દ્રઢ વિશ્વાસ;
સારાસાર વિચારતાં, પ્રગટે બ્રહ્મ પ્રકાશ. ૧૧૦
સરિતા સાગરમાં મળી, તજી નામને રૂપ;
જીવ શીવ એ નામ જો, ટળે થાય તદરૂપ. ૧૧૧
જ્યાં સુધી જીવ શીવનો અંતરમાં છે ભેદ;
ત્યાં સુધી રવિ વરતવું, વિધિ વચન જે વેદ. ૧૧૨

જયાં સુધી વહેવારમાં, વરતે છે બુધ્ધવાન;
ત્યાં સુધી વિધિ વેદની, માને થઇ નીરમાન. ૧૧૩
જ્યારે શુદ્ધ સ્વરૂપમાં, પૂરણ પ્રગટે ભાવ;
રવિ કર્મ કરવાં તજી, વરતે સેજ સુભાવ. ૧૧૪
કરતા હરતા સતગુરૂ, મનમાં ધારે આપ;
રવિદાસ મમતા તજે, કદી ન લાગે પાપ. ૧૧૫
જ્ઞાની કર્મ ઉપાસના, તજે ન પ્રગટે પાપ;
જો કદાપિ સેહેજે કરે, પુન્ય ન પામે આપ. ૧૧૬
પુન્ય પાપ કરનાર જે, તે તો પામ્યો નાશ;
રવિદાસ સૂભર ભર્યો, દીસે બ્રહ્મ પ્રકાશ. ૧૧૭
રાગ દ્વેષ કોનો કરે, કોણ પુરૂષ કોણ નાર.
સઘળે દેખે બ્રહ્મમય, વસ્તુ સચરાચાર. ૧૧૮
રાગ ત્યાગ વસ્તુ વિષે, જયાં સુધીછે જાણ;
ત્યાં સુધી રવિ દૂર છે, અખંડ પદ નિરવાણ. ૧૧૯
અહંબ્રહ્મ એ શબ્દનું, રહ્યો નહીં ઉચ્ચાર;
જો બોલે હું બ્રહ્મછું, ત્યાં સુધી સવિકાર. ૧૨૦
જેમ પુતળી લુણની, પડી પાણી મોઝાર;
જો બોલે હું પુતળી, તો અસત્ય નિરધાર. ૧૨૧
એમ બ્રહ્મ થઈ બ્રહ્મનું, હું મુખ કરે ઉચ્ચાર;
ત્યાં સુધી રવિદાસ કહે, બાકી બ્રહ્મ વિચાર. ૧૨૨
બ્રહ્મ વેત્તાને રવિ રહે, સઘળે સરખા રામ;
પુન્ય પાપ પરશે નહીં, મટયાં કર્મને કામ. ૧૨૩
જ્ઞાનીનાં જે પાપ તે, નિંદક લહે જરૂર;
પુન્ય ફળ તે પામશે, પૂજ્યક સુખનું પુર. ૧૨૪

અખંડ બ્રહ્મને કર્મનો, કાંઇ ન લાગે બાધ;
જળ કમળ વત રવિ કહે, ગ્યાની આપ અબાધ. ૧૨૫
વેહેવાર જોઇ જ્ઞાની તણાં, ભુલે નહીં ગુણવંત;
દીસે છે સંસારમાં, પણ સૌથી ન્યારા સંત ૧૨૬
સ્થુલ સૂક્ષ્મ કારણ થકી, જુદું જાણ્યું રૂપ;
પંચકોસથી પારજે, આત્મ લહ્યું અનુપ. ૧૨૭
એમ જ્ઞાની કરતવ જોઇને, બીજો કરવા જાય;
રવિ કહે તે મુઢ મતિ, ગાફલ ગોથાં ખાય. ૧૨૮
જનક વિદેહી કૃષ્ણસમ, જો વરતે વહેવાર;
રવિદાસ તે ચુકશે, ખાશે જમનો માર. ૧૨૯
સતગુરૂ કેરા શબ્દ જો, માની કરે વિચાર;
રવિદાસ તો પામશે, નિશ્ચે ભવજળ પાર. ૧૩૦
દેખા દેખી ગુરૂ તણી, કરવા જાય ગમાર;
રવિદાસ તે નરકમાં, ફેરા ફરે અપાર. ૧૩૧
કહયો વેદ સિધ્ધાંત શુભ, અધિકારીને કાજ;
રવિદાસ જે ધારશે, લહે અખંડ પદરાજ. ૧૩૨
સંવત અઢાર પંચાવનો, પોસ પુનમ સુખરૂપ;
કહયો વેદ સિધ્ધાંત રવિ, પૂરણ પરમ અનુપ. ૧૩૩

इति श्री रविराम रचित सिद्धांत प्रकाश ग्रंथ समाप्त.

ॐ

श्रीगुरू परमात्मने नमः ।

श्रीगुरू भाण रवि खेम सत्य छे.

श्री रवि गीता.

દોહા.

ભર્મ મિટાવણ ભેદહે, એસી ગીતા જાણ;
રવિદાસ અભેદ અછેદ હે, અણલિંગી પદ નિર્વાણ. ૧
અણલિંગી પદ જે અનુભવે, જાકું ગુરૂગમ હોય;
રવિદાસ ગુરૂ શબ્દસે, નિરંતર નજરે જોય. ૨

કડવું ૧ ચોપાઇ.

પ્રથમ સમરૂ સતગુરૂ દેવજી, સમરણ કરતાં ટળે અહંમેવજી;
સતગુરૂ આપે અંતર ભેવજી, તન મન અરપી કીજે સેવજી.

ઢાળ.

સેવા કરતાં સાર પામે, વામે દુઃખ દારૂણ;
તાપ ટાળે ને બ્રહ્મ ભાળે, મટે આવા ગમન. ૧
ગુરૂગમથી ગુરૂજ્ઞાન આવે, ભીતર ભર્મ કટાયે;
જગતાંતી તોડે તંત પામે, સતગુરૂ ચરણ પસાય. ૨

ગુરૂ ગોવીંદ એક જાણો, માણો મર્મ લહી સહુ;
સિદ્ધાંત કેરી વારતા, તે સતગુરૂ પરતાપે કહુ. ૩
ભેદ છે જે બ્રહ્મનો, વેદમાં કહ્યું છે કથી;
માયા સહીત વખાણીયો પણ, સતગુરૂયે કાઢયો મથી. ૪
ભક્તિ જોગ વૈરાગે કરી, વસ રાખીયે નિજમન;
ગુરૂ જડે ઘર ભિતરે, સંત થાય પરસંન. ૫
સંસારના સુખ તુચ્છ જાણે, માયા રહીત નર થાય;
અર્ક ઉગે તિમર ભાગે, જો ગુરૂ ગમે ગોતાય. ૬
તરણ તારણ છો ગુરૂ, જેથી ટળે લિંગવાસના;
કાળ કાંપે નવ કામ વ્યાપે, સુરતન જાયે આંન. ૭
એવો લક્ષ આવે લાભ થાયે, તે ગર્ભમાં આવે નહી;
જીવત મૃતક થઇ રહે, તે બ્રહ્મ મય પોતે સહી. ૮
એવા સતગુરૂ દયાળ કહિયે, આપ સરખા કરે ખરા;
શબ્દ કેરી સંકટ ટાળે, પાપ પુન્ય કરે પરા. ૯
સતગુરૂને સ્વામી જાણવા, તેમાં અંતર જરા નવ રાખીએ;
અરૂપ વસ્તુ આપ સતગુરૂ, દુવધા કાઢી નાખીએ. ૧૦
માત સતગુરૂ તાત સતગુરૂ, સગાં કુટુંબ ગુરૂ બંધવા;
ધણી સતગુરૂ મણી સતગુરૂ, એવું જાણે જાય દુઃખ દંદવા ૧૧
પ્રતીત હોય તો પાર આવે, જાગી ઉઠે આતમા;
એક પલકમે પાર પામે, સતગુરૂ કેરી વાતમાં. ૧૨
આદ્ય મૂળનો મર્મ લહે તો, સંસારના સુખથી ટળે;
સતગુરૂ કેરો ભેદ જાણે, વસ્તુ વસ્તુ માંહી ભળે. ૧૩
માહા મંત્રનો મર્મ લહીજે, જાણીયે જુગ તે કરી;
ગુરૂગમ્ય આવે તકે, તો ચોરાશી ના આવે ફરી. ૧૪

સતગુરૂ કેરી રીત એવી, જેવું તાવ્યૂં ધૃત;
નામથી નિરમળ કરે, મનમાં ન આવે દ્વૈત. ૧૫
આદ અંત મધ્ય ઓળખી, નિરભે કરો નિજ નામને;
રવિદાસ કહે સતશબ્દ સમજી, સેવો સતગુરૂ શ્યાંમને. ૧૬

દોહા.

ગુરૂ ગમેસે ગમ પાઈયે, અલખહી લેય લખાય;
રવિદાસ કહે સચ્ચિદાનંદ મથ જોં શાગર બુંદ સમાય. ૧૭

કડવું ૨ ચોપાઇ.

હવે કહું અનાદી અકળ અલેખજી,
ત્યાંહાં નહીં વર્ણાવર્ણ વેખજી;
ત્યાંહાં નહીં તીન ગુણના વિવેકજી,
સકળ પસારા નહીં ત્યાં ટેકજી. ૧

ઢાળ.

ટેક નહીં ત્યાં સકળ પસારા, ત્યાં નહીં અંતને આધ;
નહીં મધ્ય પાપ પુન્ય પરસ્પર, નહીં ત્યાં નિંદ્યા વાદ. ૨
ત્યાં નહી નારી પુરૂષ દોઉ, ત્યાં નહી શત્રુને મિત્ર;
અગમ નિગમ ત્યાં નહીં, ત્યાં નહીં તંતુને તંત. ૩
મેરૂ મંડળ ત્યાં નહીં, ત્યાં નહીં ધરણ અકાશ;
નાદ બુંદતો ત્યાં નહીં, ત્યાં નહીં સ્વાસ ઉસાશ. ૪
નહીં ન્યાતી નહીં જ્ઞાતી, નહીં કુળ વેહેવાર;
દેવ દાનવ ત્યાં નહીં, નહીં છાયા માયા લગાર. ૫
સીદ્ધ સાધક ત્યાં નહી, નહિ મુનેશ્વર માહામુન્ય;
જોગ જપ તપ ત્યાં નહીં, નહીં હરખ શોક સગુન્ય. ૬

સ્થુલ સુક્ષ્મ ત્યાં નહીં, નહીં રાત દીવસ પરમાણ;
નિરગુણ સીરગુણ ત્યાં નહીં, ત્યાં નહીં જાણ અજાણ. ૭
રાજા પરજા ત્યાં નહીં, ત્યાં નહીં કાજી કુરાન;
પુરાણ વૈદ રોગી નહીં, ત્યાં નહીં ગંધર્વગાન. ૮
સુખ દુઃખ દાનું ત્યાં નહીં, ત્યાં નહીં માન ગુમાન;
ચતુરાઇ ત્યાં ચાલે નહીં, ત્યાં નહીં ચોકા પાંન. ૯
પીર પેગંબર ત્યાં નહીં, ત્યાં નહીં સન્યાસી સેવડો;
જોગી ભોગી ત્યાં નહીં, ત્યાં નહીં નાનો નેવડો. ૧૦
જરા મરણ ત્યાં નહીં, રક્તપીત નીલુ નહીં સ્વેત;
નહીં શ્યામ પચીસ પ્રકૃતિ, ત્યાં હરખ નહીં ને હેત. ૧૧
શીવ શક્તી ત્યાં નહીં, નહીં વૈકુંઠ ને કૈલાશ;
મારગ ઉમારગ ત્યાં નહિ, ત્યાં નહીં સ્વામીદાસ. ૧૨
ધ્યાન ગ્યાન વૈરાગ્ય નાહીં, નહી જોગ ને સંન્યાસ;
ભક્ત જગ્ત ત્યાં નહીં, ત્યાં નહીં રહીત નહી નાશ. ૧૩
ધર્મ કર્મ ત્યાં નહીં, નહીં આશ નિરાસ;
ચૌદલોક તો ત્યાં નહીં, નહીં ધર્ણ ને આકાશ. ૧૪
તેજ પવન પાણી નહીં, એ પાંચત્તત ત્યાં નહીં;
સતગુરૂ એકે ન રાહ રાખે, ઓર સબ પલ્લે જાહી. ૧૫
ભેદ અભેદ ત્યાં નહીં, આસન વાસન નવ હોય;
કર્મ અકર્મ ત્યાં નહિ, ત્યાં નહી એક ને દોય. ૧૬
અલેખ લેખામાં નહીં, રૂપરંગ નહીં રામને;
રવિદાસ કહે એ વિધા જાણો, તો સેવો હરી ગુરૂશ્યામને. ૧૭

દોહા.

નિરાકારકે પારહે, તન પારનકે પાર;
રવિદાસ તામે સમાઇયા, યામે કછુ ન બિચાર. ૧

કડવું ૩ ચોપાઇ.

નિરખ્યામાં રૂપ ન આવેજી, એ કહ્યામાં કેમ કહાવેજી;
પરપંચથી તે પાર રહાવેજી, મન પવન ત્યાં નહીં જાવેજી. ૧

ઢાળ.

મન વાણી ત્યાં છે નહીં, ત્યાં નહી અજંપા જાપ;
અખંડ બ્રહ્મ અકળ અરૂપી, એક આપોઆપ. ૨
નહીં હેઠો ઉંચો નહીં, નહીં તેહ કેરૂં નામ;
દ્રષ્ટાંતમાં તે કેમ આવે, નહીં ગામ ને ઠામ. ૩
અજીત જીતયામાં નહીં, તો વર્ણન કેઈ પેર થાય;
અજર અમર અલોક છે, તે સોહુંજે રચ્યો સમાય. ૪
જેમ છે તેમનો તેમ છે, વધે ઘટે જરા નહીં;
ડાળ મુળ સાખ નહીં, સરૂપ અરૂપ તેતો સહી. ૫
અપારપાર પરિબ્રહ્મ છે, રસના એ કેમ કહે કથી;
અનિંદ્ર અવનીમાં નહીં, આકાશમાં કવહુ નથી. ૬
ઉપમામાં આવે નહીં, તે અધરમે કેમ હોય;
અનીલ અણુલીંગી અક્ષરથી, અધીક છેલ્લો હોય. ૭
પરમ ગતી પરમાતમા, અખંડ ગતિ અનાધ્ય છે;
સુરત પોચે નહીં અદકે ઓછે, અમર અનામ અગાધ્ય છે. ૮
અવિનાસી વણસે નહીંતો, કેમ આવે ગર્ભવાસ;
અપરં પદ એધાંણ વહુંણું, ઘેઘતા નહીં ત્રાસ. ૯

ગેવ ગુપત છેજ પરગટ, પર છંદ સુજે નહીં;
આધ અંતને મધ્ય નાહીં, ચૌદ પરસમી સહી. ૧૦
વસ્તુ ન હોય વિચાર માંહીં, વણ દીઠે શું વખાણીએ;
અગમ અગોચર અગોપ અલેખે, જાણણહારો જાણીએ. ૧૧
મરમ મોટો પરમપદનો, મંત્રજંત્ર વણ જગદીસ;
સદા સદોદિત સચ્ચિદાનંદ છે, આકાશ આગે અદીસ. ૧૨
અમોહ અગણીત બ્રહ્મ આપે, અક્ષરાતીત છે એક;
પંડ બ્રહ્મંડથીજ ન્યારો, ઈંડિ મિંડ વણ ટેક. ૧૩
અખંડ જોત છે અધર પર, ઓળખી ન શકે કોઈ ધામને;
રવિદાસ કહે એવું જાણો, જો સેવો સતગુરૂ શ્યામને. ૧૪

શાખી.

પંચતંત કે પાર હે, અંકુર બીજ વણ એક;
રવિદાસ કહે સત નામકું, જાકુ રૂપ નહી રેખ. ૧૫

કડવું ૪ ચોપાઇ.

એવો અકળ અનાદી કહ્યો નવ જાયેજી,
અટળ અભંગી નહીં ગુણ માંહેજી;
જગ્ત નહીં તો સુપર ખાએજી, અબીજ વસ્તુ પંચપરાએજી. ૧

ઢાળ.

પરાએ પંચ તત્વથી, પરમાત્મા એક અજીત;
ક્ષુધ કારે સુન્ય પારે, વાસના રહીત અદ્વૈત. ૨
સલંગ સુત્ર અણલીંગી સૌથી, છે વસ્તુ કેરો ભાસ;
અતોલ અડોલ ઈંદ્રિય જીત, આત્મા સદા ઉદાસ. ૩

અકળ અકથ સોહું આપે, કથન મથનમાં નહીં મળે;
પરિ બ્રહ્મ પર છાયા રહિત, અવીચળ વસ્તુ નવ ચળે. ૪
ઘટમઠ પટને પાર છે, કવિજન લક્ષ તે શું લહે;
પંડ બ્રહ્મંડને પાર છે, નીગમ ગીતા એમ કહે. ૫
ખાંણુ વાંણુ ન શબ્દ પહોચે, નહીં મુંદ્રા તે માંહીરે;
પંચમે પદ પરમાત્મા છે, સદા સદોદીત સાહીરે. ૬
એ કહ્યામાં નવ આવ્યું, એધાણુમાં આવે નહીં;
પર અપ્રમય કળયામાં કેમ આવે, જેને કોઈક જન સકે લહી. ૭
નીરાધાર આધાર વીણુ, અવિનાસી અચવ્યો ખરો;
અલેખ લેખામાં ન આવે, બાવન અક્ષરથી પરો. ૮
નીરાકાર પરાપાર અનહદ, ન આવે તે વેદમાં;
નિરંતર એક અખંડીત તે, કેમ આવે ભેદમાં. ૯
અગોચર ગોચર નહી તે, ઓળખો કાઢી માનને;
રવિદાસ કહે જો ગુપ્ત ગ્રહો, તો સેવો સતગુરૂ શ્યામને. ૧૦

સાખી.

ગુપ્ત ગ્રહે કોઇ ગુરૂ ગમી, છતરાયા સબમાંય;
અછતા રહે અધર્મ સેં, સો રવિસંત કહાય. ૧૧

કડવું ૪ થું ચોપાઇ.

અસંખ જુગ વીત્યા એમ ધુંધુકારજી,
અલેખ અનાદિએ કર્યો વિચારજી;
મનછા ધારી થઇ એકનારજી, તેની સોભા તણો નહીં પારજી; ૧

ઢાળ.

પાર તેનો કોઇ ન જાણે, ચીદ શક્તિ તે સરસ્વતી;
હસ્ત ત્રીસૂળ મહાકાળી, આવી કરતી અસ્તુતી. ૨

ભગવતી ભવાંની મોહમાયા, અતુલીત બળ કરે વિનંતી;
હું દાસી તમારી કહો સ્વામી, કારજ કરૂં જેવી મતી. ૩
અકળ અરૂપી આધ્ય સ્વામી, તારો પાર તે હું નવ લહુ;
બુદ્ધિ ન પહોંચે માહરી, તો વર્ણવ કેઈ પેરે કહું. ૪
અનંત જુગ એમ વહી ગયા, વિનંતી કરતાં ઇશ્વરી;
પછે અલેખમાંથી ઓચર્યા, જાવો કરો મંડાણ આદરી. ૫
ઇશ્વરી એવું સાંભળી, કાંઈ પુરૂપ ઉપજાડીયા;
મુસ્તક ઉપર હાથ મેલી, ભશ્મકરી રંજાડીયા. ૬
ઉપજાડતાં સંહારતાં, વહીગયા દીન અગણીત;
એકલી ખેલે આપ અબળા, મન માને નહીં ચિત્ત. ૭
પુરૂપ જે પેદા કરે, તે માત જાણી નવ વરે;
ક્રોધ કરી શબ્દ ઊઠાડે, તરત તે પહલે કરે. ૮
પ્રાક્રમ તે પ્રકૃતી કેરાં, કોઇ જીવન શકે કળી,
ઊંચો ચઢાવી નીચો પાડે, રમે રમાડે એકલી. ૯
કલોલ કરે એમ ઇશ્વરી, વચન સંભાળી ભવાનીએ;
ત્રણ પુરૂપ ત્યાં જન્મીયા, ઇશ્વરીએ એક તાલીએ. ૧૦
ત્રણ પુરૂપને કહે ભવાની, વરો મુજને દેવ;
દેવે કહ્યું તમે કોણ છો, અમો ન જાણું તમ ભેવ. ૧૧
અમો કયાંથી આવીયા, તે કહો અમને વાત;
કોણ સ્થાનક છે તમારૂં, કોણ તમારી જાત. ૧૨
મારા અંગથી તમો પ્રગટયા, મારૂ સ્થાનક બ્રહ્મ સુદન;
એમ ઈચ્છા તમને વરયા કેરી, માનો તમે વચંન. ૧૩
પછી બ્રહ્મા વિષ્ણુ બોલીયા, તું છે અમારી માત;
અમો તમને કેમ વરીએ, બહુકર્મ થાય ઊતપાત. ૧૪

પછી આધ શક્તી કોપીયાં, જાઓ પ્રલે થાઓ તમ દેહ;
બળીને ભસ્મે થયા. પ્રાક્રમી મોટા જેહ. ૧૫
પછી શીવને શક્તિ કહે, તમે વરો જોગેશ્વર રાય;
નહીતો જેવા બેને બાળ્યા, તેવા હાલ તમારા થાય. ૧૬
શીવ કહે શક્તિ સાંભળો, બે ભ્રાત રાખોડી થયા;
કરો તેને જીવતા તો, તમને વરીયે ઊમીયા. ૧૭
અમૃત ઇશ્વરીએ છાંટયું, પછી ઉઠીને ઉભા થયા;
ત્રણ સ્વરૂપે થયાં તે. પછી ત્રણ વરી સ્થાનક ગયા. ૧૮
એ ગુણ તણો વિસ્તાર કરતાં, આવી પોહચે વિશ્રામને;
રવિદાસ કહે જો સમજ સમજો તો, સેવો સતગુરૂ શ્યામને. ૧૯

સાખી.

આદ ભવાની ત્રણ પુરૂપ, તેના કરતા નીરંજન જાણ;
પાંચે મળી રવિદાસ કહે, રચીયુ તે સર્વ બ્રહ્માંડ. ૧૯

કડવુ ૬ ચોપાઇ.

:કૃતિ પુરૂપ મીલ ઇંડ ઊપાયોજી, અંબુ માંહીં ઇંડ તરાયોજી;
પાભ જમી અદ્દભુત રચાયોજી, ખાણ તણો પરવેશ કરાયોજી. ૧

ઢાળ.

ઈંડજ ઊદભીજ સ્વેદ્દ જરાયુજ, ચાર ખાણ વિસ્તાર;
ત્રણ ગુણ પંચ તત્વ મલી, કીધો સરવ પસાર. ૧
રાજસગુણ તો બ્રહ્મા કેરો, તાંમસી તે શીવ જાણ;
સત્વ ગુણતો વિશ્નુ કેરો, ત્રણ થકી મંડાણ. ૨
રક્ત પિત્તને નીળ ઊજવળ, શાંમ કહીએ રંગ;
પૃથ્વી તેજ આકાશ વાયુ અપ, પંચ તત્વ પરસંગ. ૩

પાંચ ભુત પ્રગટ કરી, માયા સહીત બ્રહ્મ પરવેશ;
નાદ બુંદ મલી સમા જુગતા, કીધા જુજવા વેશ. ૪
પ્રકૃતિ પુરૂષની જુક્તિ બનાવી, કર્યો લીલ વિહાર;
ચોરાશી લક્ષ જીવ પ્રગટાવી, માંહી આપે ખેલણ હાર. ૫
સિદ્ધ સાધક જોગી જતી, કીધા સન્યાસી સેવડા;
કાન ફુટા મલંગ બ્રાહ્મણ, ક્ષત્રી વૈશ્ય શુદ્ર તેહને ઘડયા. ૬
ચાર વર્ણના જુજવા મતા, તે બાંધ્યા દ્રષ્ટાંતે કરી;
ચાર વેદ પુરાણ કરીયા, એમ માયા સામાં પરવરી. ૭
માયા મલીન મહા સાંકળી, જુગમાં કર્યો પરવેશ;
સ્વર્ગ મૃત્યુ પાતાલ માહી, માયા તણો ઉપદેશ. ૮
મહા બળ માયા તણું, કળ્યું નવ જાએ એહ;
ચોદ લોક એકવીશ બ્રહ્માંડ, જોયામાં આવે તેહ. ૯
બાજી સહુ માયા તણી, અનંત મારગ ચાલીયા;
ધરમ કરમમાં ઘેરી રાખ્યા, અંતકાળે ઝાલીયા. ૧૦
માયા કેરો મરમ લહી, છેદન કરો જો કામને;
રવિદાસ કહે પંથ પાર પહોંચો, જો સેવો સતગુરૂ શ્યામને. ૧૧

સાખી.

માયા જુગમાં છે નટી, તેનો મરમ ન જાણે શેષ;
કહે રવિદાસ ગો જીતીયે, જો હોય સતગુરૂ ઉપદેશ. ૧૨

કડવુ ૭ ચોપાઈ.

જેને ભેટયા સતગુરૂસ્વામિજી, માયા ત્યાંથી પ્રલય પામીજી;
ઉત્પતી નાશ વેદના વામીજી, આંખ ઉઘડીને મટી ગઇ જામીજી. ૧

ઢાળ.

જામી મટીને ઘર જડયું, ધીરજ આણી જે નરે;
વાહુની રૂપ થયો શબ્દે, માયા તેહુને શું કરે. ૧
જેમ કમલ જલમાં રહે મળયું, તે સદા રહે ઉદાસ;
તેમ સંતને સંસારનો કંઇ, રતી ન બેસે પાસ; ૨
સંત લક્ષણ સાર કહીએ, જેહુને હાંણ કબહુ ન હોય;
અટકે નહી તે આડયમાં, મટી ગઇ મન દોય. ૩
અનુભવ જેહુને આવીયો, તેહુને કરમ દોષ લાગે નહીં;
જેણે માયા માંહી બ્રહ્મ ભાળયો, તે રૂપ અરૂપી છે સહી. ૪
જેમ હેમ ધરતીમાં રહે, પણ મેલુ ન થાયે તેહ;
તેમ સંત માયામાં રહે, પણ રમે દેહ વિદેહ. ૫
માયા બ્રહ્મનું રૂપ કહાડી, ખીર નીર જુદાં કરે;
વેદ વાયક એમ કહે, ધીમંત કોઇ મનમાં ધરે. ૬
વેદનો ભેદ જાણ્યા વિના, વેદ દેખાડે કર્મ;
શબ્દ સંચ શુભ લક્ષ વિના, મુરખ કરે અધર્મ. ૭
હરી નિગમથી ન્યારો રહે, માયા ન જાણે શુભ ધામને;
રવિદાસ કહે નીરાધાર દેખો, જો સેવો સતગુરૂ શ્યામને. ૮

દોહા.

બ્રહ્મ કેરો વાસ જ્યાં, તે નિગમ ન જાણે ઠામ;
સત ગુરૂ શબ્દે પામીયે, રવિદાસ પરમ, હી ધામ. ૯

કડવા ૮ ચોપાઇ.

હવે કહું પદ શીરોમણ સારજી, જેહુનો વેદ ન પામે પારજી;
સૃષ્ટી સઊનો તે કીરતારજી, જ્યાં નવ પોહોંચે વાણી પારજી. ૧

ઢાળ.

મન વાંણી પહોચે નહીં, એહવો છે બ્રહ્મ પ્રકાશ;
શીવ બ્રહ્માદીક ન જાણે કોઇ, લહે પરમ ઉદાશ. ૨
કામ ક્રોધ ને લોભ મોહ, માયા રહિત જેનાં મન;
આળસ આહાર નીંદ્રા નહીં, તેને સદા છે દરસન. ૩
અવગુણ મન આવે નહીં, જેને દ્રોહ નીંદા નહીં વાદ.
કલ્પના મનથી ટળે, તે જાણે વસ્તુ અગાધ. ૩
ઇરખા અંતસકરણ નહીં, જેણે છોડયો કુળ વેહેવાર;
કાળ કદી વ્યાપે નહીં, તે રહીત સુખ સંસાર. ૪
એવા સંત શિરોમણી, કહીએ કોટીમાં કોઈ એક;
બ્રહ્મ સ્વરૂપી થઈ રહ્યા, જેને દ્રઢ જ્ઞાન વિવેક. ૫
મહંત મહા પદને લહે, એવા મરજીવા થયા હોય;
કરતમ તેહને શું કરે, જે બ્રહ્મ પોતે સોય. ૬
દીઠું અણદીઠું કરે, દોડ સહુ ભાગી પડી;
ગુપ્ત રહે ગોસો નહી, તે ન જાણે વસ્તુ જડી. ૭
ગેબી ગુણ રહિત છે પણ, ઓળખ્યો તેહ ગુણે કરી;
અજોત જોયામાં નહીં, પણ સંતે જોયા દેહ ધરી. ૮
પ્રતી બીંબ સરવે બ્રહ્મનું, માંહી રમણહારો એક;
પાણી મધ્યે જેમ ચંદ્ર દીસે, તેમ વ્યાપક બ્રહ્મ અટેક. ૯
એવી જુગત છે જગદીશની, માહી ઠરી દેખો નિજ ઠામને.
રવિદાસ કહે સિદ્ધાંત સુજે, જો સેવો સતગુરૂ શ્યામને. ૧૦

સાખી.

સિદ્ધાંત મારગ સાર છે, પરતેક તેહ પરગટ;
કહે રવિદાસ વિકટ એવો, જેવી વિદ્યા નટ. ૧૧

કડવું ૯ ચોપાઇ.

સિદ્ધાંત કળા તે સિદ્ધ પહેચાણેજી,
તે સિદ્ધ ના આવે ગાણે વાણેજી:
સરવે વસ્તુ વિગતે જાણેજી,
ગગન મંડળમાં સુરતા તાણેજી. ૧

ઢાળ.

સુરત જેની સુન્યમાં, સદા રહે નીશદીન;
પ્રેમે પુરા પરપંચે દુરા, મન રહે મગન. ૧
તે સાર વસ્તુ ને ગ્રહે, અનરથ ને અડકે નહીં;
ઊદાશ મન હોય નિરમલુ, તે સિધ સાધક કહીયે સહી ૨
સમાધી અહો નીશ જેહને, સુરત ઊંચી સુન્યમાં;
અમૃત તે અહો નિશ પીવે, અખંડ બેસે ધુન્યમાં. ૩
અજ્ઞાન માન અંગથી ટળ્યું, જેને અહાર નીદ્રા નવ મળે;
સાહેબ સનમૂખ તેહને, જેની સુન્યમાં સુરતા વળે. ૪
દેહ દમન તે નવ કરે, નવ ફરે પૃથ્વી ફેર,
હથીયાર વિન હરખે કરી, મેવાશી કીધા જેર. ૫
નીર બંધ રહે નીત નેહ સાંચે, જપે અજંપા જાપ:
જેણે શબ્દ બ્રહ્મને ઓલખ્યો, તેનો ગયો સર્વ અદાપ. ૬
પ્રતક્ષ તેહનું પારખુ, તેનો શબ્દ ખાલી નવ પડે;
પંડ બ્રહ્માંડ પડે ટુટી, તોય વચન તેનું નવ ખડે. ૭
એ શબ્દે સૂરા જ્ઞાને પુરા, ભર્મ કર્મથી દુર;
ઊન મનીમાં ખેલ તેહના, સદા છે ભરપુર. ૮

મરમ કહું હવે તેહનો, સતગુરૂએ કહ્યો તેહ;
સિદ્ધાંત માંહી સમજીયે, ભઇ સાર વસ્તુ જેહ. ૯
મૂળ દ્વારા બાંધીએ, પવન ચઢે ગગંન;
નાદ બુંદ મળી એક થાયે, દેખે જોત રતંન. ૧૦
કરમ કપાટી ઊઘડે, જો આવે મુદ્રા ભેદ;
તો સહી બ્રહ્મ સ્વરૂપ પોતે, મરમ ન જાણે વેદ. ૧૧
ખેચરી ભુચરી ચાચરી, અગોચરી મુદ્રાય;
ઉનમુનિમાં એક કરે, તે સાચો સિદ્ધ કહેવાય. ૧૨
નીશાન એ નીરભે કહું, મુળ થકી મંડાણ;
પવન કેરો ભેદ છે, તે કહું સતગુરૂ શાંન. ૧૩
પવન દશ શરીર વિશે. કહું ઠેકાણા તેહનાં;
જોગેશ્વર કોઇ કોઇ જાણે, સાર લક્ષણ જેહનાં. ૧૪
પ્રાણ વાયુ હરદે રહે, ક્ષુધા પીપાશાને ગ્રહે;
અપાન રહે મુળ દ્વારમાં, મલ વિસર્ગ તે લહે. ૧૫
સાંમાન રહે નાભી વિષે, પોષણ રૂપજ તે કરે;
ઉદાન વાયુ કંઠે રહે, કંઠ અન્ન લય તે કરે. ૧૬
વ્યાન સર્વ દેહી વિષે, બળવંત સર્વ થકો કહ્યો;
અષ્ટ અંગ વરતે વ્યાન વાયુ, બળવંત કોઇ સંતે લહ્યો. ૧૭
પંચ વાયુ પ્રાણાદીક છે, પ્રગટ કરી કહ્યા નામ;
પ્રતક્ષ વાયુ આ દેહમાં, તેથી ન્યારૂ ધામ. ૧૮
નાગ વાયુ ગ્રાંણે રહે, ગ્રહાણ સક નાગજ ગ્રહે;
કુર્મ વાયુ ચક્ષ વશે, તે સાનમે સમજે રહે. ૧૯
કૃકલ વાયુ ત્વચા વિષે રહે, કહું વકારણ તેહ;
ઊષ્મશીત તે વાયુ જાણે, ત્વચાયે રહે છે જેહ. ૨૦

દેવદત્ત મુખમાં વસે, આળસ બગાઈ ઉલ્લસે;
કરણ વિષે રહે ધનંજય, શબ્દ ગ્રહેને ઉલ્લશે. ૨૧
ક્ષણ માત્ર શુન્ય સમે નહિ, ધનંજય તેહનું નામ;
નાગાદી પંચે કહ્યાં, પણ તેથી ન્યારૂ ધામ. ૨૨
દશ વાયુ પ્રગટ કહ્યાં, ઘટ ભીતર તેનો વાસ;
સહેજે બાંધે તેહને, તે પુરણ જોગ પ્રકાશ. ૨૩
વાયુ સકલને જીતીયો, જો રસ ઇંદ્રી વશ થાય;
તન ધન વિદ્યા જ્ઞાન જ્યારે, માંહી સઊ મળી જાય. ૨૪
હવે કહું દ્વાદસ દ્વારમાંહી, પ્રતક્ષ પંડમાં જાણ;
ઊરધ સાત ધે અથર છે, સંત લહે પહેચાણ. ૨૫
કરમ કાળ કહીએ જ્યાંહાં, મન ક્રીડા ત્યાં કરે;
ઊત્પતિ લહે પોવસણ, દ્વારે, જોગેશ્વર જાણે સરે. ૨૬
બીજ દ્વારે તન ઉપન્યો, નાભી ગ્રહે રસ અંત્ર;
ગગન દ્વારે મન સમે, પછે દેખે સળંગ સુત્ર. ૨૭
દશમું દ્વાર ઊમત્ત તણું, દસમું તે નાભી સહી,
માત ઉદરે આહાર કરતો, એકાદસમું તે શહી. ૨૮
દ્વાદશ અમૃત તે મન, ગુપ્ત વરતે ગગંન;
સોળ કળા સશી શીવ વસે, ત્યાં નહી પાપંન પુન્ય. ૨૯
મન લય પામે જ્યાં, પરમ પદ ત્યાં જોય;
ઊમત્ત લે એ સૂન્ય ઘર, દુબ્ધા દલથી ખોય. ૩૦
સુન્ય દ્વાર વિષે રહેતે, ગુરૂ ભેદ જે પામીઓ;
ગુરૂ વિના ઉપાય કરે કોટીક, અલેખન જાયે આવીયો. ૩૧
હવે કહું નીરભે કરી, નાડી તણા જે ભેદ;
નીશાન છે જે બ્રહ્મનું, તેણે થાય કરમ ઊપછેદ. ૩૨

સત કોટી લગી સ્વતંતર, ભુત વિશે જેહ વસે;
નાના નાડ તણું જે સ્થાનક, મુખ્ય પ્રધાન દસમું વસે. ૩૩
સ્થાનક તેહનાં જુજવાં, વરતે આપ આપણે સ્થાન;
ઇંગળા પીંગળા સુખમણ, ઉર્ધ્વ મારગ ચાલે જાણ. ૩૪
ગંગા જુમના સરસ્વતી, ત્રીકુટી એ તેહનો ઠામ;
દ્વે પ્રગડ એક ગુપ્ત રહે છે, ત્રવેણીમાં રહી દેખીયે ધામ. ૩૫
ઇંગળા પીંગળા જહાં કહીયે, તપ લોક પરીયે તે લહે;
બ્રહ્મા રૂદ્ર અમૃત શીવ શષી, સતલોક સુખમણા સંત તે લહે ૩૬
ગંધારી જીવ્હા હસ્તની, તે ચાલી ત્રપેપેમુલ ભણી;
ગંધારી જીવ્હા બેઉ જાણ્યા, સપ્ત પાતાળે અણી. ૩૭
હસ્તની તે મુખમાં વસે, અસંખમાં નન જ્યાં;
દક્ષણા ગસી વસી માસીતા, મહા પુરૂષે એમલયા. ૩૮
કુચ સાંખ સનીસર, એહેની વામ ભાગે તેહ;
દસમું મુખ્ય પ્રધાન કહીયે, નાડી સ્થાનક એહ. ૩૯
નાડી દેહમાં અસંખ્ય રહે. સુખમણા નાડી અતી ઘણી;
બોહેતેર સહસ્ત્ર બરદ બાકી, મહા પુરૂષે પ્રીછી ઘણી. ૪૦
મહા જોગી જુગત જાણે, પંડની ખોજ જેણે કરી;
સાધન કરીને સંત વીરલા, જે નર જીવત ગયા મરી. ૪૧
બ્રહ્મરૂપ તે પ્રાપ્ત થાયે, એવી ગીતા જાણજો;
પરીબ્રહ્મ કેરૂ રૂપ કહું, મરમ લહીને માણજો. ૪૨
જથારથ જેવું લહ્યું, સાંભળો કહું પ્રગટ કરી;
પરીબ્રહ્મ પોતે થાય નીરભે, જે સાંભળે એક મનધરી. ૪૩
વેદ સુષમ જહાં રહે, ટાળ્યો નહીં કબહુ ટળે;
નામ જેહનું નીરંતર, તે અસ્થીત સંગે નહીં મળે. ૪૪

વેદતો તેહને કહીયે, જેહનું કોઈ ન જાણે ઠામ;
સ્વરૂપ વિષે મન રહ્યું, વેદ એવું ધામ. ૪૫
બ્રહ્મ વિદ્યા ધરે જે કોઈ, વીપ્ર પંડીત વાદી વેદ;
બ્રહ્મ વિદ્યા ધરી ત્યારે જાણીયે, જ્યારે કરમ થાય ઊછેદ. ૪૬
હું તું ભર્મને કાળ નાંહી, તે નીરલીંગી નીરાકાર;
પરમ ધામ સદા અવિ છીન્ન સેજે હોવે પાર. ૪૭
જીતે ઇંદ્રીય સમદ્રષ્ટ જેહને, બ્રહ્મ વિદ્યાનો ભાવ;
પ્રાણી માત્ર માથે સમ પ્રીતી, જે એલે નીરદાવ. ૪૮
ચૌદ વિદ્યા સઝા કહી, તે સંત ન ઝાલે હાથ;
ધ્યાન ત્યાં જપ છે નહીં, જ્યાં રહે નિરગુણ નાથ. ૪૯
ધ્યાન ધારણ જેહ કહીયે, ત્યાં નહીં અંતને આદ્ય;
સહેજ ઘર જેને જડ્યું, ત્યાં નહીં કાંઇ ઉપાદ્ય. ૫૦
નિરાકાર નિરાલંબ જેહ, સમઝા થકી પરસોય;
પરી બ્રહ્મથી નીરાકાર નિરાલંબ જેહ,
મહા પુરૂષ ગ્રહી રહ્યા જોય. ૫૧
સેજ સુન્ય ઘર અકળ અખંડીત, ધ્યાન વરજીત વ્રૂહે મંડ;
પરમ જોત જ્યાં સકળ પ્રકાસા, માયા નહીં ત્યાં મંડ. ૫૨
ઉષ્ન શીતને પંચતત્વ, ગુણ ત્રણે નહીં સંચ;
કરમ કાળને ત્યાં ગમ નહીં, સાંસો ન આણીસ રંચ. ૫૩
ત્રણ કાળ સમાય જહાં, તેનુ રૂપ કળે નહીં કોય;
અનાદી અવિનાસી રહે ત્યાં, સમજી રહે સંત સોય. ૫૪
પરાતપર પરી બ્રહ્મ કહીયે, ખર અક્ષર કારણ તહાં;
દરસન કરો દરદ સબ જાયે, ક્ષરથી ન્યારો રહે જહાં. ૫૫

વ્યાપક રૂપ છે સર્વમાં, નિરંતર જો નીરધાર;
મહા બીંબ નીરખ નીશદિન, તેજ પુંજ ઝાતકાર. ૫૬
અનીર વચની જેહ કહીયે, બાહ્યર ભીંતરતે ભર્યો:
ચપળ ચળકતું દેખી તેહનું, એવો રસ અચવ્યો નર્યો. ૫૭
માહા કાન્તી તેહતણી, રૂદે તે સ્ફટીક મણી;
દિવસ રાત્રી નહીં જહાં, ચંદ સુરજ ગત નહીં બણી. ૫૮
પ્રતક્ષ આકાશ કોઈ નવલહે, જ્યાં નાદ બુંદ સમાય;
સ્થુલ સુક્ષમ વરણ જ્યાં નહીં, માહારે લક્ષ ત્યાં સદાય. ૫૯
માણસ નહીં તે દેવ નહીં. એહવો અછેદ અભેદ;
કરે કરીને એવો ન જાય, સતગુરૂ કાપે કેદ. ૬૦
જેમ ગુંગો સાકર આપે રીઝે, કહેવા સરખી વસ્તુ નથી;
સિદ્ધાંત વાણી મહાપુરૂષ જાણે, વસ્તુ ભોગ ન હોય કથી. ૬૧
નિગમ તણી પેરે થઈ રહે, હેમ ગળ્યાની ખબર નવ કહે;
વસ્તુ ભોગ લાગી ત્યારે સહી, જ્યારે ઉપરાજણ સઘળું દહે. ૬૨
કથણી વદણી કરસકે, કહેસે સુણસે જે માહી કહ્યું;
વસ્તુભોગ હશે જેહને, તેહેનું મૃગવત મન થઈ રહ્યું. ૬૩
મન ઇંદ્રી એક ઠામ સ્થીર રહે, ઉરંગ રેતા તેહનું નામ;
અંતસકરણ અવિદ્યા નહીં, રાગ દ્વેષ રહીત કામ. ૬૪
એહવા અમર નામને ઓળખે, તે શું કરે નર દામને;
રવિદાસ કહે સત નામ જાણો, જો સેવો સતગુરૂ શ્યામને. ૬૫

સાખી.

મરમ લહે જે પદ તણો, સો પામે વસ્તુ સાર;
કહે રવિદાસ સતગુરૂ મલે, તો પલક ન લાગે વાર.

કડવું ૧૦ ચોપાઇ.

સતગુરૂ શબ્દે શોઉ ફળ પામેજી,
જેહ વસ્તુ અલોકીક ન મળે દામેજી;
સાજ ન પહોંચે તરી અખંડ ધામેજી.
જેહનાં સુખ દુઃખ પ્રલે પામેજી.

ઢાળ.

સુખ દુઃખ પ્રલે થયાં, જેને મળ્યા સતગુરૂ દેવ;
ભેદ બતાવ્યો બ્રહ્મનો, સાચી કરતાં સેવ. ૧
ત્રણ માસને સાત દીન, જપે અજંપા જાપ;
માંહી રામ નામનો બીજ રોપે, તો પ્રગટ ઉઠે આપ. ૨
સત ગુરૂએ સમજાવીઓ, આપ્યો પુરણ ભેવ;
પ્રાપ્ત હોય તો પામીયે, તેમાં ટળે મન અહમેવ. ૩
આહં સોહં ના બીચમાં રોપીયે, રામ નામનાં બીજ;
ધુન્ય ઉપજે સુન્યમાં, હોય સકળ કારજ સીજ; ૪
પછી ખેપ કરવી નહીં પડે, ભવ તણી ભાવટ જાય;
લેવા દેવા નવ રહ્યું, સો લાલમેં લય થાય. ૫
એવી જુગત છે જગદિશની, કોઈ લહે સંત સુજાણ;
સંસાર તેહેને શું કરે, જો થાય જાણ અજાણ. ૬
બીજ એ અક્ષર તણો, મહીમા કવીજન શું કહે;
પુરણ બ્રહ્મ થઇને રહે, એક રામનું નામજ લહે. ૭
નામ જે નર ઓલખે, સો નવ આવે યોની વિષે;
જમ તણો ભય નહી તેને, વસ્તુ માંહી સમે શખે. ૮
નામ નંગ જેને આવીયું, તે શું કરે નર દામને;
રવિદાસ કહે સત શબ્દ જાણો, જો સેવો સતગુરૂ શ્યામને. ૯

સાખી.

નામ તણો મહીમા ઘણો, ચઢે નામ કે નાવ;
કહે રવિદાસ સાગર તરે, જીત લીયો જુગ દાવ. ૧૦

કડવું ૧૧ ચોપાઇ.

નામ પ્રતીતે ઉતરે પારજી, નામ પ્રતીતે પથર તરાયજી;
નામજ નીરભે સાચું નાણુંજી. નામ વિના સર્વે ખોટું ગાણુંજી;
નામ વિના છે સૌ કરતુતજી, નામ ન લે તે ભામર ભુતજી.

દ.ળ.

નામ છે જે રામનું, અહોનિશ જપીએ મુખ;
જેને પારાયણ પરિબ્રહ્મનું, તેને જમ ન દેવે દુઃખ. ૧
દુઃખ સુખ ભાગી ગયાં, રસનાએ જેને રામ;
ફરી ફેરો નહીં તેને, પહોંચે અખંડ ધામ. ૨
રામ રંગ માંહી ઓળખ્યો, ભાઇ ટાળી કુળ વેહવાર;
વિશ્વાસ રાખીએ હરી ભણી, જમ દુઃખ ન દેવે લગાર. ૩
કોઈ કરે જોગ સાધના, કરે તપ દાન અપાર;
એક રામ કેરા નામ વિણ, કબહુ નહીં આધાર. ૪
કોઈ નાહી ધોઇ ખટ કર્મ કરે, બહુ ધરે મન આચાર;
એક રામ કેરા નામ વિણ, કબહુ ન આવે પાર. ૫
જોગી જંગમ શેવડા, વળી શેખને દરવેશ;
બ્રાહ્મણ ખટ દરશન જપે, પણ નામ વિણ ઊપદેશ ૬
ખટે દરસન ખટપટે, પણ નામ મહીમા નવ લહે;
ફોગટ ફેરો તેહને, જે પુર વહેતામાં વહે. ૭
મત આપ આપણા ઝાલીઆ, પણ મુળ વસ્તુ નવ મળી;
ભુલ પડી ગઈ બ્રહ્મમાં, પણ બીજકો ન શકયા કળી. ૮

સ્થાન આપણું ભુલીઓ, કળા નવ લહી કીરતારની;
અંજસમાં થયા આંધળા, બાહારી નવ જડી દ્વારની. ૯
માયા કેરા ફંદમાં, ભાઈ નામ માત્મ નવ જડયો;
ભાર ચડીયો બહુ માથે, મારગ અધવચમાં ખડયો. ૧૦
નિર દોષ થાઓ નર અભાગી, ભુલી જાઓ સઉ ભાંમને;
રવિદાસ કહે નિરાલંબ જાણો, સેવો સતગુરૂ શ્યામને. ૧૧

સાખી.

નામ મહાતમ સાર છે, સત સંગે તે પામીયે,
રવિદાસ કહે સતરામ મળે, માન ગાળી માથું નામીયે.

કડવુ ૧૨ ચોપાઈ.

રામ નામ પામે સંત પ્રતાપેજી,
અસ્થીર મનને સ્થીર કરી સ્થાપેજી;
કોટી કરમ તે પલમાં કાપેજી,
કાળ ન ઝંપે કામ ન વ્યાપેજી. ૧

ઢાળ.

કામ ન વ્યાપે સંત સંગે, રામ રંગે જેનું મન વસ્યું;
જેહુને સ્નેહ લાગી સંતસે, તેનું મન ન જાયે કંઇ ધસ્યું. ૨
સંત સંગત સાર છે, ભઇ પાર આવે તરત;
રામ સું મન લીન્ન થાયે, જો હોય સંત સાથે રત ૩
સંતશતગુરૂ એક જાણી, માન ગાળી કીજે સેવ;
તીરથ વરત કર્યે હરી નવ મળે, એતો સંત પરગટ દેવ. ૪

પરીક્ષીતને સ્રાપ્યો રૂષિયે, ખાજો નાગ દહાડે સાતમે;
સુખ દેવે સમાધાન કરીને, પાર ઉતાર્યો એક વાતમે. ૫
પાંચ વરસનો બાળકો, ચાલ્યો વંન મોઝાર;
નારદે એક મંત્ર આપ્યો, તરત મળ્યા મોરાર. ૬
અનીદ્રમાં એક રડે ડોસી, અમુલા તેનું નામ;
રાત મધ્ય ગઇ જામની, મનીને કહ્યો મરમ. ૭
મની કહે મારાં બાળકાં, મરી જાશે માત;
અમુલા કહે નહીં મરે પણ, જાઓ સાંભળી વાત. ૮
રાજા પ્રભાતે ઉઠીયો, ગયો પ્રજાપતને મંદીર;
નીમા મહીંથી બાળક ચાલ્યાં, રાજાને આવી ધીર. ૯
પ્રહેલાદ પારજ ઉતર્યો, સાંભળી સંતનું જ્ઞાન;
પ્રભુ સાથે પ્રીત બાંધી, મટી ગયું અભિમાન. ૧૦
મોહોટો મહીમા સંત સંગત, કોઇ લહે વિરલાદાસ;
પારસ સરખો કેર પારસ, જો મન આવે વિશ્વાસ. ૧૧
સંત બોલે અટપટુ, અટપટો ખેલે ખેલ;
રીત આવે સંતની તો, રતી ન રહે મેલ. ૧૨
ચટકો લાગે સંતનો તો, કબહુ ન ખાવે ફેર;
જ્ઞાન દીપ દીયો હાથમાં, સન્મુખ સામજ ઘેર. ૧૩
ભટકણ સહુ ભાંગી પડી, જેહેને ઘેર સરવે વસ્ત.
ખુમારી નવ ઊતરે, હુરીરંગમાં રહે મસ્ત. ૧૪
જુવો વિચારી વાત સાચી, ટાળી જુઓ ચક્ષ ચાંમને;
રવિદાસ કારજ તોજ સીજે, જો સેવો સતગુરૂ શ્યામને. ૧૫

साખी.

ભક્ત ભગવંત એક છે, દુતીય નહીં લગાર;
હવે અધ્યાતમ અદ્વૈતગત, રવિ સળંગ સુત્ર વિચાર. ૧૬
રસાત્મીક રૂપ વર્ણવ્યું, ગિતા પુરે સાખ;
વેદાંત વાત વિચારીને, રવિદાસ સોરસ ચાખ. ૧૮

કડવું ૧૩ ચોપાઇ.

હવે કહું ઘટ મઠ પટ નિરંતર ભેદજી;
તેના સાક્ષી ગીતા ભાગવત વેદજી;
સંતો સાંભળો રસની વાતજી;
જેહ દીસે તે રસ સાક્ષાતજી;
હું તે કહું સઘળી રસની વાતજી;
શું કહું તુજને ઝાલી હાથજી. ૧

ઢાળ.

હાથ ઝાલી શું કહું તુજને, એ તો બ્રહ્મરસ વિલસી રહ્યો;
સકળ રસ તે રૂપનાં, એમ ગીતામાં ગોવિંદે કહ્યો. ૨
રસ વિના નહીં ઠામ ઠાલો, સકળ વસ્તુ છે ખરી;
વિશ્વ મારગ રૂપ જાણો, જેમ પય મધુરતા પરવરી. ૩
રસનું ઘટ જેમ રસે ભર્યું, તેને સાગર માંહી લઇ ધર્યું;
તેમ પંડ બ્રહ્માંડ રસ રૂપનાં, તેને બાહેર ભીંતર રસ ભર્યું. ૪
રસનાં પુતળાં રસે ભર્યાં, તેનું રમણ રસમાં જાણજો;
આદ્ય અંત્ય સ્વરૂપ સર્વે, મધ્ય સંસયમાં આણજો. ૫
રવિદાસ કહે રસરામ સરવે, વિશ્વમાં વિલસી રહ્યા;
માંન્ય સાચું વેદ વાણી, ઊપનીષદમાં એમ કહ્યો. ૬

સાખી.

અદ્રૈત રસ અંબાર છે, બ્રહ્મ રહ્યો ભરપુર;
રવિદાસ નામ ટળી ગયું, રહ્યું તે નુર હજુર. ૭
પરા પસ્યંતી મધ્યમાં, તેહનું કહું મુળ મંડાણ,
બોલે તે બીજો નહીં, વૈખરી વચન પરમાણ. ૮

કડવું ૧૪ ચોપાઇ.

સંતો સાંભળો રસની વાણીજી, મન વચ કાયા જેને પરમાણીજી;
જાણણહારે જેણ કરી જાણીજી, શ્રુતી સમૃતી વેદ વખાણીજી. ૧

ઢાળ.

વેદ વખાણીને વાણી ચાલી, તે તો પરાપારે પરવરી;
જેમ ભોમ માંહી બીજ છે, અંકુર આવે નીસરી. ૨
પરામાં અંકુર એ તો, ખબર નહીં હુતી ખરી;
પસ્યંતીયે પરમાણ કીધું, સુરનભ શાખા નીસરી. ૩
વીસ્તાર વાધ્યો મધ્યમાંએ, ત્યાં ઘડી બેસાર્યો ઘાટ;
વિગત વાધી વૈખરી, પછી ગીરા ગુણ બહુ ઠાઠ. ૪
જેમ ભોમ ભેદી નીસરી, તેહનું બીજ તરાવર પરવરે;
આદ્ય અનુભવ જે હતો, તરૂ બીજ શાખાએ નીસરે. ૫
એમ પરાપારે પ્રીછવું, તેની શાખ બોલે વૈખરી;
વૈખરી વોહોણી વેદ ગીતા, કોણે કોણે ઓચરી. ૬
પ્રણવ મંત્ર ગુણ ગાય ગાયત્રી, નાદ બુંદ બહુ બુજ;
વૈખરી કહેશે વાત સરવે, સાખી વણ નહીં સુજ. ૭
વૈખરી વોહોણી શૂન્ય સરવે, કોણ કહે ખોટી ખરી;
વાણી વાર વસ્તુ દીસે જો, જુવે નર પાછો ફરી. ૮

અવાજ અલગો સઊથકી, બોલી વહોણુા બોબડો,
રવીદાસ કહે મન વાણીવાળા, ધરી મહાતમ પરવરે. ૯

સાખી.

ચાર અવસ્થા ચાર દેહ, મહી ત્રીગુણનો વિસ્તાર,
રવિદાસ કહે રસમાંહી સરવ છે, જો પ્રીછે બોલન હાર. ૧૦

કડવું ૧૫ ચોપાઈ.

મનનું મનતે મન નહીં જાણેજી;
બોધ બુદ્ધિકેરો બોધ ન માનેજી;
વાકયમાં ન આવે તેને શું વખાણેજી;
બોલન હારો રવે પરમાણેજી. ૧

ઢાળ.

નિરવાણ વાણી બુદ્ધિ ધારા, ધરી મહાતમ પરવરે;
શોધ કરી શોધે ત્યારે, તેનો ગવારો નિસરે. ૨
તે ભાસ ચૈતન્ય જીવ વ્યાપક, ત્રય દિશામાં પ્રવેશ;
હુરદે કંઠ નેત્રધારા, દેશ તેવો વેશ. ૩
જેમ રાય સભામાં પરવર્યો, તેને સંગે સન્યા જોગ;
વિશે ઈંદ્રી દેવ મળી, વિશ્વ ભોગવે ભોગ. ૪
જેમ રાય પાછો પરવરીને, આવે પોતાને અવાસ;
તેમ નેત્ર સંપુટ ભીડતાં, તે કરે કંઠ નિવાસ. ૫
ત્યાં ભોગ સૂક્ષમ ભોગવે, તૈજસ ત્યાં મહારાજ;
સુપન માંહા સંચ એવો, રજો ગુણનો રાજ. ૬
જેમ રાય પલંગે પહોડિયો તે કરે નિદ્રા જોગ;
સુષુપ્તિ તમ સંમતાં, લહે તેનો ભોગ. ૭

ભોગ સંપ્રાજ્ઞ ભોગવે, તમો ગુણ છે તેહી સ્થાન;
ત્રિગુણ વૃત્તિ બુદ્ધિ ધારા, તુરિયા મેલે તાન. ૮
જ્યારે રાય ચૈતન જાગીયો, જેહ અનુભવ્યું નિજ અંગ;
પરીજન સેન્યા મહોલ આદે, અંગથી અતલિંગ. ૯
તેમ તુરિયાદી વપુ એ ચાર માંહી, અલ્પ આતમ અંગ;
પ્રેરીક પ્રકાશીક સાતણો, તે આદ્ય અંત અભંગ. ૧૦
રવિદાસ કહે સદેવ સરખો, પ્રપંચ પહેલો નાથ;
આદ અંતે સાધ્ય સમતા, રમે મધ્ય રઘુનાથ. ૧૧

સાખી.

આદ્ય અંત મધ્ય રમી રહ્યા, પોતે તે પુરણ બ્રહ્મ;
રવિદાસ કહે રામ સકળ વ્યાપક, સુણો મૂળગો મર્મ. ૧૨

કડવું ૧૬ ચોપાઈ.

તનની તનતા તે ભિન્ન કીજેજી.
મનનું મનતે ભિન્ન કરી લીજેજી;
જાણનહારો જેણે જીવીજેજી;
તનમય તન થઇ તે રસ પીજેજી.

ઢાળ.

તનમય થઇ રસ પીજીયે, વળી ન જોઇએ વાચ;
અજ્ઞાન તમ ઉડી ગયું, ઉગ્યો તે સુરજ સાચ. ૨
જ્યારે સાચ સૂરજ ઊગીયો, ત્રીગુણ તુરિયાતીત;
ચિત્ત સચ્ચિદાનંદ માંહી, નહીં પરા પરતીત. ૩
પરદેશમાં જેમ દેશ ન દિસે, તેમ રવિ તે તમનો ત્યાગ;
પુનરપી જન્મ નહીં તેહેને, જ્ઞાનરવિ ત્યાં જાગ. ૪

જ્ઞાનરવિ પ્રકાશ વિણ, નહીં અંધારૂં ઉલેચાય;
નિજ બોધ અનુભવ પ્રગટીઓ, ત્યારે ગયો તમ સમુદાય. ૫
છીપમાં કેમ સંભવે, રજતમ નહીં ત્રિકાળ,
મુક્તા હાસ વાદ માંડી, વૃથા માંહી બાળ. ૬
તે શાસ્ત્ર હીંડે શોધતા, રમે તે રજની માંય;
રવિદાસ કહે નિજ બોધ પદમાં, રવિરજની ત્યાં નાંય. ૭

સાખી.

રવિ રજની ત્યાં નહીં, નહીં ધરતી આકાશ;
રવિદાસ કહે પરીબ્રહ્મ પૂરણ, વસ્યો વ્યોમ આકાશ. ૮

કડવું ૧૭ ચોપાઇ.

આળસ મેલી ઊદ્યમ કીજેજી,
આપ સમેટીને આપ માંહી લીજેજી;
જન્મ કૃતારથ કરીને લીજેજી,
અંતર ઉતરીને નિજ રસ પીજેજી. ૧

ઢાળ.

નિજ નાથ નિશ્ચ્ય છે મૂળ સઉનો, તમે જોજો જન પાછા ફરી,
ચિત ચિદાનંદ માંહી મૂક્યી, તે વળ નહીં ઊલટે વરી. ૨
જેમ પતંગ દીપે સિંધુ સરિતા, નીસરે નવ નીર;
તેમ સિંધુ સચ્ચિદાનંદ માંહીથી, વળે ન પાછા વીર. ૩
તેથી વ્રત હીણા વળે પાછા, શિરગુણી શિવ જાણ;
શ્રેષ્ટ જો બ્રહ્મ વિધ માંહીં, તાથે નહીં જામે વાણ. ૪
લવ મેષ અરધ એ રસથી, નિસરે નહીં બહાર;
શુક સનકાદિક એમ રહયા, રસ રૂપના અવતાર. ૫

એક શંકરાચાર્યજ શુધ્ધ કહ્યું, અપરોક્ષમાં ઊપદેશ;
નરવીર કોઈ નિદાન જાણે, બીજા વળી દેખાડે વેશ. ૬
વેશ દેખાડે વળી વળી, તે ધૃતહીણા વીર;
રસરૂપ થઈ રશ રામમાંહી, રતી ન લાગે ધીર. ૭
તેને જોરે કરી જેમ રાખીયે, તુમડાં તોય મોઝાર;
તેમ શૂરા ઘણા સંશય ભર્યા, ઉભકી આવે બહાર. ૮
રવિદાસ કહે સમજે ઘણા, બ્રહ્મ વારતાની વાટ;
અંતર સુખ નહીં અંતે, વણ મિથ્યા મનના ઘાટ. ૯

સાખી.

ભીંતર ઠીક ઠર્યા નહીં, આડો મન અંતરાય;
છાલી મુખ રવિદાસ કહે, કોલો કેમ સમાય. ૧૦

કડવું ૧૮ ચોપાઈ.

અંતર ગત અવિ ચિત થીર થાયજી;
દીપ ન ડોલે સ્થીર વણ વાયજી;
અન્ય ન ભાસે એક સઊ ભાયેજી;
આવૃણ ટળીયું નહીં અંતરાયજી. ૧

ઢાળ.

આવૃણ અંતર જયાં નહીં, પરિબ્રહ્મ પાધરૂં ધામ;
શાસ્ત્રનું શું કામ જ્યારે, સઘળે સરખો રામ. ૨
અંતરપટ જ્યારે ઊઘડે, એકઠાં ફુટે ઇંડ;
નિજ પોત દીસે પાધરૂં, પ્રગટ રૂપ પ્રચંડ. ૩
અંધકાર સઘળું આથમ્યું, થયો અર્કનો ઊદ્યોત;
સાધન સરવે સમી ગયાં, પ્રગટી બ્રહ્મમય જયોત. ૪

ગિરી શીખર જેમ ગગન માંહી, નહીં દૂર જાતાં દેખાય;
બ્રહ્માંડ એમ બ્રહ્મભાવ માંહી, આખર જઈ અલપાય. ૫
જ્યારે દૃષ્ટાદૃષ્ટથી વેગળો, ત્યારે કોનાં ગાઇયે ગીત;
વ્યોમમાં કોઇ વાટ બાંધે, કહો કયાંની રીત. ૬
એમ દેહ દરશન વિસરે, તેને વિદેહીથો વહેવાર;
તેને દ્રષ્ઠ ઓરૂધામ સરવે, સરખો ગગન આકાર. ૭
એમ ગેબ થયા નર ગગન માંહી, જેમ ધૂપે સમરસ રૂપ;
રવિદાસ કહે રસ રામ માંહી, બોલે થઈ રસરૂપ. ૮

સાખી.

અનભય પદ જે અનુભવે, વણુસંવાદે સંવાદ;
રવિદાસ રસમાં રસ બસે, ત્યાં નહીં નિંદાવાદ. ૯

કડવું ૧૯ ચોપાઇ.

વળી વખાણુેા રસની રસમાંયજી;
કોઇ ન જાણે સુખની સીમાયજી;
અનંત અનાદિ પૂરણ બ્રહ્મ રાયજી;
વેવશૂન્ય વસ્તીવત રીકવ્યો માંયજી; ૧

ઢાળ.

વ્યોમ વસુધા વાય વણ, કોય નહીં આકાર;
શુદ્ધ સિંધુ પ્રકાશ પૂરણ, નહીં પારાવાર. ૨
નાદ બુંદ અરક ઇંદુ, નહીં વાદ વાણી વેદ;
ધરણ ધીરણ નહીં ત્યાં, કરણ કરીયા ભેદ. ૩
રાગ છંદને ગીત કવીત, જીવ શિવ નહીં જગજાળ;
ત્રય તાપ થાપ ઉથાપ નહીં, ધરમ કરમ નહીં કાળ. ૪

નિજ બોધસિંધુ સુભરે ભર્યો, નિરાલંબ નિજધામ;
દિગપાળ દશ ભિન્ન ભેદ વરજીત, નહીં હુમ તમ હામ. ૫
બ્રહ્માંડ પંડન લિંગ લખતાં, ભેખ ટેક ન ભાર;
રવિદાસ કહે વણપાર પુરણ, સિંધુ શોભા સાર. ૬

સાખી.

નિરગુણ દરીયા ભરી રહ્યા, વાર પાર નહીં કોય;
રવિદાસ બ્રહ્મ સમુદ્રમાં, પેઠત બ્રહ્મ મય હોય. ૭

કડવું ૨૦ ચોપાઇ.

શબ્દ વિચારે અરથ ન દેખેજી;
શબ્દથી અરથ ભિન્ન ન પેખેજી;
રસ સ્વાદમાં રૂસલ રીઝેજી;
વાચ્ય વિલાસે મગન મન ભાજેજી. ૧

ઢાળ.

વાચ્ય અરથમાં ઝીલતાં, તે કરે વિવિધ વિલાસ;
રસ સ્વાદ માંહીં રસ બશે, પણ લહે ન લક્ષ લે પાસ. ૨
અરથ કોઇ એક કરી શકે, દીયે વાચ્યમાં વહાય;
એળે ગઇ અવ ધાતતી, જેમ તાંદુલ તુસમે જાય. ૩
તાંદુલ તુસ કોઇ ભિન્ન કરે, જે ઝટકે અટકત નાહીં;
ફોફાં ફોગટ ઊડી ગયાં, રહે તાંદુલ નિજ ઘર માંહી. ૪
એમ શબ્દ અરથ કોઈ ભિન્ન નવ કરે, તેને લેહ લક્ષ અવિકાસ;
શબ્દ સાખ્ય ભુતળ રહી, અરથ લક્ષ આકાશ. ૫

અરથ દેશના અનુભવી, તે સીંચે શબ્દ રસાળ;
એક અરથ રસને અનુભવે, બીજાં શબ્દ સંચે બાળ. ૬
શબ્દ સંચી તંતુ સવાદી, તેને તાંદુલ ન આવે હાથ;
અરથ રસના સ્વાદ અનુભવે તે, ન આવે નિરગુણ નાથ. ૭
નાથ નિરગુણ અરથ અનુભવ, તેમાં શબ્દ સંશય નાહીં;
થીતિ પ્રજ્ઞ રૂપ રસ બસ, એમ થઇ રસ માંહી. ૮
તે રસ વ્યાપક ભુવન ત્રયમાં, ઉપનિષદના અર્થ;
રવિદાસ કહે પરિ બ્રહ્મ પુરા, કળા અર્થ સમર્થ. ૯

સાખી.

રસનાં બીબાં રસે ભર્યાં, રસ પટ દીસે ભાસ;
બોલણહારો આપહી, રસ મયહે રવિદાસ.

કડવું ૨૧ ચોપાઇ.

સત શાસ્ત્ર પ્રમાણે સંચુ શુધ્ધ વાણજી;
અનુભવ જુગત માંહી બ્રહ્મ નિશાનજી;
સત શબ્દ જ્યાકુ દ્રઢ હોયેજી;
સત ગુરૂ કૃપાકર બેઠા સોયજી. ૧
શુદ્ધ લક્ષથી દ્રષ્ટી સાંધેજી,
દાઉ નિશાની દ્રઢ કરી બાંધેજી.
સાધન ચારો સંપન હોયજી;
શુદ્ધ મુમુક્ષી કહીયે સોયજી. ૨
વૈરાગ આદી ખટ સંપત જુગતાજી,
પરમ મુમુક્ષી પ્રેમ સંજુકતાજી,
કરણ ધાર ગુરૂ સંચે મેલેજી;
દાલ દરીયામાં ઊલટા ખેલેજી. ૩

પુરવકા નીર પશ્ચિમ ઘર લાવેજી,
ભીંતર દેખા તો પાર ન પાવેજી,
સલિતા સહિત સિંધુમા સમાવેજી:
જ્યાં દેખા ત્યાં પુરણ પાણીજી. ૪

ખલક ન દિસે ખાલક દરિયાજી.
ધરણી જલ બીન અંબર ભરીયાજી.
ખુલગયા પડદા ઊઘડ્યાં તાળાંજી;
પ્રગટી જોત ભયા ઉજીઆલાજી. ૫

પરીબ્રહ્મ સકળ માંહી ભરપુરાજી,
નિરાકાર માંહી વાજે તુરાજી.
તત્વ નિરંતર રૂપ ન રેખાજી;
આદ્ય અંત કોઇ પાર ન પેખાજી. ૬

અસેષ પુરણ નહીં ખાલી હોયજી.
વ્યાપક કબહુ ન વિસરે સોયજી,
અવીગત જોગી જાહેર નાથજી;
અષ્ટ સિદ્ધિ જાકે હાથજી. ૭

ઉપજે ખપે વણસે માંયજી,
અનાદ નિરંતર ગયા ન આયાજી,
ભુલે ભર્મ પડો મત કોયજી;
કારજ કારણ કહીએ સોઇજી. ૮

ઘટ અરથ એ શીર ગુણ દેખ્યાજી,
મુખ અરથ એ નિર ગુણ વિશેખ્યાજી,

નિરગુણ શિરગુણ એક અદ્વૈતાજી,
નેતિ નેતિ નિગમ નિત્ય કહેતાજી. ૯
રૂપ નામ સબ પરલે હોયજી,
આપે મરે ન રોવે કોયજી;
નેતિ નેતિ અસ્થિત સિદ્ધ હોયજી,
એક વિના નહીં દુજો કોયજી. ૧૦
નેતિ કરતાં રહેજે સેખાજી,
ઘે ધાતા કોઇ ભિન્ન ન પેખાજી;
એ અદ્વૈત રસ છે તેજ અંબારજી.
આદ્ય અંત જાકે વાર ન પારજી. ૧૧
ગીતા ગાયે અનુભવ વિચારેજી,
પહોચ્યા ઘટ મઠ પટને પારેજી;

ઢાળ.

પહોચ્યા પાર ઘટ મઠ પટતણે, જો કોઈ અનુભવ આણશે:
નિરંતર નિરાધાર માંહી, નીરખે થઇને માણશે.
એકવીશ કડવાં ને છવીશ સાખી, ગીતા બ્રહ્મ પ્રકાશ;
ત્રણશે ઊપર ત્રણ ચોપાઇ, મહા બ્રહ્મ વિલાસ.
શાસ્ત્રનું દ્રષ્ટાંત માંહી, વેદ ગીતાની સાખ્ય;
માંહી ન્યારેઃ નિરંતર, દ્રષ્ટાંત દલમાં દાખ્ય.
કહેનાર બ્રહ્મ બ્રહ્મ સાંભળે, આપે અવાચા ઓચરે;
રવિદાસ નામ રૂપ છે નહીં, આપે બોલે અગોચરે.

છંદ.

કરકચોં તક લહુતા, સ્વપને સુતા, જોગી જોતા મટગયા પોથા.
આપા દેખ્યા, પાર ન પેખ્યા, ધરણી જલ થળ રૂપ ન રેખા;

પંડત પોથા, મટ ગયા થોથા, પેખ્યા પુરણ, જૈંકા ત્યૈંથા.
ચીત વાત થાકી, સોહી સાખી, દેખનહારા, દેખન થાકા,
સાખી સાખન બોલે ભાખા.
રવિદાસ બિચારા, કેતનાક ગાવે, ચારવેદ જ્યાંકો પાર ન પાવે,
વેદહી મુખસેં, સબ ઉચ્ચારા, કહન ન હારા, કહતહે ન્યારા.
દેહી મુખે, કરી દેહી ગાવે, મુખ બોલે જબ દેહી બુલાવે;
દેહીસો મુરત, મલે સ્નેહી, મુરત જ્યામેં, હેમકો પાની;
કારન વ્યાપક વસ્તુ જાંની, ગ્યાંન રવિથે, ગલી ગયા પાની,
પુરનભઇ તબ, બ્રહ્મ નિશાંની.
હું તું નાહી કોય જગત ન જંતુ, પટ બીના એક પુરન તંતુ;
અરધ ઉરધ દસો દસા દેખો, નીરખે એક નિરંતર પેખો.
ઠોર ન ઠાલો હરિ વીન કોઇ, વિદેહી વાંકે સરણે હોઈ.
નેતી નેતી કહી નિગમહી ગાયો, બ્રહ્મ નિશાંની બ્રહ્મ મહી ગાયો.

કડવું ૨૧ સંપુર્ણ.

ईति श्री भाणगीतास्वामि रविराम विरचित श्री रविगीता

समाप्त.

श्री गुरुमहिमा.

श्री आद्यगुरु परिब्रह्मने नमः

श्री गुरुमाण रविखेम सत्य छे.

दुहा.

રવિદાસ ગુરૂ સંતકી, જા શિરધારી છાપ;
જીવત વાકો ભેટલો, જનમ મરણ ટળે તાપ. ૧
ગુરૂ મહિમા ગુરૂ ગમે કહું, સાધુ સંગ પ્રસાદ;
રવિદાસ ભાણુ અખંડ શબ્દ, ગુરૂ નિરંજન આદ. ૨
ગુરૂકો સમરો સંત સબ, અપને અપને જાન;
મેરા સતગુરૂ ભાણુ હે, રવિદાસ પરમાન, ૩
તેત્રિસ કોટી દેવતા, રૂષિ કઠયાશિ શહસ્ત્ર;
ચોરાશી શિદ્ધનાથ નવ, ગ્રહ્યા શબ્દ ગુરૂ મંત્ર. ૪
રવિદાસ ગુરૂ સેજે મળ્યા, દેખત દીન દયાળ;
ચટકી દીની શબ્દકી, પલમે ભયો નિહાલ. ૫
રવિદાસ સતગુરૂ સેવતાં, પ્રગટ ભઇ પરતીત;
બેઠા અનભે તખ્તપર, ભયા આપ અદ્વૈત. ૬

વિશ્રામ ૧ ચોપાઇ.

સબ સંતનકી આગ્યા પાઊ, ગુરૂ મહિમા અમૃત રસ ગાઊ;
આદ્ય અંત નહિ ઓહંકારા, ગરૂ અવિનાસી સરજન હારા; ૭
પ્રથમ સદગુરૂ બ્રહ્માંડ બનાઇ, કેતિક બેર જીને ધરા ઊઠાઇ;
સરજન હાર ગુરૂ નિરાધારા, ગુરૂ સેવો ઊતરો ભવપારા. ૮

નિર્ગુણ ગુરૂ રૂપસેં ન્યારા, છાઇ રહયો સબહી સંસારા;
હે સતગુરૂ નિરંજન પોતે, જાસે પ્રગટ ભઇ બ્રહ્મ જયોતે. ૯
સો સતગુરૂજી ઘટકે માંહી, ચાર અક્ષર આપે નહી જયાંહી;
સતગુરૂ આદ્ય નિરંજન દેવા, આપે લક્ષ અલક્ષ અભેવા. ૧૦
ગુરૂકી મહીમા અપરંપારા, ગુરૂ નારાયણ નર અવતારા;
ગુરૂબિન ઓર ન દુજા કોઇ, ગુરૂબિન ભક્તિ મુક્તિ ન હોઇ ૧૧
જેતા નામ રૂપ જગમાંહી, સબ કોઈ રહે સતગુરૂકી છાંહી;
ગુરૂ ગોવિંદ સંત એક પરમાનો, ગુરૂ ગોવિંદ ન્યારા નહિ જાનો ૧૨
ગુરૂ મહિમા હરિ આપબખાંને, બેદ પુરાન ભાગવતઠાંને;
બ્રહ્મા વિષ્ણું મહેશર દેવા, આદ્ય શક્તિ કરે ગુરૂકી સેવા. ૧૩
અંશ ચોવીશ નિરંજન કેરા, આદ્ય અંત મધ્ય સતગુરૂકા ચેરા;
જે તે નામ ગુન રૂપ કહાવે, તે સતગુરૂ પદ સકળ સમાવે. ૧૪

દુહા.

વેદાદિ પુરાન સબ, ભરમેં રહે ભુલાય;
ખીર નીર ન્યારા કિયા, રવિ ગુરૂ હંસ પસાય. ૧૫
ગુરૂ ઈશ્વર ગુરૂ પરિ બ્રહ્મ, સતગુરૂ સબકા દેવ;
ગુરૂબિન પાર ન પાવહી, તું રવિ સતગુરૂ સેવ. ૧૬

વિશ્રામ ૨ ચોપાઇ.

ગુરૂકી મહિમા કાહા બખાનું, મેં મતિમંદ મરમ નહિ જાનું
ગુરૂ મહિમા ગુરૂ આપહી બુજે,
મેં મતિમંદ કહા મોપેં સુજે. ૧
ગુરૂ મહિમા ગુરૂ ગોવિંદ ગાઊં, વેદ વચન સુન સાખ બતાઉં;
ગુરૂ મહિમા કોઇક જન જાને, વેદ પુરાન અધિક બખાંને. ૨

મેં મુરખ સત બુદ્ધિહિના, જો ગુરૂ કહ્યા સોઈ કહી દીના;
રસના એક કહાલોં કહિયે, ગુરૂ પ્રસાદ પરમ પદ લહિયે. ૩
ગુરૂ મહિમા સુરનર મુનિ ગાવે. સુક સનકાદિ ચરન ચિત લાવે;
નારદ સારદ અગમ બતાવે, શેષ મહેષ નિગમ નીતિ ગાવે ૪
રામકૃષ્ણ ગુરૂ આશ ધરાવે, તો મોંહિ ગરિબકી કોન ચલાવે;
સતગુરૂ આદ્ય અંત મધ્ય સ્વામિ, સતગુરૂ સબકે અંતર જામિ. ૫
સતગુરૂ સકળ ભોવન કે ટેકા, ગુરૂ બિન સબ સુકિ્ત હે ફિકા
સતગુરૂ સકલ કલપ કે સાખી, સકલ ભુવનગુરૂ તનમય રાખી. ૬
સકલ ભોવન ગુરૂ તનમય દેખું, ગુરૂ ગોવિંદ ન્યારા નહિ લેખું
ગુરૂસમ ઓર ન દેખું દુજા, આદ્ય અંત મધ્ય ગુરૂકી પુજા. ૭
ગુરૂ નારાયણ સત કરી જાનો, સબ્દ પુરાતન સાચા માનો;
સતગુરૂ સત પુરૂષ પરમેશ્વર, ગુરૂ નરદેવ દેવ દેવેશ્વર. ૮
સતશબ્દ દિયા દીન જાની, સતગુરૂ રામ પરિબ્રહ્મ ગ્યાની;
ગોવિંદ પાયે ગુરૂકે શબ્દ, જો ન મન થકી ટળે અહુંલબ્દ. ૯

દુહા.

વેદ પુરાન યું કહે, શુકજી પોતે ધામ;
રવિદાસ ગુરૂ ઊપદેશ બિન, નહિ પાયો બિશરામ. ૧૦
જનક વિદેહિ ગુરૂ કિયા, જાનત હે સબ કોય;
સુખ સાગરમે રવિદાસ કહે, શુકજી પોતે સોય. ૧૧

વિશ્રામ ૩ ચોપાઇ.

ગુરૂ ગોવિંદ દોઉ એક સ્વરૂપા, નામ રૂપ ગુન ભેદ અનુપા;
ગુરૂ અવિચલ પદ પુરણ ધામા, ગુરૂ સ્વામિ ગુરૂજગ વિસરામા. ૧

ગુરૂ ત્યાગી ગુરૂ ધામ સરૂપા, ગ્યાન ભંડાર અમિરસ કુપા;
સતગુરૂ જનમ મરણ તેં ન્યારા, સતગુરૂ સબકા સરજન હારા. ૨
સતગુરૂ અજર અમર અવિનાશી, સતગુરૂ પરમ જ્યોત પરકાશી;
ગુરૂ સમ ઓર ન દેખું આના, ગુરૂ ગોવિંદ દોઈ એક સમાના. ૩
સતગુરૂ અગમ નિગમ પદ પુરા, સતગુરૂ ગ્યાન ધ્યાન ભરપુરા;
સતગુરૂ શબ્દ મુક્તિ સબ કેરા, સતગુરૂ આવાગમન નવેરા. ૪
સતગુરૂ પ્રેમ નીમ ધન ધર્મુ, સતગુરૂ ભક્તિ મુક્તિ કે મરમુ,
સતગુરૂ જોગ જાગ વ્રત પુજા, ગુરૂબિન ઓર અચારન દુજા. ૫
સતગુરૂ જપતપ તીરથ સેવા, સતગુરૂ બિન ઓર નહિ દેવા;
અસલ ગુરૂ આન નકલ બનાઇ, ઉપજે ન ખપે ગુરૂ અખંડાઇ. ૬
ગુરૂ હે દયા ધરમ સતદાના, સતભક્તિ ગુરૂ ગ્યાન વિગ્યાના;
ગુરૂ હેં બ્રહ્મા વિષ્ણુ મહેશા, ગુરૂ હેં સુરનર મુનિજન શેષા. ૭
ગુરૂ હે પરીબ્રહ્મ ભગવાના, સતગુરૂ સબજીવન કે પ્રાના;
ગુરૂ હે ચૈતન આતમરામા, સતગુરૂ રૂપ પરમ કે ધામા. ૮
સકળ તિરથ ગુરૂ પદ રજ સોઇ, ચાર વેદ ગુરૂ શબ્દ હોઈ;
મેં મતિમંદ કહા ગુન ગાઉં, સાહેબ અગમ પાર નહિ પાઉં. ૯

દુહા.

સતગુરૂ સેવા કિજીયે, ધરી મન એકાચાર,
ગુરૂબિન દુસર નહિં, તું રવિ સતગુરૂ ધાર. ૧૦
રામકૃષ્ણ સેં કુન બડા, જેણે રચી સબ સૃષ્ટ;
રવિદાસ ગુરૂ સેવા કરી, દુર્વાસા ને વશિષ્ઠ. ૧૧

વિશ્રામ ૪ ચોપાઇ.

ગુરૂ ગુરૂ જાપ કરો મન મેરા, ભવસાગર નહિ આવે ફેરા;
ગુરૂકો ધ્યાન ધરો નર નારી, સહેજ સુભાવ તરો સંસારી. ૧
ગુરૂ ગુરૂ જાપ કરો મન પ્યારે, ગુરૂ ગુરૂ કહત કોટી અઘ જારે,
ગુરૂ પદ વંદિ ભરોસો રાખે, દુર મત કપટ દુર્ગ કરી નાંખે. ૨
ગુરૂ ગુરૂ જાપ કરો મન ધીરા, ગુરૂકો શબ્દ હિય રાખો હીરા;
સત્ય મંત્ર હિરદેહી ધરીજે, તન મન ધન અરપન કીજે. ૩
ગુરૂકો સમરન નિશદિન કીજે, જીવન જન્મ સફકરી લીજે;
એક નામ ગુરૂ દેત દિખાઇ સો નિજ નામ કહિ૫ નહીં જાઇ. ૪
ગુરૂ સમરન નિજ નામ બિચારે, આપ તરે ઓરનકુ તારે;
સતગુરૂ શબ્દ નાવ નિરધારા, ભવસાગર ચઢી ઉતરો પારા. ૫
ગુરૂબિન પ્રેમ નીમ ધન ધરમુ, પાવત નહિ મુક્તિકો મરમુ;
ગુરૂબિન જોગ જાગ તપ કરની, ઊસ બિજ ઉગત નહિ ધરની. ૬
ગુરૂ ગુરૂ જાપ કરો મન આછે. નહિતો દુઃખ પાવોગે પાછે;
નારદ દેવ વ્યાસ મુનિ ભારી, વેદ વચન કહે સાખ પુકારી. ૭
ગુરૂબિન પ્રભુસેં હોય ન ભેટા, ગુરૂબિન ફરત માળ બિન રેંટા;
ગુરૂબિન ફીરે જગમાંહી રોતા, ગુરૂબિન જેસેં વેશ્યાકા પુતા. ૮
ગુરૂબિન જન્મ એસે ગમાયા, ગુરૂ બિન રમતા રામ ન પાયા;
ગુરૂબિન ઘર અપનો નહિ આવે, ગુરૂબિન નીજ તત્વ નહિ
પાવે. ૯

દુહા.

ગુરૂ બિન કછુ ઊગે નહિ, ભક્તિ મુક્તિકો મૂળ,
પથ્થર બોયા ખેતમેં, રવિદાસ ફળ નહિ ફુલ. ૧૦

વિશ્રામ ૫ ચોપાઈ.

ગુરૂસેં દિક્ષા લેત ગુરૂસેં આડા, સત જનમસોં સરજે પાડા;
સતગુરૂકી આગ્યા જો લોપે, તા ઉપર જમરાજા કોપે. ૧
શિષ્ય સતગુરૂકી અદબ ન રાખે, તાકો દોજક શાસ્ત્રહી ભાખે;
સતગુરૂકો ન આવે વિશ્વાસા, તાકો કાલ કરતહે ગ્રાસા. ૨
ગુરૂ સાંમેં ગુમાન જનાવે, સો શિશ સિદ્ધા જમપુર જાવેં;
ગુરૂ સંગ આડી ટેડી બોલે, સ્વાન હોઈ નર ઘર ઘર ડોલે. ૩
ગુરૂ સંગ ગ્યાન ગર્વ દિખાવેં, કોટ જનમ કુકરકો પાવે;
ગુરૂસેં વાદ કરે નરનારી, કોટ જનમ પડે નરક મોઝારી. ૪
સત ગુરૂકો શબ્દ મેટ પગ ધરિયે, જમ કિંકર મૂખ માંહિ પરિયે;
સતગુરૂકી મરજાદા ન ધરહી લખ ચોરાશી કુંડમે પરહિ. ૫
ગુરૂકો શબ્દ સુને ન અગ્યાની, ભવસાગર ડુબત અભિમાની;
ગુરૂકો દેખ ધરત અભિમાના, વ્યાસ વચન પડે નરક નિદાના. ૬
ગુરૂકો ગ્યાન મેટ મત થાપી, તિન લોકમાં બડા તે પાપી;
ગુરૂકો મેટ બખાંનત આપા, ધરતિ ભાર મરત તેહી પાપા. ૭
ગુરૂસેં શિષ્ય ઉંચા ચડ બેઠે, સતહાથ ધરા હેઠેં પેઠે;
ગુરૂસેં ઉલટા બચન સુનાવે, સત જનમ કોડીકો પાવે. ૮
ગુરૂસેં ઉલટા સુનાવે બેનાં, સત જનમ અંધા હોય નેનાં;
ગુરૂ આગ્યા બિન જો કછુ કરહી, અફળ હોય ફલ કબહુ ન લહહી. ૯

દુહા.

શિવ પૂજામે બેઠકે, ગુરૂસેં કિયો અભિમાન;
રવિદાસ શીવ શ્રાપસોં, પડયો ચોરાશિ ખાન. ૧૦

બ્રાહ્મણ દેહ અનેક ધરી, પ્રગટયો કાક પ્રચંડ;
નામ ઉપાસિ શિવ કહે, જાનત હેં નવખંડ. ૧૧

વિશ્રામ ૬ ચોપાઇ.

ગુરૂ નિંદા જાકે મુખ ઉપજે, કોટ જનમ ગધ્ધા હોઇ નિપજે:
ગુરૂ નિંદા જાકે મુખ હોઇ, તાકો મુખ ના દેખો કોઇ. ૧
ગુરૂ નિંદા જો શ્રવણે સુણિયે, અપને હાથ પ્રાણ નિજ હણિયે;
ગુરૂ નિંદક ન્યારા અન હોઇ, વાકો મુખ ના દેખો કોઇ. ૨
ગુરૂ નિંદક ધરતિ પગ ચંપે, તાકે ભાર ધરની અતિ કંપે;
ગુરૂ નિંદક અવનિપર સોવે, ધરતિ ધરત શોચ અતિ રોવે. ૩
ગુરૂ નિંદક મુખ હસ કર બોલે, ધરતિ ગગન મેરૂ ધર ડોલે;
ગુરૂ નિંદક જા બલ દેખાવે, ગ્યાનીકાંનમુદકે જાવે. ૪
ગુરૂ નિંદક જનમ્યા કુલ માંહિ, જમ ઘર આનંદ હોત બધાઇ;
ગુરૂ નિંદકકા મોંહા કાલા, સો મુખ જલો અગનકી જવાલા. ૫
ગુરૂ નિંદક મુખ મેલો વિષ્ટા, વ્યાસ વચન નિંદક બડ દુષ્ટા:
ગુરૂ નિંદકકા મોંઢા જારો, આપ મરો નિંદિકકુ મારો. ૬
ગુરૂ નિંદકસેં બાત ન કીજે, આગે જાય હલાહલ પીજે:
ગુરૂ નિંદક જો ભેટે આઇ, ગ્યાન ધ્યાન જપ તપ લે જાઇ. ૭
ગુરૂ નિંદક જમ જમકો ચારો, ગુરૂ નિંદકકોં જા કોઇ મારો;
ગુરૂ નિંદાકો પાપ અપારા, કેસેં કહું મેં વારંવારા. ૮
ગુરૂ નિંદકકા મુસ્તક છેદે, તાકુ પાપ રતિ નહિ ભેદે;
ગુરૂ નિંદક નર નકટા કહિયે, ગુરૂ નિંદક સંગ ભકિત ન લહિયે ૯
ગુરૂ નિંદક જો સન્મુખ આવે, ગુરૂ ગ્યાનિ અંખ મુખ ચલજાવે;
ગુરૂ નિંદા-સમ પાપના દુજો, શિક ૨ નિમંદ કાહાનોય સુજો. ૧૦

દુહા.

ગુરૂ નિંદક ભુવંગ જેસા, મહા પાપી નર મૂઢ;
રવિદાસ કહે અધમ શિશ, પડે ચોરાશિ કુંડ. ૧૧

વિશ્રામ ૭ ચોપાઇ.

સતગુરૂસેં રહિયે કરજોરી, જેસે નટરી ચરત હે દોરી;
મકર તાર ચઢી મોજહી પાવે, ડગે સુરત ભુકા હોઈ જાવે. ૧
સતગુરૂ સતપુરૂપ સત સ્વામિ, મનકુ ગ્રહી રહે શિર નામી;
સતગુરૂ આદ્ય અખંડ સ્વરૂપા, નારાયણસેં ન્યારા રૂપા. ૨
જગમગ ઝળકે સતગુરૂ તેજા, સુરત પેખહું સતગુરૂ સેજા,
અનંત ચંદ્ર શેપા તસ જાઈ, અનંત તેજસેં અધિકે કહાઇ. ૩
સતગુરૂકો સબ આગે ધરિયે, તન મન ધન સબ અરપન કરિયે;
લોપે નહિ સતગુરૂકી આગ્યા, સો સતગુરૂકા સેવક સાચા. ૪
દારા સુત વિત ધામ અવાસુ, સોંપી ગુરૂને થઇએ નિરાશુ;
સો શિષ્ય પામે રામહી રમતા, કઠણ બચન આણે મન ખમતા. ૫
જો સતગુરૂ અવગણ ન દેખાવે, મહા અદ્વૈત સેવક મન ભાવે;
નિરમોહી સતગુરૂકી રીતી, સાચા સેવક આણે પ્રીતિ. ૬
સાર સાર સરવે તે વસ્તુ, કરિયે ભેટ લઇ ગુરૂ હસ્તુ;
ચઢે ખુમારી ભય મટી જાવે, ગુરૂ શબ્દસેં જો લક્ષ લાવે. ૭
વલગે નહિ મન કબહુ બીજે, જો સતગુરૂ મનમાંહિ રિઝે;
સતગુરૂ મુખસેં શબ્દ ઉચારે, ઝડપે શબ્દ તન મન ધન વારે. ૮
ગુરૂ મહિમા સબતેં અધિક કહાઈ, શિવે શિવા પ્રતે દ્રઢાઇ;
બ્યાસ બચનસોં વેદ ગાયા, ગુરૂસેં અધિક નહિ રઘુરાયા. ૯

પ્રગટે સતગુરૂ શહેર વારાહી, સો સતગુરૂકી કરત બડાઈ;
નિજ ધામ નિજ ભેદ બતાયા, નિશ્ચયકર નિજ નામ લિખાયા. ૧૦
ભાણ ગુરૂને કરૂં આદેશા, ગુર્જર ધરા ગુરૂ કિયા પ્રવેશા;
મહિકાંઠે શેરખીમાં વાસા, ભાણ ચરણ રજ કહે રવિદાસા. ૧૧
ત્રિસંધ્યા પઠ હી અહુપાટા, છુટહી બંધ પદ પાવે નિરાટા;
જોગ જાગ વ્રત્ત જપ તપ અહુહી, પઠત ગુરૂમહિમા સકલ
ફલ લહહી. ૧૨
વિષ્ણુ સહસ્ત્ર આદે ગીતા, નારાયણ કવચ વિષ્ણુ પંજર પુનિતા;
ભાગવત આદે પાઠ હે જેતે, પઠત ગુરૂ મહિમા ફલ પાવત
તેતે. ૧૩
કાશીક્ષેત્ર જઈ દેવે દાના. ગયા પ્રાગ પુશ્કર અસ્નાના;
ચિત નિર્મળ હોઇ પાઠ જો કરહી, સો નર સેજે ભવનિધિ
તરહી. ૧૪
વેદ પુરાન અરૂ શાસ્ત્ર બિલોઇ, સતગુરૂ તત્વ નિકાસ્યો દોહી;
ગુરૂ મહિમા સારકો સારા, ઉમિયા પ્રતિ કહે ત્રિપુરારા. ૧૫
ગુરૂ મહિમા ગુરૂ ગમસે ગાયા, ચઢ ગઢ અનહદ નાદ બજાયા;
પરમ જ્યોત જ્યાં અલખ સ્વરૂપા, ત્યાં સતગુરૂકા અંશ
અરૂપા. ૧૬
જ્યોત પાર સતગુરૂ બીરાજે, અમર પુરૂષ રવિચંદા લાજે;
એક પ્રકાશે સકલ પ્રકાસા, તામેલીન ભયે રવિદાસા. ૧૭

દુહા.

ગુરૂ મહિમા પુરન ભયો, જબ સતગુરૂ પ્રગટા માહિ;
રવિદાસ ઉસમે ગરક, નામ રૂપ રહ્યા નાહિ. ૧૮

ગુરૂકિ ઉપમા અનેક હે, રવિદાસ રસના એક;
શેષ કહિસો નાશ કે, મહિમા ગુન અનેક. ૧૯

ગુરૂ અધિક ગોવિંદતેં, શ્રુતિ સ્મૃતિ સબ સાખ;
રવિ ગુરૂ બિન ગોવિંદ નહિ મિલે, ભવે કહો ભવાપ્રતિ ભાખ. ૨૦

સપ્ત વિશ્રામ ગુરૂ મહિમાકે, સુનહિ પઢહી નર નાર;
ભવસાગરકેં પંથકો. રવિ નિશ્ચય પાવે પાર. ૨૧

દ્વાદસ દુહા અને સિત્તેર હેં ચોપાઇ, ગુરૂ મહિમા કે ગ્રંથકો
કહિ રવિ ગુન ગાઇ. ૨૨

સંવત અરાઢસેં આઠ જેષ્ટમાં, કુંજ ચોદશ તિથિ જાન;
ગુરૂ મહિમા કિનો રવિ યથા બુદ્ધિ પરમાન.

॥ इती श्रीरविराम विरचित ॥

॥ गुरुमहिमासमाप्त ॥

सप्तभोमीकाज्ञान

ચોપાઈ.

બુધે બુધ દીયો ગોવિંદા, કરછે મુક્ત મીટે જગ ફંદા.
હરિકો ભજન કથા ગુરૂ સેવા, પૂંજે ભક્ત નિરંજન દેવા:
રામ મિલન શું કરે સત સંગા, પ્રથમ ભોમીકા ચઢત ઉતંગા. ૧
ગુરૂ ગ્યાંની જો શબ્દ ઉચારે, તે સુની વારંવાર વિચારે.
સૂક્ષમ દ્રષ્ટ લે અર્થહી જોઇ. નિત્ય નિત્ય વિવેકજ હોઇ;
પ્રભૂસેં પ્રેમ સંસાર ઉદાસા, દુજી ભોમકા હે સતવાસા. ૨
સુક જુતી મન ઇંદ્રિ લાવે. શિરગુણ નિરગુણ સમાધ લગાવે,
બાહીર વૃતી મીટે વિપેખા. અંતર પેઠકે આતમ પેખા:
ભયતજી નિરભય પદ લલચાના, ત્રીજી ભોમકા બેદ લખાના. ૩
સની હું મગન ભયો બ્રહ્મ માંહી, ઓર સંગ કાઉ ભાવત નાંહી.
અદ્વૈત એક અખંડ સુખ પાયા, સ્વપ્ન સહીત સબ દ્વૈત વીલાયા:
ત્વંપદ નામ ભયે સંયુક્તા, ચોથી ભોમકા જીવન મુક્તા. ૪
આદીત અનુભવ અરક ઉજારા. નામે લીન ભયા ગુનતારા.
સચ્ચિદાનંદમે રહ્યો સમાઈ, ઓર દેહુ ગુન ઉર ન કાંઇ;
ધ્યાન ધ્યેયકા આર ન પારા, પંચમી ભોમકા હે નિરધારા. ૫
સોમ નિર્મળ જ્યોં કરત પ્રકાશા. ત્યોં નિરંજનમે હોત નિવાસા.
સુખમય સુખ સપોપતિ માંહી. બીના જગાયા જાગત નાંહી:
જીતેં દ્વએતીતેં બ્રહ્મજ દેખે, છઠ્ઠી ભોમકા વિચ્ચન પેખે. ૬
મંગળ રૂપ હોઇ રહ્યા સોઇ, આપે બ્રહ્મ ઓર નહીં કોઇ.

તુરીયાતીત સ્વરૂપ જો કહાવે, ધ્યેયાતા કોઇ દ્રષ્ટ ન આવે;
શુદ્ધ ન દેહી સંકલ્પ વિસારે, મદીરા અંગ જથા મતી વારે:
બ્રહ્માનંદ ભયો રસ ભોગી, દેહી અભિમાનત રહી સંજોગી,
ભાવે ભોજન કોઉક લાવે, ભાવે જન કોઉ અંબર ઓઢાવે;
પ્રારબ્ધ જોગ રહે વપુ એસે, દેખન માત્ર દગ્ધ પટ જેસે:
કોઉ દીન શરીર ફીરત રહેકબંધા, ભુજંગ જ્યાં કંચુક સબંધા.
સપ્તભોમીકા ભાણ સુનાઇ, હરખી રવિદાસ ગુણ ગાઇ. ૭

ગુરૂસ્તુતિ કવિતછપ્પા.

શેહેર વરાહી ધામ નામ નવખંડમે પ્રાજા ભાણ જગ્ત ગુરૂદેવ,
રાવ રંક રાખી માઝા, પલ પલ પરચા દીન.
બ્રહ્મવેતા બ્રહ્મગ્યાની, હું તું દીયા ઉઠાયે, ઉસ મીઠા કીયા પાની;
તીન લોકમે સાર, શ્રીરામ નામ રટલાયે,
અનહદ ધુની સુની શબ્દ પારપર આતમ પાયે.
અરૂડમતા વાચક અભે, રામબાંણ ફીરે નાહીં,
ભાણ ઉજાગર અભેદ બુધ્ધ રવીદાસ કહે બ્રહ્મ માંય. ૧
લોહર બંસ કુળ અવતાર, સતંનસે લો લીના,
તન મન ધન અરૂ પ્રાન, સકળ હરિ અરપન કીના;
એક અખંડિત બ્રહ્મ, અમર અદ્વૈતરસ ચાખ્યા,
સમ દ્રષ્ટિ સમ તુલ્ય, સંતસે આપ ન રાખ્યા;
ખારા જળ મીઠા કીયા, મહા પોરા કઠણ કળી,
અનેક જીવ ઓધ્ધરિયા, ભાણ સાહેબ કીની ભલી. ૨
એમ બાલક રૂપ હે, દલ દરિયા ભરપૂર,
ર્ઝંકમ તનમે દેખીયા, હરદમ હાલ હજુર;

એમ બજે નીશાન, સામ સમ દ્રષ્ટી આણયો,
જીવન મન પ્રતીત, પ્રેમરસ પૂરણ માણયો;
પહોચ્યા સબહી પાર બાલગોપાળ સમેતા,
ભાણ કબીર રવિરામ, નામ મેં મળિયા જેતા;
લોક લાજ કુળ પટકકે, રહે નામ લોલાય,
ભાણ સુત રવિદાસ કહે, બાહોર ન આવે જાય. ૩
કુંવરજી ઓર માવ, એમ સ્વામી ઓર જીવન,
નામ સુધારસ સાર. પંચ મીલી લગેહે પીવન;
દૃઢ ધ્યાન વેરાગ, અનીન વ્રત આપ ઉજાગર,
શીલ સંતોષ અરૂ ક્ષમા, અરજવ સુખસાગર;
ગંભીરમતા સમુદ્ર જયું, હરી ગુરૂશું હેત મળે.
રવિદાસ નામ સંભાળતાં, ત્રિવિધિ તાપ સેજે ટળે. ૪
પ્રથમ કઠણ કળીજુગ. મુવે જઈ મચ્છ જીવાએ,
કોપ કીયો હાકમ, પાવ જંજીર તોડાયે;
રણુંમે ખારો નીર, સોઇ મીઠો કર લીનો,
કરી હરિ સંત સમાજ, પરસપર નીજહી પીનો;
નરનારી ભક્તિ કરી, ઠોર ઠોર પરચા દીયા.
અનહદ લોહુર વંશમે. ભાંણ સાહેબ એશા ભયા. ૫

સ્તુતિ સમાપ્ત.

॥ श्री रविसाहेब तथा श्री खेमसाहेबनी ज्ञान गोष्टी ॥

સાખી

શ્રી સત્ ગુરૂ ભાણ તણા બે બાળક, રવિદાસ ખેમદાસ;
તેની ગોષ્ટી કહુ ગુરૂ ગમસેં, અંતર પ્રેમ પ્રકાશા. ૧
ચવે ગાય ને ચિતામાં ધરે, દુર્મતિ થાયે દૂર;
કહે કુંવરજી નજરે નિરખ્યા, પરગટ ગ્યાની પૂર ૨
ગુજર ખંડમેં મહાગુરૂ ગ્યાની, ધીરા ગુન ગંભીરા;
મળવા મહંતને થઇ આતુરતા, તુરત લગાયા તીરા. ૩
મહિકાંઠે શુભ ધામ શેરખી, મળિયા દો ગુરૂ ભાઈ;
પ્રેમ સહિત પૂછે ખેમદાસા, અંતરકી ઓળખાઈ. ૪
આરાધ કરત આયે તુમ પાસા, સત્ ગુરૂ કહ્યા સુનાઈ;
રવિદાસ ગુરૂભાઇ તુમારા, ઉનકું મિલિયો જાઇ. ૫
મળતાં મહાસુખ ભયો મનમાં, તાપ ત્રિવિધી ટળિયા;
એમ કહે અબ કરો ગોષ્ટિ, મનકા મેરમ મળિયા; ૬
ખેમ–પશ્ચિમ દિશાસેં હમ ચલિ આયે, દરશન કરન તુમારા;
શ્રવણે શુણ્યા સો નજરે નિરખ્યા, ૠદિયા ઠર્યા હમારા. ૭
રવિ–બહોતહી કૃપા હમ પરકીની, તુમ હો બડા બડેરા;
દેદાર સબહી દુખ ભાંગ્યા. બડ બાળક સતગુરૂ કેરા. ૮
ખેમ–છોટા બડા જગતકી રીતિ, બૂજે સો બડ ગ્યાની;
સત્ સ્વરૂપ કહો ગુરૂ શબ્દે, સો હમ લેવે માની. ૯
હમ પૂછતહે પ્રેમ પ્રીતસેં, અંતરકી ગત કહિયે;
જૈસી હોય તૈસી સત ભાખો, લક્ષ તણી ગત લહિયે. ૧૦

રવિ-ધ્યાન ધ્યાન મેં યોગ, ભોગમેં, રમી રહ્યા રામૈયા:
સકલ ભૂવનમેં સાહેબ વ્યાપક, સો હમ તુમસેં કહિયા. ૧૧
ખેમ-અગમ અગોચર નામ નિરંતર, સત્ સ્વરૂપી છે સ્વામી:
સો કેસે હરદેમેં પ્રકટે, અનુભવ અંતરજામી. ૧૨
રવિ-લિંગ, તોય, ને નાભી, પૃથ્વી, હ્રદે પ્રકટ આકાશા;
કંઠ પવન ગત ગુરૂ ગમ પેખ્યા, નેણુ તેજ પ્રકાશા. ૧૩
ખેમ-પંચ તત્ત્વકા સબ વિસ્તારા, કહો ઉનકા ઠેકાના;
તત્ત્વ તત્વકા કરો નિવેડા, તો પરગટ પરમાના. ૧૪
રવિ-પૃથ્વી ખેંચી ગુરૂ શબ્દસેં, આકાશે પેઠી જાઇ;
તત્ત્વ તત્ત્વશું જાથ મિલાઇ, અરધ ઉરધ સમાઈ. ૧૫
જોત અખંડિત નાડી સુખમના, વહાં સિધ્ધુંકા મેલા;
ઉનકે આગે જો બતલાવે, સો સતગુરૂકા ચેલા. ૧૬
ખેમ-એ કુંચીહે સતગુરૂ કેરી, આપ હમહીં દિખલાવો;
બડે ભ્રાતહો સતગુરૂ જેસા, સાચે કહી સમજાવો, ૧૭
પ્રેમ પ્રીતસે પૂછન આયે, સત્યવચન મોહી ભાખો;
સતગુરૂ શબ્દે કરો નિવેડા, અંતરગત નહિ રાખો. ૧૮
રવિ-ખરી નિશાની સતગુરૂ કેરી, પરગટ દેખો પરચા;
અરધ ઉરધ અંતર ગત પેખો, ફેર કરો તુમ ચરચા. ૧૯
નાદ સ્વરૂપી જોત કહાવે, તહાં તું મનવા રાચો;
અનાદ પુરૂષકી ખબર ન ચીની, તબ લગ મનો હે કાચો. ૨૦
ખેમ-નાદ બુંદ દો એકહી ખેલા, મનમેં કરો બિચારા;
ઉંનકે આગે કછું બી નાહીં, સબ ઉંનકા બિસ્તારા. ૨૧
રવિ-હમ તુમકું કહા કહી સુનાવે, સતગુરૂ બાળક ભાઇ;
નાદ બુંદ એકહી બિસ્તારા, સબહીં પરલે જાઇ. ૨૨

ખેમ-પરલે પંડ કહ્યા તુમ પરગટ, શબ્દ કહાં રહી બોલે;
નાદ સ્વરૂપી રોમ રોમ મેં, થઇ રહ્યો ઝાકમ ઝોલે. ૨૩
રવિ-નાદ નાદ તુમ કહા કહતહો, નાદ નિરંજન રાયા;
અંતે એ જાવે પરલયમેં, અસંખ્ય જુગ અથડાયા. ૨૪
સોહં શબ્દ સતગુરૂ બતલાયા, અનંત ક્રોડ સંત ઓધરિયા:
આદ અંત સત એ સ્વામી, ઠીક કરીને ઠરિયા. ૨૫
સોહં શબ્દ તુરિયાને નાકે, મેરમ નજરે આવે;
ગુરૂ શબ્દ ખોટા નવ થાયે, વિશ્વાસે વળગાવે. ૨૬
વિશ્વાસી સબહીં તેં જીતે, જે ગુરૂ શબ્દે રહિયા;
નાદ સ્વરૂપી સચરાચરમેં. અખંડ આતમ લહિયા. ૨૭
ખેમ-ધ્યાન ઉપાસના કરમ યોગસેં સતગુરૂકા ઘર ન્યારા;
તુમતો સમજી માંહી સમાયા, જગ કયું ઉતરે પારા. ૨૮
વરણાવરણ હમકું કછુ નાહીં, સચરાચર આતમ એકા:
તુમ અભિમાન અરથસેં બોલો, દિલ ભિતરહે ટેકા. ૨૯
રવિ ટેક હમારે એક નામકી, સમદૃષ્ટિ મન આણું;
પરિબ્રહ્મસેં પરચા દેવે, તાકું સંત પ્રમાણું. ૩૦
ખેમ-બાર પંથ ખટ દરશન માંહી, ખંત કરી સંત ખેલ્યા;
સબહી માહી હે અવિનાશી, સો કયું જાયે મેલ્યા. ૩૧
રવિ-વાડા માંહી જે વિંટાયા, વા રંગ સો રાચ્યા;
બાના રાખે સબકું માને. સો સાહેબકા સાચા. ૩૨
ખેમ-કોણ તુમારા બાના બોલિયે, કોણ તુમારી ભેખા;
કોણ તુમારા શબ્દ બોલિયે, કોણ તુમારી ટેકા. ૩૩
રવિ-બુંદ હમારા બાના બોલિયે, સંત હમારી ભેખા,
સતગુરૂ શબ્દે સો ઘર પાયા, નામ હમારી ટેકા. ૩૪

એમ-કોણુ તુમારી માળા બોલિયે, કોણુ તુમારી કંઠી;
  કોણુ તુમારી શ્રવણી બોલિયે, કક્ક પ્રકારે પેઠી. ૩૫
રવિ-મન હુમારી માળા બોલિયે, પવન હુમારી કંઠી.
  સુરત હુમારી શ્રવણી બોલિયે, ઉનમુનિ લેકર પેઠી ૩૬
એમ-કોણુ તુમારી ટોપી બોલિયે. કોણુ તુમારી કંટી;
  કોણુ કલંગી શિરકે ઉપર, કૈસી સેલી વીંટી. ૩૭
રવિ-ત્રિગુન રહિત મેં ટોપી પહેરૂં; મનછા બાંધું બાંધું કંટી:
  કરતાર કલંગી શિરકે ઉપર, સહેજ સેલી વીંટી. ૩૮
એમ કોણ સમરણી તુમ સમરત હો: કોણ કુબજા કરી થાપો.
  પીંછી લેકર જગત પ્રમોદો, ઉનકા જવાપ આપો. ૩૯
રવિ-સમાધ સમરણી કુબજા દાસી, પીંછી પ્રેમરસ ભીંની;
  સતગુરૂ શબ્દે સો ઘર પાયા, પરમાતમકું ચીની. ૪૦
એમ-પાખંડ પરપંચ કછુ ન માનું, મન ધોળા તન લાવા.
  શબ્દે શબ્દ બ્રો ઓળખાઇ, કયું ઓળખાય હલહુલા. ૪૧
રવિ-સત્યતણા તુમ શબ્દ પરખલો, દેખો દિલમેં ખોળી;
  ઘરઘંધામાં તુમ ઘુંચાયા, કયા તુમ જાણો બોલી. ૪૨
એમ-ઘરમેં અનહદ નહિ બોલતા, સુનમેં સુરત લગાયા;
  તુમ જોગી જુગત ન જાણો, માયામેં ભરમાયા ૪૩
રવિ-શુન્ય શુન્ય કરી સબહી ભૂલ્યા, તીન દેવ સંસારા;
  શુન્ય વિશ્વાસે જે નર રહ્યા, નહિ ભવ તરિયા તારા. ૪૪
  શુન્ય ગગન પેઠ પરલે જાઇ, કહા સાધ કહા સિદ્ધા;
  જબ લગ સાચી વસ્તુ ન ચીંની, ઉડે આકાશે ગીધા. ૪૫
  શુન્ય શુન્ય તુમ કહા કહત હો, મનછા મન ડોલાવે;
  કોઇ અણલિંગી આપ ઓળખે. શુન્ય મેં નાદ સમાવે. ૪૬

સતગુરૂ નાદે શુન્ય સમાવે, મેં કયા જાણું ગોક્તિ;
ચંદા સૂરજ એક ઘર આણે, પ્રગટે જવમલ જ્યોતિ. ૪૭
એ કુંચીમેં શબ્દ સમાવે, ઉન આગે અંકૂરા;
સુરત નુરત મન થીર કરી રાખે. ગેબી નુરપર નુરા. ૪૮
એ ઘરકી જો કોઇ બતલાવે, સો પારખ હે પૂરા;
લક્ષ્ય અલક્ષ્ય લક્ષ્ય મિલાવે, બરસે નિર્મળ નૂરા. ૪૯
એમ--અનંત કરોડ જે સંત ઓધરિયા, પ્રેમ ભગતી પરખાયા.
ઘટ ઘટમાં હે નાદ સ્વરૂપી, એકલા કાયા ન જાયા. ૫૦
રવિ-જબ લગ સતગુરૂકુ નહિ પરખ્યા, નામ નિશ્ચય નહિ ભાઇ;
તબ લગ આવાગમન ન છુટે, પ્રેમ ભગત બહે જાઇ ૫૧
જો ઘટમાંહે પરિબ્રહ્મ ચીન્યા, તો નીકસો મેદાના;
શિવ શક્તિકા બાડા તોડકર, સાચ લહો નિશાના. ૫૨
એમ-શિવશક્તિકા બાડા તોડકર, કહો કોણ નિકસ્યા બહારા;
ધોખા માંહે સઉ પસ્તાયા, મારગ ખાંડાધારા. ૫૩
રવિ-ખાંડાધાર તુમ કોણ ઠરાવો, કોણ ગુરૂકા ચેલા;
ઉસ મારગકા મરમ ન જાણો જાડપણે કરો જેલા. ૫૪
મીન વિહંગ તુમકું બતલાયા, સતગુરૂકી એ કુંચી;
કીડીકી ગત કોઉંક જાણે, તુમ કું બાત ન રૂચી. ૫૫
એમ-ઝીણા મારગ રહિત વાસના, મોહે અંદેશા એસા;
શિષ્યકું લે ચોરાશી ડારો, આપ તરોગે કેસા; ૫૬
બ્રહ્મ ભેદુ જનક વિદેહી, શુકજીકું સમજાયા.
ગરભવાસમેં ભયા પ્રકાશા, સોહી પરમપદ પાયા. ૫૭
રવિ-જનમ તણા એ શુકજી જોગી, ગરભવાસમેં કહાવે;
કામી ક્રોધી લેઇ પર બોધે, ચોરશીમાં જાવે. ૫૮

ખેમ-ઉલટી રીતિ અવિગત કેરી, જ્યાં જેસા ત્યાં તેસા;
    સાચ જૂઠ કરે જૂઠ સાચ કરે, બહોત ઉંનકા વેશા. ૫૯
રવિ એહી અરથ અનોપમ લ્યાયે, પતિજ ઠેરાઇ;
    જબલગ મન માયામેં ભટકે, તબલગ આવે જાઇ. ૬૦
ખેમ-જબ લગ કાયા તબ લગ માયા, તુમ કાયા નહિ ન્યારી;
    લઇ સોંપીએ સત્તગુરૂને, રહિયે આજ્ઞા કારી. ૬૧
રવિ-કયા ભયા માયાકું અરપે, મનછા કબી ન રહેવે;
    મીઠું બોલે સબકું રિઝાવે, અંતે માયા ગ્રહેવે. ૬૨
ખેમ-જો કરતા સો સતગુરૂ કરતા, સંત ન આણે આપા;
    શીર ઉપર બોજ ન લેવે, કદી ન લાગે પાપા. ૬૩
રવિ-મનછા નારી ઠગણી ભારી, બીન દ્વારે કયું જાગે;
    વાસના પ્રકટે મન લબધાવે, સંત પોકારા આગે. ૬૪
    માયા બ્રહ્મમેં બ્રહ્મમાયા મેં, અરસ પરસ હે ભાઇ;
    હમારે મન તો એક બ્રહ્મ હે, તુમ બોત કહો ચતુરાઇ. ૬૫
ખેમ-એક બ્રહ્મ બોલે નહિ ચાલે, તુમ રાહ પકડયા આડા;
    વિષયમાંહે બહુ વિંટાઇ, સરજે ચોરાશી પાડા. ૬૬
    વૃદ્ધિ ખોટ આવે નહિ હમકું, કૂડ કપટસેં ન્યારા;
    જે કોઇ બોજ લેવે શિર ઉપર, બચે નહિ બિચારા. ૬૭
રવિ-કૂડ કપટ હમ કછુ બોલત નહીં, તુમહી તંત બતાવો;
    આકાશેથી બુંદ ઉતરે, ફીર બંધાયો દાવો. ૬૮
ખેમ-દાવા તુમકું દુખ દિખલાવે, ચેલા બંધન માંહી;
    તુમ જાઓગે જયાહાં સુરતા તુમારી, ચેલા થોડા કરહી. ૬૯
રવિ-ગુરૂ ગુરૂ કહી પડે વિષય મેં, તારે અંધો અડશે;
    વચને બાંધ્યા શુણ ગુરૂ ભાઇ, ગોથું ખા કુંપડશે. ૭૦

એમ-ઇતની સમજણ હુમકું નાંહી, એ ગુંચવણી હે ભારી;
મહા બરતીકી ચાલ તુમારી, કયું કર હોવે ન્યારી. ૭૧
રવિ-સબી નિવેડા શબ્દે શબ્દે, તુમકું બતાયા ન્યારા,
અબ વાડાકા બંધન તોડો, નામ ગ્રહો નિરધારા. ૭૨
એમ-એક બુંદકા જગત ઉપાયા, જોગી પીર ફકીરા;
સોઈ બુંદ સકલ ઘટ વ્યાપક, કહાં રંક કહાં મીરા. ૭૩
રવિ-સમજણ કરી દયો શબ્દે શબ્દે, તોડો જુઠી આશા;
એહી બુંદકું સ્થિર કરી રાખો, નિર્ભય થાઓ નિરાશા. ૭૪
નિર્ભય થાઓ નિરાશા ભાઇ, હોય કરમકા નાશા;
મોહ બંધન છૂટે જબ હંસા, કટે કાળકા પાશા. ૭૫
તીન પહોર લૌ ચરચા ચાલી, શબ્દ માર બહુ લાગા;
અખંડ વસ્તુ રવિદાસે બતાઇ, એમકા ખતરા ભાગા. ૭૬
મુન ગ્રહી બૈઠ રહે ભાઇ, સિદ્ધ અંટોલુ આયા;
અવાચ વાણી અબોલ બોલ, એમદાસ સમજાયા. ૭૭
અવાચ વાણી અબોલ બોલ, રંગ વીરંગે રીઝયા;
અગાધ વસ્તુ રવિદાસે બતાઇ, સત્ શબ્દ ગ્રહી સીઝયા. ૭૮
હમહે પરદેશી પંખી કૂડ કબુ નહિ બોલે;
નીજ તત્વ તુમકું બતલાયા, હમહી શબ્દકું તોલે. ૭૯
ગેબીઉવાચ-ગેબી કહે ખતરા મત રાખો, એમ ખરી નિશાણી;
સત શબ્દ જેણે નહિ લખિયા, માયાએ લીધા તાણી. ૮૦
એહી ગોષ્ઠી ગુરૂ ગુપત જ્ઞાનકી, યોનિ સંકટ નાવે;
રતિ રેખ સંશય જો રહેવે, ફેર ચોરાશી પાવે. ૮૧
ભાણ કબીર રવિ એ કહી અંગા, જુગતે કરીને જાણો;
રૂપ અરૂપ વ્યાપક વસ્તુ, સોઇ પ્રકટ પરમાણો. ૮૨

પ્રેમદાસે શીષ નમાયા, ભાગ્યા દીલકા ધોખા;
સહેજ શુન્ય મેં જાઈ સમાયા, મીટયા હરખને શોકા. ૮૩
પ્રેમદાસકા ખતરા ભાગ્યા, આવ્યા અનભે માહી;
બાહ્યા ભીતર સત્ શબ્દ પાયા, આવા ગમન મિટાઈ. ૮૪
પ્રેમ કહે ખતરા અબ ભાગ્યા, શામહેરદાસ સત્ પાયા;
જીવન પ્રતીત ઠેઠ કીઆ, અમર પુરૂપ મેં સમાયા. ૮૫
સત્ ગુરૂકા શબ્દ ગ્રહીને, વાડા તોડી વળિયા;
બ્રહ્મ અગ્નિમાં વાસના બાળી, અમર પુરૂપ મેં મળિયા. ૮૬
સત્ ગુરૂ શબ્દ પ્રેમ પ્રીતસે, રવિદાસ રંગ લાયા;
અન્ય ધર્મકી રાહ છોડાઇ, મનકા મતા તોડાયા ૮૭
સત્ ગુરૂ જ્ઞાન ગ્રહી સો પહોતા, સત્ નામ પહિચાના;
સત્ ગુરૂ સમીપ કહે કુંવરજી, સેજે સેજ સમાના. ૮૮

કાવ્ય છંદ (કવિત.)

ભાણ ગ્રહ્યા સત્ ભેદ, સાહ્ય રહે સત્ નામકા,
બેલ્યા સબહી માંહી મહા વરતી કો ડંકા;
ગુંજ ગુપતહી રાખ ધજા ધર્મકી કીની,
આપ ન્યારા હોય કે, મોટપ ઓરકું દીની. ૮૯
આપ ન્યારા હોય ભેદ નિરાળા રાખ્યા;
નમીયા કાંઇ નરેશ દીલકા કાંય નવ દાખ્યા;
આયા અલખ અવાજ ચલનકું ચેતન આઇ,
અકળાયા દિલમાંહી, ગુંજ કું કહાં સુનાઇ. ૯૦
ખોજ બિચાર્યા માંહે હંસ અપના ભાળ્યા,
કોણ દેશ પે જાઉં ધ્યાન હ્રદય મેં ધાર્યા:

પુરૂપ પહિચાન દક્ષિણ મેં ચલે ગોસાંઇ;
શોધ લાયા તબહંસ મળી અંતર ઓળખાઈ. ૯૧
કરી ગુંજ પરગટ ઉજાગર હુઆ રવિદાસા,
ગ્રહ્યા તેગા જબ હાથ કાળ કપટી ત્રાશા;
આતમ તત્વ વિચાર બાત ઓર ધરે નહિ કાના.
ખટ દર્શન પંથ બાર સમજી કે ધરિયા ધ્યાના. ૯૨
આપે ન્યારા હોમ નિરંતર નેહ આયા,
શબ્દ ગ્રહ્યા સત જાણ ફેરા તુરત મિટાયા;
ભાણ કે ઘર માંહી પ્રથમ સંત પ્રતીતિ આણું,
રવિદાસ ઉજાગર સંત નિજ ટેક પરમાણું. ૯૩
સતગુરૂ શિષ્ય હોય એક દ્વૈતકા ધોખા ગળિયા,
ઈસમે આણે ભ્રાંત ભવસાગર કબુ ન તરિયા;
રવિદાસ સુણાયા શબ્દ ઝડપ લીયો જીવણ બાઇ,
મદ જોબન કા જોર મિટાઇ અંગ શીતળતા આઈ. ૯૪
સતગુરૂ ગ્રહ્યા હાથ દેશમેં પહોચે જાઇ,
મૂળ પ્રતીતિ ઉપદેશ બાર પંથકે માંઇ;
પરચા છત્રીશ શબ્દ ગ્રહ્યા શામદાસા,
ભાગ્યા સબહી ભરમ અંતરગત ભયા ઉજાસા. ૯૫
ગ્રહી નામકી ટેક શબ્દ સુખ સદા ઉચાર્યા,
મરજીવા હુઈ મન બેઠે સદગુરૂકી લાંરા;
પહોચ્યા પરગટ દેશ જબ મનકી આંટી છૂટી,
મેટયા થાપ ઉથાપ કરમકી સાંકળ તૂટી. ૯૬
એમ ગ્રહ્યા નિશાન પ્રકટ આરતિમે ભાખ્યા,
અનહદ કેરી શુદ્ધ તબહી આપા નાખ્યા;

રામ રહે ઉંન લાહાર જયહાં પતીજ ડેરાઇ.
જાકા મનહી જયહાં તાકા ડેરાયા તાંઇ.

દોહરો.

શ્રુતિ શિખર અહઠાવિગ્યા, સુંના સંત ચિત લહાય:
કુંવરજી સકળાહી ભળ્યા, નીર સમુંદર માંહે સમાય. ૯૮
મૂળ ઇઠયાશી શબ્દ હે, નવ કવિત સુખવાસ:
દો દોહાહે અંતમે. કહે કુંવરજી દાસ. ૯૯

અથ શ્રી રવિસાહેબની બોધચેતામણિ.

સાખી—સતગુરૂકે પરતાંનેસેં. બોલ્યાપંડ પ્રમાણ:
પરમ શૂન્યમે પરમ તત્વ હે, દરશ્યા ગડયાહે નિસાણ. ૧

ચોપાઈ.

આગ્યા ગુરૂકી પાઉ. ગાથા પ્રેમકી ગાઉં.
સંગત સાધુકી કીજે, પ્યાલા પ્રેમકા પીજે. ૧

સતગુરૂ સંત સરજણહાર. વામે ઓર નહીં વિચાર:
જડ ચેતન્ય સરવે એક, એસી રાખ મનમે ટેક. ૩

હું તું કરતહે બે કામ, બોલે આપ આતમરામ;
અવસર જાતહે તેરા. ફરેગા બોતહી ફેરા. ૨

ચોરાસી લક્ષ જીવા જંત, ફરતાં નહીં આવે અંત;
આવાગમનકા ફેરા ફરેગા જીવડા તેરા. ૪

ગુરૂ મુખ ચેત લે ભાઇ. પીછે બોત પસ્તાઇ:
પાઇ ભલી નરદેહી, સમરલે રામ સનેહી. ૫

અરધે ચંદ્ર અરધે શૂર, સુખ મન મધ્યેં વરસે નૂર:
ઓહુ નૂરહે ભરપૂર; અખંડ રામ હાલ હજુર. ૩૦
હીરા રતન મોતી લાલ, દામનિ હોતાહે ચમકાર;
બ્રહ્મરંદર દરસે સાર, તુરિયાતીત બોલનહાર. ૩૧
ભોમી પાણી નહીં પવના, ચંદા સુરજના ગગના:
દેવી દેવતા નાહીં, ત્રિગુણી માયા નાહીં ત્યાંઇ. ૩૨
આદ્ય અંત અલખ એક, જાકો રૂપનાહીં રેક:
બેહદ ઉપરેહેં બિંબ, અવિગત ઓળખો રે અંબ ૩૩
અંધા દેખતાહે દૂર, અવિગત રહ્યાહે ભરપૂર;
રસના કરો ટુકડા વીસ, પાપ નિભજ્યા નહીં જગદીસ. ૩૪
અખિયાં ભરો રાઇ લુણ, હરિબિન દેખતીહે જુણ:
સરવણ મેલસી સાગાલ, હરિવિણ સુણે આલપંપાલ. ૩૫
મસ્તક નહીં પથર જાણ, ગુરૂ પદ નામ્યો નહીં નિરવાણ:
મન માને સો કરિયો મીત, અવસર હાર ભાવે જીત. ૩૬
અવસર ભલાહે તેરા, છુટે જન્મકા ફેરા;
સત સંગત સીજે કાજ, લક્ષ કોલહે છોડી લાજ. ૩૭
કર ભજન કલપ ક્રોડ, સત સંગત બિન સબ સોર:
વરસ લક્ષ રહે ગુફા માંઈ, સત સંગત બિન પરલોક ૩૮
સતગુરૂ શબ્દ ગ્રહે મન માર, પરગટ દસાકા પરકાર;
સાધુ સંગ સેજે જોગ, હોવે વસ્તુ સરવે ભોગ. ૩૯
દસાં દ્વાર આગે તીન, અક્ષરાતીત બ્રહ્મકો ચીન:
વેદાચ્ચારકો કર બંધ, સોધીલે સતગુરૂકો સંગ. ૪૦

તામેં દોચી ઉલટા ખંચ, આપાટાલ્ય ઉલટા સંચ;
અંજન સતગુરૂ અંજે, કમાડી ભુમકી ભંજે. ૪૧

નિકાસે સતગુરૂ પડલા, ઉગ્યા સુરગ્યા બડલા;
નાભી કમલમેં જોતી. અખંડ હોત ઉદ્યોતી. ૪૨

ઝલમલ અખંડીત ઝલકે, દોહુ દિસ બીજલી ચમકે;
કોટીક સુરજ અજવારા. નરખ્યા નૂર અપારા. ૪૩

તારા અગણીતેં ફુલ્યા. માણુક મુક્ત અમૂલ્યા;
હીરા રતન બહુ હોઇ. સતગુરૂ શબ્દ નિરખ્યા સોઇ. ૪૪

દલમે દેખીયા જબહી, હુમતમ મટિ ગયા તબહી;
કરતવ મિટયા હુરી કાયા. સાહેબ સકલ તન છાયા. ૪૫

સતગુરૂ ભેદ કીયા સાચા. લહ્યા બિન રહ્યા સબ કાચા;
પાસેં ગુરૂકે જાવે, પારખ પલકમેં પાવેં. ૪૬

ચતામણિ કહી સાચી, સુરતી પિયુ રંગ રાચી;
કેવ સાંભળે ગ્રહેવે જેહ. હોવે વસ્તુરૂપ વિદેહ ૪૭

ચારંઇશેર લોહર વંશ, પ્રગટે ભાણ ટાળણ કંસ;
વાકા બાલકા રવિદાસ, અનુભે કથ્યો દ્રઢ વિશ્વાસ. ૪૮

રવિદાસકે અક્ષર ચ્યાર. અક્ષરેં અક્ષરે બ્રહ્મ વિચાર;
રેરા જાણુરે રંકાર. વરલા વસ્તુ લે વિચાર. ૪૯

દલ દરિયાઓ નજરેં નુર, શોહુ સકલ હે ભરપૂર;
સંવત અષ્ટ દશ પરમાણુ. વરસાં વીસ હે ઉનમાન. ૫૦
આસુ શુદ પાંચમ દીન, ચેતામણિ પૂરી કીન;
સેરખીગામ શુભસ્થાન, સતં શાસ્ત્રકા ચકવે ગ્યાન. ૫૧

એકલ બારા મહી કિનારા, કહે રવિદાસજી તંત વિચારા;
ચેતામણિ ચિત્તવે નર સોઇ, તાકો આવાગમન ન હોઇ. ૫૨
ચેતામણિ આતમ લક્ષ, કહે રવિદાસજી તે નિરપક્ષ:

સાખી.

દલ નાભીસેં ઉઠતાહે, સમ્યા સીસ બ્રહ્મદ્વાર;
રવિદાસ રંગ લાગિયા, અખંડ જયોત અંબાર. ૧
દલ બોજી દે સીમલ્યા, પ્રેમ ઉદાસી જીન;
રવિદાસ વિછડે નહીં, જયોં જલસેતી મીન. ૨
ઇતિ શ્રી રવિસાહેબની બોધચેતામણિ સંપૂર્ણ.

श्री.

आत्मबोध भजनचिंतामणि.

ગુરૂસ્તુતિ પદ. રાગ—ભેરવી.

ભાણ ભએ જગતારણકા, પુનિ કારણ કોણ કળે!
વશ વરતે સબ જગત વિરક્તકા, ધારણ ક્યોં ન ધરે? ટેક.
ઇંદુ યા સિંધુ સમાન મનોવૃત્તિ, સરિતા ક્યાં ન તરે?
ધારણ ધીરજ ધ્યાન ધરો ગુરૂ, કળિમળ ક્યાં ન હરે? ભાણ૦ ૧
આદિ અનાદિ સદાએ સદોદિત, ત્રિય વિધિ તાપ હરે;
જો માનો ઉપદેશ ગુરૂકા તો, પલમાંહી પાર કરે ભાણ૦ ૨
પાર અપાર વિચાર વિના, મૂંઢ ક્યાં અભિમાન કરે?
આતમ ગ્યાન ગુરૂ બિન સેવા, માયા જાલ પરે ભાણ૦ ૩
સ્પષ્ટ વિચાર વૃથા મતિ ભૂલત, બાહેર કાંય ફીરે;
ધ્યાન ધરો ધણી એક અખંડિત, પંડિત કાન ધરે. ભાણ૦ ૪
ભક્તકે તારણ તંમ નિવારણ, સાગર પાન કરે;
ભાણ રવિ ગુરૂ ચર્ણ ગૃહી જીન, નિરભે રાજય કરે. ભાણ૦ ૫
જાગૃત જોગી બ્રહ્મરસ ભોગી, ઉન મુનિ ધ્યાન ધરે;
દાસ છગન ગુરૂ સ્તવન કરે પ્રભુ, નિશદિન વિઘન હરે. ભાણ૦ ૬

પદ. ૧ લું. રાગ કાફી.

કરતાનો પંથ કરડો રે, ઉલટ અટપટી આંટી;
શીર સાટે સોદા રે, ઔઘટ ઘાટ ઘાડી ઘાંટી. ટેક.
હાંશી ખેલ નહીં હીમત બીન, શૂરા તણો સંગ્રામ;
સુરત નુરત ને ધ્યાન ભલા ગ્યાની, નથી કાયરનું કામ;
અગમ પંથ એવો રે, અલક્ષમાં લક્ષ ચોટી. કરતા૦ ૧
દેખાદેખી જોગ આરાધે. તનથી ના મળે તાળ;
કઠણ દૂધ સિંહણકેરૂં. પીએ સિંહણના બાળ;
બીજા પીવા ઇચ્છે રે, મિથ્યા સરવે વાત ખોટી. કરતા૦ ૨
કાચના મંદિરમાં શ્વાનજ પેઠું, દેખ્યો પોતાનો દેદાર;
પ્રતિબિંબ દેખીને ભસવા લાગ્યું, ભસ્યાં શ્વાન હજાર;
આભાસે અકળાયો રે. મુઓ સિર કૂટી કૂટી. કરતા૦ ૩
મન બુદ્ધિ વાણીમાં ન આવે, ગુરૂ ગમ જડે એવું ગ્યાન;
અજર અમર અખંડ અવિનાશી, તે ઠરવાનો ઠામ;
રવિ સુપ્રસિધ્ધુ રે, રહ્યુ ઘટ ઘટ ગોઠી. કરતા૦ ૪

પદ ૨ જું.

મેરમ મળિયા રે, આંટી ત્રિવિધની ટળી;
નવ તત્વની રે, વાસના લિંગ ગળી; ટેક.
આ વિશ્વ આ વિશ્વવંઝા પુત્ર છે, અહીં લોક પરલોક;
વિના સમજ સાચું કરી માને, દ્રષ્ટ પદારથ ફોક;
સત ગુરૂ શબ્દે રે, અંતર ગાંઠ ગળી. મેરમ૦ ૧

જપ તપ તીરથ વેદ પુરાણ ને, શું પડવાનું કામ?
સાધન જોગ કલ્પના છૂટી, સઘળે સરખા રામ;
આવરણ મટિયાં રે. ખટપટ સરવે ખળી. મેરમ૦ ૨

અંધકાર આથમિઓ સરવે, હુઓ અર્ક અજવાસ;
સાધન સઘળાં સમાં સિદ્ધાંતે, પ્રગટ્યો બ્રહ્મ પ્રકાશ;
છાત ઉઠી ચાલી રે. શક્તિ નવ શકે કળી મેરમ૦ ૩

હમ તુમ નાહીં કાંઇ જગત ન જંતુ, ભેખ ટેક નહીં ભાર;
રવિદાસ કહે અપાર અદ્વૈત, મહા તેજ અંબાર;
બલબલ જાઉં રે, મૂરતિ સુફળ ફળી. મેરમ૦ ૪

પદ ૩ જું.

આ જુગ માંહીં રે, દેહાભિમાન ઘણું;
તેણે કરી ભોગવે રે. આત્મા દ્વૈતપણું. ટેક.

તન અભિમાને મન અભિમાને, વચન અભિમાને કહે;
જૂઠું બોલે ને જૂઠું ચાલે, પછે લક્ષ ચોરાશી વહે;
ભજન તો રામનું રે, બેશી નવ કરે ક્ષણું. આ જુગ૦ ૧

સાચે મને સતગુરૂની સાથે, હરદે ન આણે હેત;
સંતને ન નમીઓ હરિને ન ગમીઓ, અવતરી થયો ફજેત;
સુખદુ:ખ વ્યાપે રે, આનંદ નહીં અણું. આ જુગ૦ ૨

આ મારૂં આ મારૂં મનમાં આણી, જાણી જતન કરે;
સુપન સમાન જાણે સુખ મૂરખ, અંતે અર્થ ન સરે;
કાંઇયે નથી લેહેનો રે, કારણ કુબુદ્ધિતણું. આ જુગ૦ ૩

જે જે નર અહંકારે પડિયા, રહેતા પોલજ દ્વાર;
તું પામર પ્રગટ પળાનો, નામ વિના નિરધાર;
જઈશ ઉડી રે, તુર જેમ આક તણું. આ જુગ૦ ૬
સત્ શાસ્ત્ર સંત સતગુરૂથકી, ઉપજે શુદ્ધ વિચાર;
આપું ટળે અભિમાન ગળે, એમ કહે રવિદાસ પુકાર;
થઇશ સ્વરૂપ રે, રતિએ ન રહે કાચું આ જુગ૦ ૫

પદ ૪ થું.

પ્યાલો તો પીધો રે, લીધો લગન કરી;
પરિબ્રહ્મ ભાળ્યા રે, અદ્વૈત સુભરે ભરી. ટેક.

સતગુરૂ મુખ શ્રવણે રસ રેડ્યા, ચોહ્યા હીરદા માંય;
સંધ સંધમાં રસ સંચરિયો, ઉન મુનિ રહ્યાં ઠેરાય;
સુરતી સેજે શૂન્ય થૈ રે, ઉતરે નાંહી ફરી. પ્યાલો૦ ૧
કથની બકની છૂટી કરિયા, કેહેના ગાયે ગીત;
બોલણહારો ખોવાણો જયારે, આપે થયો અદ્રૈત;
પારો ગળી પાણી રે, હતો તેમ રહ્યું ઠરી. પ્યાલો૦ ૨
લાલચ લોભ નહીં માયા, આગ્રણ પામ્યા અરત;
નવ પંદર અભ્યાસ અંતરથી, મટી ગઇ પીડ સમસ્ત;
નજરે ન આવે રે, દુજયો કોઈ વિના હરિ. પ્યાલો૦ ૩
ગુંગે સાકર ગળી ગળામાં, સમજ સમજ મુસકાય;
રવિદાસ રસ કહે કોણસે, વસ્તુ વણ જીવ્હાય;
ઘટોઘટ બોલે રે, સ્વાંગ અનેક ધરી. પ્યાલો૦ ૪

પદ ૫ મું.

કોટિક કલ્પના રે. કર્મ મારાં દૂર થયાં;
સતગુરૂ શબ્દ રે, ચર્ણ તમારાં ગ્રહ્યાં. ટેક.

પિયુ મારા પિયુ મારા પ્રેમે પધાર્યા, મુજપર કીધી મેહેર.
લાલચ હતી મને લાલ મલ્યાની, થઈ છે લીલા લેહેર;
અખંડ વિરાજો રે. હવે જુગદીશ ઈહાં. કોટિક૦ ૧

પલક ન છોડું પ્રીતમ તમને, રાખો રૂદિયા માંહ્ય.
શું કરશે શોકયલડી ધૂતારી, જેની બુદ્ધિએ બળ નાહી;
મેરમ મેણાં રે, તમ સારૂ સબળ સહ્યાં; કોટિક૦ ૨

ઉઠતાં બેસતાં હસતાં ને રમતાં, દિન દિન અધિક સ્નેહ.
ત્રિવિધિ તાપ સમ્યો આ તનમાં અમૃત વુઠયા મેહ;
હવે નહીં જઈયે રે. વેહેને પૂર વહ્યાં. કોટિક૦ ૩

સકળ ભુવનમાં તુજ વિણ વા'લા, અવર ન દુજો કોય.
રવિદાસ રસબસ હરિ રસમાં. આવાગન ન હોય.
અંતર ભાગ્યો રે, સુખ નવ જાય કહ્યાં. કોટિક૦ ૪

પદ ૬ હું.

ઓરા હરિ આવો રે, આગળ નજરતણી;
નિશદિન નિરખું રે, શોભા સરસ બણી. ટેક.

મારા સમ મારા સમ મારા વા'લા, અળગા કાંય માં જાવ;
તમ વિના રંગીલા રસિકવર, લીજે કોણસેં લ્હાવ?
વિઠ્ઠલ અમને રે, વ્રહેની દાઝય ઘણી. ઓરા૦ ૧

અબળા ઉપર આનંદ આણી, ભેટયા ભૂધર આય,
આ તક છે ઉપર લીધાની, ક્ષણભંગુર છે કાય;
ધૂર્ત વિદ્યા મેલો રે, સુંદર વર શ્યામ ધણી. ઓરા૦ ૨

કામ ધામનું પ્રભુજી અમને, ગમતું નથી લગાર.
ત્રહ્યુ વારિ ચારૂ નહીં લાગે, નિંદા કરે નરનાર;
આંખ કલહની રે, ખટકે કુબુદ્ધિ કણી. ઓરા૦ ૩

દીયેર જેઠ સસરો નણદોઇ, ઘર વર છેલબટાઉ,
પાંચ મળીને પીડે મુજને, કજીઓ કરે નિત્ય કાઉ;
છુટ્યા નહીં છુટો રે, તુમસે આય બણી. ઓરા૦ ૪

સામું જુઓ સામું જુઓ સન્મુખ થઇને, જાવા નહીં દેઉં જરૂર,
રવિદાસ પ્રભુ રીઝયા હરિ રસમાં. હરખી મળ્યા રે હજુર;
પ્રીત પ્રગટ થઇ રે, સઘળે વાત સુણી. ઓરા૦ ૫

પદ ૭ મું.

ભક્તવત્સલ છો રે. ભક્ત આધિન હરિ.
તમારા પદ પરસે રે, જગતમાં ન આવે ફરી. ટેક.

તારા સ્વરૂપની શોભા શી વર્ણવું, નીગમ રહાયે ચરી;
ત્રિગુણાત્મક તુજને નવ જાણે, માંહી તારી અંશ ધરી;
તે પણ ભૂલ્યા રે, બળ અહંકાર કરી. ભક્ત૦ ૧

મુગટ સુંદીર કમળ દળ લોચન, અમૃતના ભંડાર;
રામચંદ્ર કર કમળ શોભિત. ધનુષ્ય બાણ હથિયાર;
ભક્ત નેહ પાલણ રે, અસુર સંહારણ અરિ. ભક્ત૦ ૨

રામ લક્ષ્મણ ગુરૂ સાથે આવ્યા, સ્વયંવર રચિયો જ્યાંહ;
સીતાજીએ રઘુનાથ નિરખયા, આનંદ ઉર ન સમાય;
વચન પ્રભુ પાળ્યાં રે, આણે સમે કહે શ્રી હરિ. ભક્ત૦ ૩

જનક સ્વયંવર રાજા સૌ મળિયા, ધનુષ્ય ન ભાગ્યું કોય;
રાવણ સરખા કંઈ કચરાણા, બળરહિત સહુ હોય;
રામ રામ સમરે રે, સીતાને મન ચિંતા ખરી. ભક્ત૦ ૪

બાળક રૂપ સુકોમળ કાયા, કરમાં ગ્રહ્યો રે કમંડ;
દાનવ દેવને દેખત ભાંગ્યું, તેનો કડાકો વાગ્યો બ્રહ્માંડ;
જાન તેડાવા રે, જનકની તનયા વરી. ભક્ત૦ ૫

પરશુરામ ખુંખારી ઉઠયા, મનમાં સોચ ધરી;
સન્મુખ ભેટયા રામ દશરથ તન, બળ લીધું બાણુ હરી;
હું બ્રહ્મમય છું રે, અખિલ રામ સચરાચરી. ભક્ત૦ ૬

અનેક સંત તમે આગે ઉદ્ધાર્યા, પતીત પાવન રામ;
અનેક પતીતતણા હું રાજા, નિજ રવિદાસ કરે રે પ્રણામ;
નિજ નામ ગ્રહું રે, ટેક એક ઠીક કરી. ભક્ત૦ ૭

પદ ૮ મું.

શ્રીકૃષ્ણ કર્ત્તા રે, કારણ મહા કારણતણા,
ગોકુળમાં આવી રે, રાધાને રસ પાયા ઘણા;
વસુદેવકીના સુતને વરણવે, વેદ નેતિ નેતિ ગણ્યા;
ગોપ ગોપીને બહુ સુખ આપ્યું, નંદ ઘેર આવી ભણ્યા;
ઘેર ઘેર ગોરસ રે, પીતાં નવ રાખી મણા. શ્રીકૃષ્ણ૦ ૧

બાલપણામાં ચોરી બહુ કીધી, કંસના દૂત હણ્યા;
વર્શીયન ચુસી પાર પમાડી, એવા નારાયણા;
શેષનાગ સમરે રે, જેહને સહસ્રફણા. શ્રીકૃષ્ણ૦ ૨

ગોવર્દ્ધન તોળયો વૃજ બુડતાં રાખ્યું, ગિરિનું વધાર્યું માન,
પોતાનું ધામ દેખાડયું વૃજજનને, નહીં કોઇ પ્રભુ સમાન;
આજ ઇંદ્ર નમિયા રે, નિરખીને બહુ જણા. શ્રીકૃષ્ણ૦ ૩

કાળીનાગ નાથ્યો ને કંસને પછાડયો, કુબજાની પાળી
અક્રુર ઉદ્ધવ વિદૂર વિદુરવધુ, રાખી પ્રીતની રીત;
પાંડવ પાળ્યા રે, જાણીને પોતાતણા. શ્રીકૃષ્ણ૦ ૪

રવિદાસ કહે ચરિત્ર હરિમાં, ગણતા ન જાય ગાયા;
સતગુરૂ શબ્દ ગ્રહી ગુણ ગાવા, તે દીલમાં દર્શાયા;
નેણાંથી નહીં ન્યારા રે પુનરપિ જનમ હણ્યા. શ્રીકૃષ્ણ૦ ૫

પદ ૯ મું.

ભક્તિ શૂરાની રે શીર સાટે રમે રે.
રણવટે ચઢે ચોગણો રંગ;
શબ્દને બારણે રે શરીર વીંધીયે રે,
વીંધે તેમ વાધે ઉમંગ અંગ. ટેક.
પ્રથમ પેહેરી રે કમર કટારિયું રે,
ઉપર પેટી બાંધી પ્રેમ;
ભજનનો ભાલો રે ભલો બુજાયે અહો રે.
ખેલ કરી ખાટી લેવા ખેમ. ભક્તિ૦ ૧

ખાંડાની ધાર રે ખરી વ્રત ખેલવું રે,
અંગ ઓઢી ચાલ્યા અગમ ભોમ્ય;
આપુને ટાળી રે આવ્યા આડિયે રે.
ચરતી પહોંતી જ્યાંહાં રહી વ્યોમ. ભક્તિ૦ ૨

ચાયલ ઘુમે રે ગુરૂગમ ગરદમે રે,
સાંમત સન્મુખ અરપ્યાં શીશ;
શીરવીના ઝુંજે રે સંગ્રામ સાથમાં રે.
પાંચને પ્રાજે કર્યા પચવીસ. ભક્તિ૦ ૩

સંશે દળ છેદી રે મોહને મારિયે..
સમર્થ સાચા પોડશ ધીર;
જત સત સાચે રે જગને જીતિયા રે.
મહાવૃત્તિ વીરલા સાચા વીર; ભક્તિ૦ ૪

અજીતને જીતે રે આદલ અદલ કરી રે,
આદું ધરમ ફેલાવી આણ;
મોરારના સ્વામી રે રામ રવિ બોલિયા રે.
નજીયા પંથી ચઢયા નિરવાણ. ભક્તિ૦ ૫

પદ ૧ લું રાગ સામેરી.

સતગુરૂ બોલ્યા રે મુસ્તક કરધરી રે.
સેવક સાચી તમારી સાખ;
પરગટ રહુંછું રે તાહરા પંડમાં રે,
દીલની દુગ્ધા કાઢી નાખ. ટેક.

આનંદ આણી રે અનુભવી ઓચર્યા રે.
પ્રેમી જનની સાથે પાળો પ્રીત:
જ્ઞાન ને વૈરાગ્ય રે ભક્તિ રસ ભાખિયે રે,
અંતર નિર્મળ રાખો રીત. સત૦ ૧
શીલને સંતોષ રે ક્ષમા બહુ ગમિયે રે,
સાચ દયા દીનતા બહુ હેત.
બાળકને સ્વભાવે રે રેહેવું એક રંગીએ રે.
વશ રાખો જીમ્યા ઇંદ્રી સમેત. સત૦ ૨
ગલીતાપણું ગંભીરાઈ રે અતિ ઘણીરે.
જેવા કાંઠ ગંભીર છે દરિયાવ:
લેહેર ને ઉઠે રે માંહિ સમાવિયે રે.
મન ગાળી ટાળિયે દેહીના સ્વભાવ. સત૦ ૩
કઠાર ને કંગલાઈ રે હઠ હરકટ ઘણી રે.
મુખના મીઠા ચિત્ત કલ્પાંત;
હરિજન હસે રે તેથી ન્યારા રહે રે,
અંતર અવગુણ નવ ધરે સંત. સત૦ ૪
તત્ત્વદરશી રે આગે સંત બહુ થયા રે,
જેણે કાંઈ નવ કહેનો દોષ;
મને ક્રમે વચને રે કેને નવ દુના રે,
તે નર જીવતા પામ્યા મોક્ષ. સત૦ ૫
દીઠી ને અણદીઠી રે કરે કોઈ અનુભવીરે.
સાંભળીને સમાવ કરે કોઇ સાધ,
ત્રખત ત્રવેણીએ જઇ આસન કરે રે,
અનાહદ સાંભળે અખંડિત નાદ. સત૦ ૬

હંસરૂપ થયા રે હંસને નિહાળતાં રે.
પૂરણ થયો ભક્તિરસ પ્રકાશ;
સંશય સરવે ભાગ્યો રે સાધુની સંગતે રે.
ભાણ ચરણ રજ કહે રવિદાસ. મ૦ ૬

પદ ૨ જું

સ્ત્રીને સ્ત્રીના સંગી રે તે નર શારથી રે,
હાંરે તેને દીલ દીધે ઉપજે દોષ;
કાંઇ એક ઉપજે રે મનને કામના રે.
હાંરે એનો વશાળી વાત કરેશ. ટેક
કામનીના નાદે રે કામી મરગલાંરે.
હાંરે તેને શબ્દે પાડે આ પાશ;
હેતને દેખાડી રે જીવને હેળવે રે,
હાંરે પછે નાખે નરક નિવાસ. સ્ત્રીને૦
ઉઠીને આશા રે સ્ત્રી ધનની કામની રે,
હાંરે એતો કાલા નહીં મન ઠીક;
વળગે ને ઝુએ રે કલપેકામિયા રે,
હાંરે એતો પ્રેત ન પૂજે નીક. સ્ત્રીને૦ ૨
હરિની માયા રે હરિ અરપણ કરે રે.
હાંરે જેને નામની છે આશ;
એવાની સંગે રે પ્રેમ પદ પામિયે રે.
એમ કહે ભાણ ચરણ રવિદાસ.

પદ ૩ જું.

સંગત કીજે રે મોટા સંતની રે,
હાંરે ભાઈ મહા દેશી મદરહિત;
કરે ઉપાસના રે દ્રઢ સતગુરૂતણી રે.
હાંરે ભાઇ ચોખ્ખાં જેનાં ચિત્ત. ટેક૦
કામને ક્રોધ રે લોભ નિવારિયે રે.
સંતને જાણિયે શ્રીજુગદીશ;
અંતર મહીંથી રે હું તું ટાળિયે રે,
સંતને સોંપીએ નિજ મન શીશ. સંગત૦ ૧
હરિરસ માંહી રે રસરૂપ થઇ રહ્યા રે,
હાંરે ભાઇ સતગુરૂ સાચા રામ;
પાંચ પચીશને રે પરપંચ પાર છે,
હાંરે એ તો અખંડાનંદનું ધામ. સંગત૦ ૨
તેહને લાગે રે આ તન વિસરે રે.
હાંરે તારે હારદ આવે હાથ;
આપણ સમાવી રે આદર દીજીએ રે:
હારે તારે નેહ જણાવે નાથ. સંગત૦ ૩
ભક્તિનો ધરમ રે છે નેહ કરમ તારે.
હાંરે ભાઈ કરશે વીરલા કોય,
શીશ ઉતારી રે સન્મુખ થઇ વઢે રે:
એમ કહે પૂરણ પૂકારી સોય. સંગત૦ ૪

દૃતીયારહિત રે મહાજન માલમી રે.
સત કરી કરિયે તેનો સંગ;
અભય વાચક રે અનુભવી ઉચર્યા રે:
સત સત રવિદાસ પુરૂષ અસંગ. સંગત૦ ૫

પદ ૪ થું.

શાસ્ત્ર કહે છે રે સત સંગ સાર છે રે.
સતગુરૂ શબ્દે કરે વિચાર;
અંતર વરતે રે અહુંતામળ ટળે રે:
રસનાએ રટીએ રામ પુકાર. ટેક૦
સતગુરૂ સંત રે રામ પરમાતા રે.
હાંરે ભાઇ એક સ્વરૂપ તું જાણ;
તન મન ધન રે સરવ અરપીએ રે.
હાંરે ભાઇ મેલિયે મનની તાણ. શાસ્ત્ર૦ ૧
સતગુરૂ ગરવા રે સંત પરમારથી,
સંતો નામ નાવ ભવ પાર;
ભક્તિના ભાવે રે સત સંગ બેશીએ રે.
હાંરે ભાઇ હરિ ઊતારે પાર. શાસ્ત્ર૦ ૨
તેણે ને મારગે રે તત્ત્વ પામીએ રે.
હાંરે તેને શરે વિહુંગમ મીન;
એક મન હોઇ રે શબ્દ સંભાળીએ રે,
હાંરે જેમ વરતી હોય તદ્લીન. શાસ્ત્ર૦ ૩

પિંડ ને બ્રહ્માંડ રે સુપનું સરવદા રે,
હાંરે સંતો જાગતાં થાએ નાશ;
અખંડ મંડળ રે રસ મગ્ન હોઇ રમે રે.
એમ કહે ભાણ ચરણ રવિદાસ. શાસ્ત્ર૦ ૬

પદ ૫ મું.

બ્રહ્મને અંસી રે બ્રહ્મરસ તે પીએ રે.
સંતો જેના કોમળ બ્રહ્મ સુભાવ;
તિમિર નહીં મૂલે રે તરણાં માંહ્યરે રે.
હરે તેને સદા નિરંતર સાવ. ટેક.

સદાને આનંદી રે રહે રામ રંગમાં રે.
હાંરે જેના સમજી સમાયા વેગ;
પર અવગુણ રે સ્વપ્ને જુવે નહીં રે,
એવા સંત પાળે સ્વતંત્ર નેગ. બ્રહ્મ૦ ૧

કરૂણા દ્રષ્ટ રે પેખે સરવને રે,
હાંરે જેનું ચિત્ત થયું ચિદ્રૂપ;
વાયુની પેરે રે વહે પણ નહીં અડે રે.
હાંરે જેને દરશ્યાં તત્વ અનુપ. બ્રહ્મ૦ ૨

કશાયને ચઢે રે અનુભવ જ્ઞાનનો રે.
જાણી સમજીને કરો રે સમાસ;
થાપ ને ઉથાપ રે તે કોનો કરે રે?
હાંરે સહિ પોતાનો પરકાશ. બ્રહ્મ૦ ૩

વિધિને ભેદ રે સુપને નવ સંભવે રે,
એવા સંત રહે આશ નિરાશ;
તત્વદરશી રે વિરલા વિશ્વમાં રે,
સત કહે ભાણુ ચરણુ રવિદાસ. બ્રહ્મ૦ ૪

પદ ૬ ઠું

જાગીને જોતાં રે સ્વપ્નું સમાઈ ગયું રે.
પ્રગટયો પરમાતમ પરકાશ;
સતગુરૂ દૃષ્ટે રે હરી વિના અન્ય નથી રે.
દીસે છે મિથ્યા માયા ભાસ. ટેક.

ઉલઝણ ભાગી રે સુલઝી સેજમાં રે,
મટી ગયા વાંક જાળના ફંદ;
સોઉ સનાતન રે સઉ ઘટ રમી રહ્યા રે,
વરત્યા અક્ષરાતીત આનંદ. જાગી૦ ૧

પહોંચી ન શકે રે બુદ્ધી ત્યાં બાપડી રે.
મન ને વાણીથી વરજીત વાત;
સ્થુલ સુક્ષ્મથી રે પર પરમાતમા રે,
નિર્ગુણ નિર્મોહી નેહ ચળ તત્વ. જાગી૦ ૨

સુના તીન રે સુનમે સોહામણા રે,
ઝળકે તેજ પુંજ ભરપૂર;
બાહર ને ભીંતર રે સમ રસ રામમે રે.
રવિદાસ ઝીલે બ્રહ્મસિંધુ નૂર. જાગી૦

પદ ૭ મું

સતગુરૂસાક્ષી રે અનંત કલ્પતણા રે,
સદા સર્વદા સંગી અસંગ,
ઉપજે ન ખપે રે વણસે ન વિકુસે રે;
લલિત લાલ અમૂલખ નંગ. ટેક
હીંડુ તો હીંડે રે નઈણાંની આગળે રે,
હેરૂંતો હરિ સનમુખ હોય;
બોલું તો બોલે રે અધર બોલમાં રે.
અકળ કળી નવ શકે કોય. સત૦ ૧
બેસુંતો બેસે રે અસ્થિર આશ ન કરી રે.
હસું તો હરજી હસી મકલાય;
જમું તો જમે રે હરિ આગળ થકી રે.
અહોનિશ અખંડ આનંદ થાય. સત૦ ૨
સુતી સોડ તાણી રે શૂન્ય મંડળમાં રે
ઝલમલ ઝળકે અખંડીત તેજ;
અમૃત વરસે રે અનહદ ગડગડે રે.
સુંદર સોહાગણી સુખસેજ. સત૦ ૩
બ્રહ્મરસ ભેદ રે નીજ પ્રેની લહે રે,
તત્વદરશી માણે સર્વે સુખ;
રવિદાસ હેરત રે પિયુ મેહેરા ઈશ મારે,
મુંગા તેને શું કહી દાખવે મુખ? સત૦ ૪

પદ ૮ મું.

સુરિનર વંદે રે શીતળ સંતને રે,
જેહને ભીતર નહીં અભિમાન;
શીળને સંતોખી રે ગરૂવા ગરૂ ગમી રે
અડગ અખંડ નિરંતર ધામ. ટેક.

શબ્દ રસાળ રે નેણાં અમૃત ભર્યાં રે.
કર્યો છે રાગ દ્વેષનો નાશ;
કરૂણાસિંધુ રે તત્વવેત્તા ખરા રે.
સમદૃષ્ટિ સમ પૂર્ણ સમાશ. સુરિનર૦ ૧

પાપ પુણ્ય રહિત રે હરિ રસને પીએ રે.
પાંચ પચીશને કીધા જેર;
મહાસુખ આપે રે સરવે જંતને રે.
નિર સંશે સંતને નહીં કંઇ વેર. સુરિનર૦ ૨

લક્ષ સ્વરૂપે રે આત્મ સંતની રે.
પ્રિછયું પોતે પોતાનું પોત;
જીવપણુ ટાળ્યું રે આતમ થઈ રમે રે.
સ્વે પરકાશીક અદ્વૈત જ્યોત. સુરિનર૦ ૩

તત્વ બતાવે યે વસ્તુ સ્વતંતરે રે.
જેમ કાંઇ ભાંડામે અમૃત્યકાભાસ;
રવિદાસ સંત રે સેવે અદ્વૈતપણે રે,
પુનરપિના આવે ફરી ગર્ભવાસ. સુરિનર૦ ૪

પદ ૯ મું.

સત ગુરૂ સાથે રે બાઇ મારે પ્રીતડી રે,
સમજાવી સાને પૂરણ બ્રહ્મભેદ;
કારજ ને કારણ રે બાઇ મારે સમ થયાં રે,
કર્યો છે કરમ ભરમનો ઉચ્છેદ. ટેક.

તનમન સોંપ્યું રે સત ગુરૂ ચરણમાં રે,
પ્રેમે શું પિયુજીને ઝીધા હાથ?
બાહર ને ભીંતર રે રસિક વર રમી રહ્યા રે.
નેણાંની આગળથી નવ જાય નાથ. સત૦ ૧
અજાણીને હુતી રે અનંત આવ્રણમાં રે,
સત ગુરૂજીએ પડળ કર્યાં છે દૂર;
અહોનીશ ઝીલું રે પ્રેમ આનંદમાં રે,
જયાંહાંને જોઉં ત્યાં હરિ ભરપૂર. સત૦ ૨
આપુને ભૂલી રે વસ્તુ વદેહમાં રે,
પ્રગટી પૂરણ બ્રહ્મ દશાય;
શુદ્ધને વિચારતા રે જેહ હતો તે રહ્યો રે,
અણછતા રવિદાસ નિરંતર ગાય. સત૦ ૩

પદ ૧૦ મું.

હું નહીં જીવ રે હું ઇશ્વર નહીં રે,
હું નહીં પંચ તત્વની ભાત;
હું નહીં ગુણ રે નિર્ગુણ નેહરા રે,
માહારૂં ને રૂપ સદા સાક્ષાત. ટેક.

હું નહીં પરા રે પસ્યંતી મધ્યમાં રે,
હું નહીં વેદ વેખરી વાણ;
ચારને દેહ રે નહીં માહારે વિષે રે,
માહારૂં તે પદ અવિચળ નિરવાણ. હું નહીં૦ ૧
હું નહીં શબ્દ રે નહીં પંચમાતરા રે.
હું નહીં મન બુદ્ધિ ચિત્ત અહંકાર;
હું નહીં જાગ્રત રે સુપન સુષુપતિ રે,
હું નહીં તુરિયા આદે ચાર. હું નહીં૦ ૨
રેણીમાં નહીં રે કરણી કોની કરૂં રે ?
સર્વનો પ્રકાશીક કૈવલ્ય નામ;
સ્વર્ગ મ્રત્યુ પાતાળ રે ત્રણ લોકમાં રે,
હું વિના ઠાલો નહીં કાંઇ ઠામ; હું નહીં૦ ૩
ધાતી ધે વરતે રે વિત્રિક ધામમાં રે,
સૌ નિરાલંબ તુરિયાતીત;
રવિદાસ શ્રીમુખ શ્રીકૃષ્ણ ઉચર્યા રે,
ભક્તિ મુને વશ કરે એ રીત. હું નહીં૦ ૪

પદ ૧૧ મું

ભક્તિને જોગે રે બ્રહ્મરંસ પ્રગટ્યો રે,
ઉગિયો એક અખંડિત સૂર;
આનંદ વાધ્યો રે માહારા અગમાં રે,
અદ્વૈત અનભે દુર્યાં દૂર. ટેક.

પરથમ વંદુરે સતગુરૂ સંતને રે,
જેણે ઓળખાવ્યા અવિનાશ.
નિજ પ્રેમ પ્રગટયો રે માહારા પંડમાં રે,
કહું રસ ઓધવ ગોપી સમાવાદ. ભક્તિ૦ ૧
એક સમે શ્રીકૃષ્ણ રે બેઠા આનંદમાં રે,
કહે હરિ ઓધવશુ નિજ સાન;
વૃજ જન રે મુજને વલ્લભ સદારે,
ઓધવ ઉપજ્યો મન અભિમાન. ભક્તિ૦ ૨
ગોકુળ જાવો રે ઓધવ રથ જોતરી રે,
રહેજો નંદ ઘેર જઇને રાત;
મહા સુખ દેજો રે સહુ વૃજનાર રે,
કરજો બ્રહ્મ દશાની રે વાત. ભક્તિ૦ ૩
ગોકુળ સધાર્યા રે ઓધવ રથ જોતી રે,
આવ્યા નંદ બાવાને ઘેર;
ભાવેને ભેટયાં રે નંદ જસોમતી રે,
પૂછી કહી શ્રીકૃષ્ણની પેર. ભક્તિ૦ ૪
ગોષ્ટિને કરતાં રે મટી ગઇ રાતડી રે,
પ્રગટી જયોત થયો પરભાત;
વાગે વલોણાં રે ઉઠી સહુ સુંદરી રે,
રવિદાસ મુખે ગોવિંદગુણ ગાત. ભક્તિ૦ ૫

પદ ૧૨ મું.

સૂરજદેવ ઉગ્યા રે ગો ગાળા છુટિયા રે.
કામની કૃષ્ણની લીલા ગાય;
પળ ન વિસારે રે કૃષ્ણ કૃપાળને.
ઓધવ મનમાં હરષિત થાય. ટેક.

એક સખી કહે છે રે સુણોને સાહેલડી રે.
આઇ મેં તો અચરજ દીઠું આજ;
છુટયો રથ દીઠો રે નંદજીને આંગણે રે.
આવ્યા શું મદન સુદન મહારાજ. સૂરજ ૧

સુણતાંમાં ચાલી રે સરવે સુંદરી રે,
નંદઘેર જાવા તત્પર થાય;
પ્રેમની ભીની રે સરવે પ્રેમદા રે,
એવે આવ્યા ઓધવ વ્રજ જુથ માંય. સૂરજ૦ ૨

મહાજન જાણી રે મળ્યા હેતમાં રે,
આસન પધાવ્યા નિજ જન;
વીંટીને બેઠી રે સરવે વ્રેહની રે,
ઉરમાં આનંદ આણી મન. સૂરજ૦ ૩

દીનજન જાણી રે અમને દયા કરી રે.
રંગીલાના સંગી વધારો રંગ;
કહો શું કહ્યું છે રે સ્યામી રવિદાસને રે.
ગોપીજન પૂછે પ્રેમ પ્રસંગ. સૂરજ૦ ૪

પદ ૧૩ મું.

ઓધવ કહોને રે રસીલાજીની રીતડી રે,
શાં સુખ ભોગવે છે સુંદર શ્યામ?
કુબ્જાની સંગ રે કઠણ થયા કૃષ્ણજી રે,
ગોવિંદાએ વિસાર્યું ગોકુળ ગામ. ટેક
જાણતાને હુતા રે નાથ છેહ નહીં દીયે રે,
અમશું છળ રમ્યા બળભદ્ર વીર;
સુખને સંભારતાં રે શુદ્ધ રહેતી નથી રે,
ધારણ વિના કહો કેમ આવે ધિર? ઓધવ૦ ૧
જે હરિ કહેતા રે તે તો અમ પાળતાં રે,
અમ સાથે રાખતા અતિ ઘણું હેત;
કૃષ્ણજી વિના રે અમારે કોઇએ નથી રે,
એહને સોંપ્યું તનમનધન સમેત. ઓધવ૦ ૨
ભરવાને જાતાં રે જળ જમુનાતણાં રે,
ઘનશામ રોકતા જમુનાના ઘાટ;
પાલવડોને સહાતાં રે દુરિજન દેખતાં રે,
વિનોદ કરતાં હરિ આવતા વાટ, ઓધવ૦ ૩
અનંત લીલા રે ઓધવ હરિતણી રે,
વ્રૃજની તો વિસરી ગયા હરિ વાત;
સ્વામી રવિદાસના રે સુખ સાલે રૂદે રે,
અમને તો સાંભરે દિવસ ને રાત. ઓધવ૦ ૪

પદ ૧૪ મું.

અરજ કરીને રે ઓધવ ઉચર્યાં રે,
ઘેલાં થયાં છે ગોકુળનીર નાર;
તપાશીને જુવો રે આ મન તનતાણુ રે,
મંદિરમાં તો બેઠા અખંડ મોરાર. ટેક.
ઘોહમાં મૂઝાયાં રે સરવે માનુની રે,
વિશે રસ સ્વાદે કરો છો વિલાપ;
પંડમે ભૂલ્યા રે આપ ચિન્યા વિના રે.
નથી મટયા તમારા વિવિધિના તાપ. અરજ૦ ૧
પાંચને પચીસ રે વિવેક વેહણી રે.
શુદ્ધ થઇ શોધો સકળ શરીર;
કાયાની મધ્યે રે આતમા કૃષ્ણ છે રે,
બેઠા હરિ તપત ત્રવેણની તીર. અરજ૦ ૨
અદ્વૈત જોતાં રે ઝળકે શૂન્યમાં રે.
નેણાંની આગળ હાલ હજુર;
કલ્પના મૂકો રે સર્વ કામની રે;
દામોદર નથી ગયા કાંઇ દૂર. અરજ૦ ૩
સમજીને ગ્રહો રે સાર સિદ્ધાંતનો રે.
દૂર્મત ટાળો દેહનો ભાવ;
રવિદાસ ઓધવ રે બોલ્યા સ્તુતિ કરી રે,
તનમાં ને ધનમાં માહાલે ભાવ. અરજ૦ ૪

પદ ૧૫ મું.

વળી વળી ઓધવ રે અદ્વૈત ઓચર્યા રે,
અંગમાં ઓળખો ને સુંદીર શ્યામ;
શું વલખોછો રે વિષે રસ પ્રિતમાં રે,
અંતર ઓળખો તો થાય આરામ. ટેક.

તનમનથી લેતાં રે કારણ કૃષ્ણનું રે.
હરિ નથી ગયા મથુરાં માંય;
ઉર્મીને બળે રે અબળા કાં ઉછરો રે,
દેખાને આતમ લક્ષ લેલાય. વળી વળી૦ ૧

દિલમાં વિચારો રે સરવે દામની રે,
ભામની ભરમ કરમ ભે અપાર;
અરથ ન સીજે રે આપ ઓળખ્યા વિના રે.
કહે છે એમ નિગમ નેતિ પૂકાર. વળી વળી૦ ૨

કલ્પના મુકો રે સરવે કામની રે,
એક કહું છું અરથ અનૂપ;
સતગુરૂ શબ્દે રે ગ્રહો સત્ ગામની રે.
સહેજ શૂન્ય નિરખો સત્ય સ્વરૂપ, વળી વળી૦ ૩

આવરણ મટતાં રે આતમ ભાસશે રે.
મન ગળે મોહનો થાશે નાશ;
આરત ભાગે રે આનંદ પામશો રે,
પ્રગટેશે પુરણ બ્રહ્મ પ્રકાશ. વળી વળી૦ ૪

પારખ આવે રે પ્રપંચ છુટશે રે.
દૃષ્ટ દેખે શો ઘટઘટ માંહ્ય;
રવિદાસ ઓધવ રે કહે શ્રીકૃષ્ણજી રે
આદિ અંતે મધ્યે તે અળગા નાંહ્ય. વળી વળી૦ ૫

પદ ૧૬ મું,

વળીને વિવેક રે ઓધવજી વદે રે.
હૃદિયે આણી મન આનંદ;
સાન તો કહું છું રે સરવે સુંદરી રે.
છુટે મોહ માયાનો ફંદ. ટેક.
ઝાઝપણામાં રે સો ભુલા પડયા રે.
પંડ વિના વળગો છો જઈ થુલ;
ભૂધરજીના રે ભેદ જાણ્યા વિના રે.
માલમ નથી થયું નિજ મૂળ. વળી૦ ૧
કહું છું દાખી રે દૂભાશો નહીં રે.
શબ્દ તપાશી કહું છું સત્ય;
સખિયો તમને રે સત ગુરૂ નથી મળ્યા રે.
મોહમાં મૂઝાણી છે મત્ય. વળી૦ ૨
એળે દીન વિત્યા રે આળપપાળમાં રે.
રમતમે રંગ અરસ સુરંગ;
જુગતે જાણીને રે પ્રભુજીને પુંજીયે રે.
વાધે નહીં તેથી વાસના લિંગ. વળી૦ ૩

હરિ વિના ઠામ રે કાંઈ ઠાલો નથી રે,
કામનીને વશ હાલ હજુર;
રવિદાસ ઓધવ રે કહું સિદ્ધાંતમાં રે,
ઘટ ઘટ નાથ નિરંજન નૂર. વળી૦ ૯

પદ ૧૭ મું.

ઓધવ ઓરયા રે અમળા સાંભળો રે,
દેહને તો જૂઠો જાણો રંગ;
અહંભાવે કરી રે જુગ સૌ આથડે રે.
દેહને દાવે વળગ્યું અંગ. ટેક
દેહતો વિકારી રે વળી વિખે ભરી રે,
અમૃત સરખું અન્ન જે પાય;
નિશાને વિતે રે વાસર પ્રગટે રે,
તેહનું તો નિશ્ચે નરકજ થાય. ઓધવ૦ ૧
સ્થાવર જંગમ રે માંહી સૌ કામનું રે.
સરવેને હરિ દે વિશરામ;
કામ ન આવે રે ગંધી દેહનું રે.
માનુની મિથ્યા રૂપ ને નામ. ઓધવ૦ ૨
એવી દેહને રે સાચી કરી લેખવે રે,
એમ કહે અમ સરખું નહીં કોય;
માને ભૂલાવે રે હરદે બહુ ઉલ્લસે રે,
ઉપમાને મોઢું મરડી રોય. ઓધવ૦ ૩

માનને મૂકી રે ધીરજ મન ધારીએ રે,
ત્યારે જાય દેહના સમૂળા ભાવ;
આપું વિસારિ રે અજ્ઞાન પરહરો રે,
તમારા તનમાં તત્વ સમાવ. ઓધવ૦ ૪
કલ્પના મૂકો રે શ્રીકૃષ્ણને ભજો રે,
ઘટ ઘટ પ્રગટ છે અવિનાશ;
રવિદાસ ઓધવ રે કહે આપા મધ્યે રે.
પરસોતમ છે પૂરણ પરકાશ. ઓધવ૦ ૫

પદ ૧ લું. રાગ મારૂ.

આ જુગ જૂઠા બાવરા વાસે પ્રિત ન કીજે,
પ્રેમ પ્રથમહી દાખવે રંગમાં બહુ રીઝે. ટેક.
હીણી બુદ્ધિ અવગુણ ધરે જો સરવસ દીજે,
પંડમાંહી પરપંચ ભર્યા બાહેર બહુ સીઝે. આ૦ ૧
ગરવ હોય નિજ ગુણ કથે વાકુ નાહીં પતીજે,
નીચા હોય કરહસ પડે મન વળગ્યું છે બીજે. આ૦ ૨
લાખ મણ લાકડાં બાળીયે તોએ કોરડા નવ સીજે,
મનમાં મોહ મીઠા ઘણા ખરૂં બોલે ખીજે. આ૦ ૩
રવિદાસ ભાણ પ્રસાદસે વાસે ન્યારા રહીજે,
આ જુગ જૂઠા બાવરા વાસે પ્રિત ન કીજે. આ૦ ૪

પદ ૨ જું.

કલિજુંગ કપટી કારમા દુષ્ટિ નર દેખા. ટેક.
સ્વારથ શીશ નમાવહી સેવા કરત વિશેખા.
સ્વારથ અપના ના સરે તવ ધરત દ્વેખા. ક૦ ૧
માંહોમાંહી કડે વઢે હરિજન નરેખા,
મરજાદા નહીં નિજ મરમની વણુસાડો વેખા ક૦ ૨
ગુરૂ લબાડ ચેલા લાલચી લુખા કરતહી લેખા.
ભુણે એશી ખોટી વિધા આપે ઉપદેશા. ક૦ ૩
પરપંચ પંથ ચલાવહી વચે પાડે સલેખા,
રવિદાસ ભાણુ પ્રસાદતેં એક લખ્યા અલેખા. ક૦ ૪

પદ ૩ જું.

આવ્યો તો અરથ સારવા સામો ગરથ ગમાવ્યો. ટેક.
સતગુરૂના શબ્દ માન્યા નહીં દીલમાં થયો ડહ્યો.
અંત સમે હુવો આંધળો ફેર ચોરાશી પાયો. આ૦ ૧
ભરમ કરમ માંહી ભૂલિયો બ્રિરજ વિના ધાયો.
કળના જડી કિરતારના સત્ નામ ના સાયો. આ૦ ૨
રાગ રંગમાંહી રીઝિયો ગુરૂ ગમ બિન ગાયો.
ઊંઘ આળસમાં અંજાઈ ગયો કાળ સર્પે ખાયો.
નુરત નિશાણું ન રાખિયો નામ લેતાં કાયો.
રવિદાસ તે નર ચુકિયા વારે વારે વહેવાયો આ૦ ૪

પદ ૪ થું.

સત્ ગુરૂ સાથે પ્રિતડી બીજા સે નહીં બોલું. ટેક.
જ્યાં મારા પિઉ પ્રગટ વસે તહાં અંતર ખોલું.

જ્યારે વાદળ ત્યાં વિસમુ કબહું નહીં ડોલુ. સ૦ ૧
તખ્ત ત્રિવેણી બેઠકે સબ વિશ્વકુ તોલું.,
હું તું નહીં તહાં હરખસુ સરવે રસ ઘોલું. સ૦ ૨

ચતુર ચંદનનું લાકડું શબ્દ વાંસલે છોલું.
ઘડતાં ઘડતાં ભાગીપડે મન જાણીયે મોલુ. સ૦ ૩

સંશે' સરવે સમાઈ ગયો વિસવાસે વરોલુ,
રવિદાસ બ્રહ્મ અગાધમે કરે ઝાકમઝોલુ. સ૦ ૪

પદ ૫ મું

સઈયેરસે સત્ બોલિયે એહ રીત અમારી. ટેક.
બેહદ કીજે વિરહણી દેઉ ગુજજર હઠયારી,

હદ હરકત કરતી ફીરે વ્યભિચારિણી નારી સ૦ ૧

સુરતી સમાવે શબ્દમેં નિરંતર નિરાધારી.
હુંતું મેટી પિયુકુ મીલે વસ્તુરંગકી યારી. સ૦ ૨

પ્રગટ પ્રત્યક્ષ પરખીએ નિરખ્યા નજરે નિહાળી.
બોધણલાલ સો લાલકી ઓર અગડ બલારી. સ૦ ૩

સુપન સરયો આનંદ ભયો સંશય દીયો વિસારી,
રવિદાસ સુરતી પિયુમે મીલી પિયુજીકી પ્યારી. સ૦ ૪

પદ ૬ ઠું.

બાલપણાની રે વાતડી કહિયે નાહીં કાંઈ. ટેક.
ગુંગાકેરી ગોઠડી સમી રહે મનમાંહી,
માણુ પણુ ગાણુ ગણી પનિયાએ નાહીં. બા૦ ૧
જેમ મલિયાગર રૂખડા આપુ રહે છુપાઇ,
છત તે છાની નહીં રહે સુગંધ શોતલાઇ. બા૦ ૨
પારા મેળવે અગ્નીમાં સાબુત રહાઇ,
કોટ કલા કંદર્પ કરે જો ઉલટ સુલટાઇ. બા૦ ૩
ઓચિંતા પિયુજીકુ પકડિયા નેનુમાંહી નચાઇ,
રવિદાસજીની સુંદરી પિયુ અલગા ન જાઇ. બા૦ ૪

પદ ૧ લું. ચાલ દક્ષીણી.

મેં બાળકસતગુરૂકા સેવક સંતનકા સંતનકા. ટેક.
સત્ ગુરૂ સકળ કલપના જારી,
હરિજન હે હરિકે હિતકારી.
હાનુ મીલ એક ટરત ન ટારી,
પારખ રતનનકા રતનનકા. મેં બાળક૦ ૧
સત્ ગુરૂ હે પુરૂષોતમ પૂરા,
જૂજણુ સંત સિપાઇ શૂરા;
જાય લીયા લંકાગઢ નૂરા.
ખોજન આતનકા આતનકા; મેં બાળક૦ ૨

સત્ ગુરૂ પરમ જ્યોત પ્રકાશી,
વસ્તુ લીની આપ તપાશી;
અડગ મતા એસે નિરાશી,
દેખણ તંતનકા તંતનકા; મેં બાળક૦ ૭

સત ગુરૂ સંત મુસ્તક કર દીના,
તાપર તાપે આતમ ચિના;
કહે રવિદાસ ભાણ ગુરૂ ઝીણા,
તો સાર વેદાંતનકા વેદાંતનકા. મેં બાળક૦ ૮

પદ ૨ જું.

કરો બંદગી સત ગુરૂકી નિરભય હોઇ જાના હોઇ જાના. ટેક.
જુઠી આ કળી જુગકી માયા,
કોટી ઉપાય રહે નહીં કાયા;
ઉપજા સોહી હે અલપાયા,
ગુરૂગમ જો જ્ઞાના જો જ્ઞાના. કરો૦ ૧

જુઠા માતપિતા સંગાથા,
આખર બખત ચલે નહીં સાથા;
સંત સેવી ભજ નિરગુણ નાથા,
છોડી દે અભિમાના અભિમાના. કરો૦ ૨

મનુષ્ય દેહ સુફળ તેં પાઈ,
કરીલે સાહેબસેં ઓળખાઈ;
તુળશી ત્રીક્ષ કહે ઘર ભાઈ,
જખ મારે જમરાના જમરાના. કરો૦ ૩

બંધે સસત તાલી લાગે,
આ વાગવણુકા બે સબ ભાગે;
અવિનાશી ચૈતન બ્રહ્મ જાગે,
નિરંજન નિરબાના નિરબાના. કરો૦ ૪

સહેજ સમાધી સહેજ સ્વરૂપા,
સકલ નિરંજન વસ્તુ અનુપા;
કહે રવિદાસ ત્યાં છાંય ન ધુપા.
મેરા ગુરૂ ભાના ગુરૂ ભાના. કરો૦ ૫

પદ ૫ મું

કીલ્લા લિયા આ તનકા, નિરંજન નિરગુણકા નિરગુણકા ટેક.
ઉંચી અલખ ગઢ પ્રેમ અટારી,
ત્યાં પોચે સાહેબકી પ્યારી;
ધું ધું નોબત બાજે ભારી,
બાજા અનહદકા અનહદકા. કિલ્લા૦ ૧

ગઢપર નીલ જંજાળા છુટે,
ત્યાંથે કાયર કાદલ ખુટે;
સંત ઝવેરી પારસ ઝુઝે;
પરચા ગુરૂકા ગુરૂકા. કિલ્લા૦ ૨

શૂરે સનમૂખ બાન ચલાયા,
કાયર કબહુ કામ ન આયા;
રંગ મંડપપર ધુમ મચાયા;
મરદંગ રણઝણકા રણઝણકા. કિલ્લા ૩

પાંચ પચીશુંકા દ્લહે ભારી,
કરડા રાજા મન અહંકારી;
તાથે રહી જગત સબહારી,
ડંકા સતગુરૂકા સતગુરૂકા. કિલ્લા ૪

નવ દરવાજા નિરભે કીના.
દશમા ઉપર ડેરા દીના;
પાંચ પચીશું જેર કરીલીના.
કિલ્લા સુરતકા સુરતકા. કિલ્લા૦ ૫

કહે રવિદાસ અજરાયલ જાણા.
પૂરણ બ્રહ્મશો પ્રગટ પહેચાના;
ભાન ગુરૂદેવ સહી કરી માણા,
સાહેબ પરમ સુનકા પરમ સુનકા. કિલ્લા૦ ૬

પદ ૪ થું.

ખુબ ખબર કર ખોજી કાયા ગુરૂ ગમસે. ટેક.
ઓ ઘટ ઘાટી ફીરકે આયા.
સોહં સીંગી નાદ બજાયા.
તરવેની પર ધ્યાન લગાયા,
ચઢીઓ અગમસે અગમસે. ખુબ૦ ૧

ભમર ગુફામે બ્રહ્મ નિશાની.
વંકનાલ સેજે વશ આણી;
ચંદ્ર સુરજ દોઉ ઉલટ સમાની.
ઉજાસ હરદમકા હરદમકા. ખુબ૦ ૨

ખેચરી ભુચરી ચાચરી માંહી.
વાસના પૂતલી રહી છુપાઇ;
જાતલી અખંડ જ્યોત જગાઇ,
ગુરૂકા એલમસે એલમસે. ખુ૦ ૩
અગોચરી અનહદ ધુન ગાજે,
ઉનમુન અખંડ પુરૂપ બીરાજે;
અનંત કોટ આદિત્ય હી લાજે.
સુખતણા સંગમસે સંગમસે. ખુ૦ ૪
નાદ બુંદ એક ઘર આણી,
મન વશકર પૂરણ બ્રહ્મમાંણી:
કહે રવિદાસ મટી ચોખાણી.
ભાગુંક કદમસે કદમસે. ખુ૦ ૫

પદ ૫ મું.

હરિજન જુગસે ન્યારા.
મુનએ સંસારી સંસારી;
સત ગુરૂકે શબ્દ સબ વાગ્યા.
અહંતામલ છેદ ન કીયા અળગા;
દોસર સંગ ઉલટ દીયા સુરંગા,
અંતર નહીં કારી નહીં કારી. હરિજન૦ ૧
ખાપે પિયે સુવે ઔર જાગે,
વરતી લાગી અખંડ બ્રહ્મ ધાગે;
એ રૂપ સરીખા અનુરાગે.
દીસત દેહધારી દેહધારી. હરિજન૦ ૨

અંતર ગતરસ ભયા નિરંતર,
પરગત સુજ્યા રામ સતંતર;
હારદ હારકા મીટયા પટંતર,
સુખદુખ સમધારી સમધારી. હરિજન૦ ૩

ઉનમુની મુદ્રાસેં ચિત ચોટયા,
કલ્પીત સાધન સરવે છુટયા;
અનહદ નાદ બજાયા ઘંટા,
બ્રહ્મજ્યુત ઉજીઆરી ઉજીઆરી. હરિજન૦ ૪

એસે સંત ફીરે મરજીવા,
દેહ પરમારથ અનંત કીયા દીવા;
જેને તુમ ચાહોવો પ્રેમરસ પીવા.
સંત ચરણ કરધારી કરધારી. હરિજન૦ ૫

અનેક સંત પોહોચ્યા સંત સ્થાનં.
થાપ ઉથાપ કહી નહીં કેને;
કહે રવિદાસ ફેરો નહીં તેને;
પુનરપિ અવતારી અવતારી. હરિજન૦ ૬

પદ ૧ લું. રાગ વેરાલગ.

સંતો ખોજી હદ બેહદકી બેહદ આગે ચલના,
નામહી રૂપ વિસારકે બ્રહ્મસાગર મિલના. ટેક.

હરદમે રામ ન પાઇએ બેહદ લક્ષ લાગી.
હોડી તજી એક બિચારીઆ સોઈ સંત વેરાગી. સંતો૦ ૧

હદ મરજાદા બેહદકી બેહુદ જોગ પસારા,
હદ બેહુદકી ગમ લહે કોઇ સંત પિયારા. સંતો૦ ૨

ચાર વેદ તે બ્રહ્મા કથ્યા શિવે જોગ ચલાયા.
તપ તીરથ વિષ્ણુ કીયા ગ્રંથ સાથે પૂરાયા. સંતો૦ ૩

બેદ થકે બાણી થકી થકયા જોગ પસારા,
જપ તપ તીરથ સંજમા થકિયા આચારા. સંતો૦ ૪

મે મેરી મમતા થકી થકયા વાદ વિવાદા,
હરખ શોક તૃષ્ણા થકી પાયા ગુરૂ પરસાદા. સંતો૦ ૫

જીભ્યા થકી મુખહી થકયા સકળ શરીરા,
માળા ગીરપડી હાથસે ગળયા લુણહી નીરા. સંતો૦ ૬

જયા ઘરસે જીય આઇયા સો ઘર સેજ પાયા,
ઉલટ સમાણા આપણે અનહદ લક્ષ લાયા. સંતો૦ ૭

જાગૃત સુપન સુષુપતિ તુરિયાસે ન્યારા,
સકલાતીત સઅમે બસે સોહી રૂપ અમારા. સંતો૦ ૮

સો ઘર લીજે પહેચાનકે જમ દંડ ન ભરના.
જુગ સુખે હે દીન ચારકા કાયકુ પછી મરના. સંત૦ ૯

સંત સંગે આપામીટા મીટા ભારણ ભારી,
રવિદાસ ચરણે ભાણકે નિજ વસ્તુ વિચારિ. સંતો૦ ૧૦

પદ ૨ જું.

ભીંતર ખોજો રામકું, બાહેર કાં ધાઓ?
બાહાર ખોજે હરિ નહીં નહીં મીલે, ભીંતર હરિ પાવો. ટેક૦

પ્રથમ ગુરૂ સેવા કરો. સદ્‌ગ્રંથ આચરના:
વચન કહે સો કીજીએ, સત્ય સાચ ઉચરના. ભીંતર૦ ૧

સંગત કીજે સંતકી નિજ મરમ લખાવે:
દિલ અંદર અવિનાશકા, પડદા ખોલ દિખાવે. ભીંતર૦ ૨

દેવલમેં ગુરૂ દેવતા, એકાન્તે બેઠા:
ખોલ કમાડી ઓરડી, પાયા હરિકા નેઠા. ભીંતર૦ ૩

સેજ બિછાઈ સુંદરી. દોરી અનંત લગાઈ:
કોઈક નાર સુલક્ષણી, નિત્ય ઝુલન જાઇ. ભીંતર૦ ૪

દેખણુ ઠારો અખિયાં. કેસા રૂપ બતાવે:
નેના બેના અગોચરી, રસનાસે ન આવે. ભીંતર૦ ૫

મીઠાકેરી પુતળી પાણીમાંહી પેઠી:
બાહિર કિસ બિધ નીકસે. નીકસે તો જૂઠી. ભીંતર૦ ૬

એસા બ્રહ્મ વિચાર હે. સતગુરૂજી લખાવે:
રવિદાસ સાચી કહે. બાહુરી જનમ ન આવે. ભીંતર૦ ૭

પદ ૩ જું.

લાગી ચોટ શબ્દકી, ઘાયલ કયું જીવે?
પ્રેમ ભલકા મારિયા, અનહદ રસ પિવે. ટેક૦

અંગ ઉઘાડે લાગિયા, ભલકા ઉર માંહી:
ઘાવ કલેજે સાલીયા, બાહિર દીસત નાહીં. લાગી૦ ૧

ભીતર ચુર ચુર હે, મન મુસ્તક છેદ્યા:
પાંચુ મારે જ્ઞાનસેં, અંતર સબ ભેદ્યા. લાગી૦ ૨

સતગુરૂ એસા શૂરમાં, ઘાવો ને જે ઘાલે;
સનમુખ ઝીલે ગુરૂ મૂખી, નખ શીખસો સાલે. લાગી૦ ૩

એહ નહીં ઓખડ નહીં, નહીં ટેભા લાગે;
પ્રીત બંધાણી રામસે, ઘાવ નિશદિન વાગે લાગી૦ ૪

સબ તન હુવા જાજરા, ઘાવો ભડભડ બોલે;
દરદ દિવાના દરસકા, બહાવરાસા ડોલે. લાગી૦ ૫

અવન્યાસી સતગુરૂ મીલ્યા, મારણહારા પાયા;
ભાણચરણ રવિદાસ કહે, સોઇ માંહી સમાયા. લાગી૦ ૬

પદ ૪ થું

તન માંહી નિજ તત્વ હે, દેખો કોઇ પૂરા;
તાના થેઇ તાના થેઇ હોઇ રહ્યા, બાજે અણહદ તૂરા. ટેક૦

મૂળ મંત્ર આરાધિયે. શિવ શક્તિકા મેલા;
જીવ બ્રહ્મ ન્યારા નહીં, મન પવન હુવા ભેળા. તન૦ ૧

મન પવન ભેળા હુવા, બ્રહ્મ સાગર માંહી;
બાજાં બાજે ગેબકા, પણ દીસત નાહીં. તન૦ ૨

પ્રેમ ડોર કોઇ ભડ ચલે, ગુરૂ શબ્દ નિશાની;
રૂપ રેખા ઉન ઘર નાહીં, નહીં વેદ અરૂવાણી. તન૦ ૩

જપ તપ તિરથ ત્યાં નાહીં, નહીં સેવા પુજા;
એક એકેલા રામ હે. ઓર દેવ ન દૂજા તન૦ ૪

ચંદ નહીં સૂરજ નહીં, નહીં ધુપ ને છાયા;
પવન નહીં પાણી નહીં. કાયા નહીં માયા. તન૦ ૫

ધરણુ નહીં આકાશ નહીં, નહીં દિવસ ને રાતી,
અલખ પુરૂષ પ્રકાશિયા, નહીં દીવા ને બાતી. તન૦ ૬
એસા કોણુ જોગેશ્વરા, વાંકા રૂપ લખાવે;
બાજાં બાજે ગેબકા, ઉહાં સુરત લગાવે. તન૦ ૭
અરથ કહાણી રામકી, કથનીસે ન્યારી;
આપોઆપ ઉપન્યા આપસે, એસી જુગત સમારી. તન૦ ૮
માપ થાપ કછું હે નહીં, એસા તોલ અતોલા;
રવિદાસ ભાણુ પ્રસાદસે, વસ્તુ પરગટ બોલા. તન૦ ૯

પદ ૧ લું, રાગ આશાવરી.

સંતોનામ શબ્દના મારાજા, મુખસે કહું તો કોઇ ન માને.
સબહી નામકા સાજા.
દસ અવતાર લીના સબનામે, કારણુ ભકિત કાજા;
એક પલકમાં સબહી હુવા, જબ ઉઠયા મૂળ અવાજા. સ૦ ૧
હલન ચલન સબહે નામકા, નામ સમુદ્રના ઝાઝા,
નામકુ પકડનો પાર પહોંચાડે, એસા નામકા આજા. સ૦ ૨
રહે માઝામે નિરાળા ખેલે, તીન લોક પરહે અવાજા;
કરડી કમાન ચઢી હે નામકી, ભરમ કરમબે ભાજા. સં૦ ૩
અટલ છત્ર સિંહાસન નામકા, બાજે અહુનદ બાજા;
નામ પુતલા અખંડ નૂરહે, અનંત રવિચંદ લાજા. સ૦ ૪
આઉન જાઉન કરૂ વહેવારા, નામ રાજા નામ પરજા;
રવિદાસ રમતા રામ કબીરા, નહીં મુવા નહીં સરજા. સ૦ ૫

પદ ૨ જું.

સંતો હમ ભેદીક ભેદી, જુઠા ગ્યાન કથન હે બેદી. ટેક૦
ખટ શાસ્ત્રકા મતા હે જુદા, બોલે ન્યારા ન્યારા;
ગાંગદા જ્ઞાનમે ગુણી ધુંચાયા, અંતર રહ્યા હે ઉધારા સં૦ ૧
કોઇ સંસ્કૃત કોઇ પ્રાકૃત વખાણે, વચને વાડા વાળે:
સમજ્યા વિના કરે સંવાદા, સબહી ઘેર્યા કાળે: સ૦ ૨
શિર્ગુણી કહે શ્રીકૃષ્ણ પૂરણ હે, નિર્ગુણી કહે નિરવાણ:
અહી સંસામે સકલ જુગ ભુલ્યા, ક્રમ મૂખા અભિમાના, સ૦ ૨
શિર્ગુણ સ્વરૂપી સેવા વખાણે, નિર્ગુણી શૂન્ય ઠેરાવે.
નિરંતર રમતા રામ જાણ્યા વિન, દોનું રીતા જાવે. સ૦ ૪
શિર્ગુણ નિર્ગુણકા ઘર હે ન્યારા, સો અસ્થિર ઘર અમારા:
કહે રવિદાસ આપદકું બુઝે, સો સતગુરૂકા પ્યારા. સં૦ ૫

પદ ૩ જું.

અબ મોહે લાગી અખંડ વરતાલી.
સહેજ હી લીન ભયા અકીન દેખા નિરંતર ભારી. ટેક.
ધરણ અકાસા કછુબી નાહીં, સુનકા સેરબીમેલા;
ચંદ્ર સૂરજકી કોન બસાની, એસા નિરાળા ખેલા. અ૦ ૧
અનંત ક્રોડ અપને ઉનમાના, આંટીમાં જઇ અટકયા.
સુનકી ઉપર શેરન સૂજ્યા, આવે જાવે મારે ભટકા. અ૦ ૨

જ્ઞાનીબી અટક્યા ધ્યાનીબી અટક્યા અટક્યા અધ્યાત્મ જોગી;
ગુરૂબી અટક્યા ને ચેલાબી અટક્યા, અટક્યા વૈકુંઠ ભોગી. અ૦ ૩

બડેબડે પાખરીઆ અટકે, અટકે સામત સરદારા,
રવિદાસ રમતા રામ કબીરા, સોહં નિરાલંબ ન્યારા. અ૦ ૪

પદ ૪ થું.

મન રે હરિસે સંતજન મોટા,
દરસન કરે અનેક પ્રાપ્તિ ચરણ પરસે તીરથ કોટા. ટેક૦

હરિકું ચાર ભૂજા સબ કહેવે. કરે બેદ પુરાણ બખાના;
સાધુ આવાગમન મિટાવે, ઉનકા નહીં ઉનમાના. મ૦ ૧

ગોવિંદ પરસન હોવે જબહી, દેવે સાજોજ્ય મુક્તિ;
સાધુ મિલે તબ સબ દુઃખ મેટે, આપે અખંડ ભક્તિ. મ૦ ૨

પુરૂષોતમ પરસન હોય જબહી, બૈકુંઠ લોક રે વચના.
અનંત વૈકુંઠી ઉપરહે પરમ પદ, પાવે સંતકે દરસના. મ૦ ૩

સંત હમારે સતગુરૂ સ્વામી, હમ સંતનકે દાસા;
નારદ પ્રતે કહ્યા નારાયન, શ્રીમુખ વચન પ્રકાસા. મ૦ ૪

ગુરૂ પરસાદ સંતકી સંગતે, લખલિયા રમતા રામા;
રવિદાસ હરિનિજદાસકા દાસા, સંત મેરા સત નામા. મ૦ ૫

પદ ૫ મું.

સંતો કરડા જ્ઞાન હમારા,
કહે સુને કછું કામ ન આવે ગ્રહેસો ઉતરે પારા. ટેક.

કથની કથને કરે ચતુરાઇ, અંતર ન કરે વિચારા,
ભેખ ધર્યો પણ બ્રહ્મ ન ચિન્યા, દીન દીન બઢયા અંહકારા. સ૦ ૧
માલા તીલક કરમે સુમરણી, અંતર ધ્યાન ન લાગા,
હુ હુ કરત હડકાયા કુતા, કહે ભાઇ કાંતે તાગા. સં૦ ૨
જગત કરત હે સો તુહી કરતાહે, એક કીની અધિકાઈ;
માળાતિલક છાપ સુમરણી, જગત ફ્રોસલાઇ ખાઇ. સં૦ ૩
બલ દીખલાઇ બજાયા બાનાં, કપટ કલેજા માંહી;
રોમરોમકી રામ જાનતાહે, બાહેર કરત બડાઇ. સં૦ ૪
પાખંડ ભક્તિએ પ્રભુ નહી રીઝે. ગુરૂ કાચ્યા મત જાણો;
રવિદાસ રમતા રામ પેહેચાણ્યા, સતગુરૂ મળિયા ભાણો. સં૦ ૫

પદ ૬ ઠું.

સંતો ગુરૂગમ લહે સો જ્ઞાની, અંતર પ્રેમ ઉજાગર અનભે.
જાકે ન્હેચલ બાની. ટેક.
ચંચલ મારી ન્હેચંચલ હોઇ બેઠા. નિર્મળ હોવે સમાધી;
શીલ સંતોષ રહે સમધારણ, વસ્તુ અગોચર લાધી. સં૦ ૧
નાભી બેઠ ગગન ગરજાવે, આઠ પહોર આનંદા;
ચલે પાશ્ચરે પશ્ચિમ મારગ. મિલાવે સૂરજ ચંદા. સં૦ ૨
શશિ સૂરમે સૂર શશિમે, અણુસારે ઉલટાવે;
નિરખે પલપલ નૂર નિરંજન, અનહદ નાદ બજાવે. સં૦ ૩
રહે અડોલા ને બોલે અબોલા, જાણપણા જલજાઈ;
કહે રવિદાસ વિરલા સંસારી, ઉલટા કાળકુ ખાઇ. સ૦ ૪

પદ ૭ મું.

સંતો માયા બુંસે નાહીં, બિના બિચાર સકલજુગ બૂડ્યા,
જ્ઞાન બિના ધુંચવાઈ. ટેક.

માયા માયા સીધસાધ પુકારે, અચરત એહુ કહાઇ;
બાયંગ જેસા સીધરા બાંયપર. દેખો એ કીસ બિધ ખાઇ. સં૦ ૧

માટીકા બનાયા માલિયા, ચીતર્યા વાઘ ચિતારે;
એસા ભરમ દેખી જીવ ભટક્યા, બાઘ એ કીંસ બિધ મારે. સં૦ ૨

ખેતર બડા બિના રખવાળા. ઓડાં ઉભાં કીધાં;
અકલ વિના ઓળખ્યા નહીં ઓડાં દેખી હરણાં બીધાં સં૦ ૩

માયા નિંદ સુપનહી જેસી. બીન ગુરૂગમ અંધિયારા;
કહે રવિદાસ ચેતન્ય જબ જાગ્યા, ભયા બ્રહ્મ ઉજીયારા. સં૦ ૪

પદ ૮ મું.

સતગુરૂ સંતઅરૂ રામભજન બીન, તબ લગમતિ સબ કાચી;
મન રે રામ ભક્તિ કર સાચી. ટેક.

જોગી જંગમ સેવડા થાકે, જીવ જીવ કરી રહ્યા હારી;
સન્યાસી દરવેશાહી થાકે, વાકુ ન ચઢી પ્રેમ ખુમારી. સ૦ ૧

જ્ઞાન કથતાં જ્ઞાની ઓળખાયે, પરવરતીયે રહે પછારા;
ધ્યાન ધરતાં ધ્યાની ઓળખાયે, લીના સીરપર ભારા. સ૦ ૨

બ્રહ્મ કથતાં બ્રહ્મ જ્ઞાની થકિયા, બાંધ્યા જુદા અખારા:
એક કહે પણ દ્વેત ન છુટે, વરતમાન મહી હાર્યા. સ૦ ૩

કાજી મૂલ્લા ઓલિયા ઓળખાયે, પંડિત પઠત પુરાના;
કવિત કહી કવિ ઓળખાયે, દાતા થકયા અભિમાના. સ૦ ૪
જહાં દ્વૈત તહાં અદ્વૈતહી ભાસે, સો સંત કહીએ શૂરા;
કહે રવિદાસ દ્રષ્ઠ સમાન, રમતા રામ ભરપૂરા. સ૦ ૫

પદ ૯ મું.

વાંકાચુકા મઢિયા વચેથા, કાંઇ ન દેખા દુથા;
સંતો સબહી સેં રહે સુથા.
સાહેર જ્યાં ચોરૂંકા વાસા, પલ પલ ખાતર પાડે;
નહીં શાહેર ત્યાં ચોર ન ઢુંકે, કણુકિયે ધોળે દાહાડે. વાંકા૦ ૧
ધોળે દહાડે વચ્ચે વહો ઉંડા, વિના સુરતહી ચાલે;
આગળ જાતાં તે અંતરાસે, ખાડામાં ચોર ખાળે. વાંકા૦ ૨
અજ્ઞાન ખાડો અજ્ઞાનસેં પુરે, અનભે ટાળો આંટા;
સમ દ્રષ્ટિસેં કરે બરોબર, ન રહે ચોર નરાટા. વાંકા૦ ૩
બે ફીકરાઇ રહે સુરત નિરંતર, એસા હોય કોઇ સંતા;
કહે રવિદાસસો અકળ ગુરૂ જ્ઞાની, જાકી કળા અનંતા. વાંકા૦ ૪

પદ ૧૦ મું.

ધોંખા આયા તબ ધીરજ નાઠી, ઉડયા તબ અહંકારા;
સંતો ધોંખા બડા ધૂતારા. ટેક૦
દુગ્ધા આઇ દિલમાંહી દઝાડે, ઇર્ષા આંખો કહાડે;
કુમતિ આઇ કરે કુફરાના, કાળસે હાથ પછાડે. ધોં૦ ૧

સાક આયકર સહેરકું ઘેરે, હરખ કરાવે હાંસી;
મોહ માયાકર કરે મલીના, કબુધ પાડે મારાસી. ધોં૦ ૨
અવગુણ વચે અંતરાયા કરિયા, પ્રકૃતિયે વાળ્યા વાડા;
સવલા સામા અવળા બોલે, હરિભક્તસેં આડા. ધોં૦ ૩
ધોંખા સાંસા દોનુ બંધુ, દેખત સરખે સરખા.
ભુંડી મોંય જઈને ભડ બેઠા, કરે નરકકા ભરખા ધોં૦ ૪
સતગુરૂ શબ્દે ધ્યાન લગાવે, ઉલટા ધોંખકું ભૂલ્યા;
કહે રવિદાસ આતમ એક દરશે, સો સતગુરૂકા પુતા. ધોં૦ ૫

પદ ૧૧ મું.

દયા બિના અચેત અભાગી, પ્રતિત વિણ પ્રલેજાઈ;
સંતો આછા જ્ઞાન અરથાઈ. ટેક૦
રામ રામ હિંદુ પોકારે. મુસલમાના રેહેમાના;
દોનુંકુરે દયા દીલ નાહીં, સાહેબ નહીં મેહેરબાના. દયા૦ ૧
મછી જીવ બહોતેરા મારે, મુખસેં કહેવે રામા.
હુણા સોઈ હુણેગા તુજકું, નરક બિના નહીં ઠામા. દયા૦ ૨
રાગ રામ કહ્યા તો કયા ભયા ભાઇ, એતો કુલકી રીતા;
રામ રામ સુમરા અવતર્યા જમરા, હરેદે નહીં પ્રતીના દયા૦ ૩
દેખત જીવ કોટિ સંહારે, કસાઇ કરત હે કરમા;
પંચ મૂરગી કરી લે ઝબે, તો સાચા હે કલમા. દયા૦ ૪
કરમ ભરમ ઓર દેવી દેવતા, છાંડે કુલ વહેવારા;
બોલણહારા સો પરમાતમ, પકડો તો ઉતરો પારા. દયા૦ ૫
અપને આતમ જેસા સબકુ જાણો, દયા ભાવ સુખ શાંતિ;
કહે રવિદાસ સો સંપૂર્ણ સ્વામી, નવનીત જેસી છાતી દયા૦ ૬

પદ ૧૨ મું.

જ્યાં ઠેરાવું ત્યાં હરિ નાહીં, એસા અપરંપારા;
સંતો રમતા રામ હમારા. ટેક૦
કોઇ કહે નાભિ નિરંજન, કોઇ કહે હરદે પ્રકાશા;
કોઇ કહે નાસાકી અગ્રે, કોઇ કહે ભ્રગુટી બાસા. જ્યાં ૧
કોઇ કહે દશમે દ્વારહે, દ્વાદશમે દરશાવે;
કોઇ કહે નેણાં કે ઝરૂખે, અકળ કળ્યા ક્યાં જાવે? જ્યાં ૨
અનભે કથે અપને ઉનમાના, સબ ભડકામે ફુલ્યા;
કરવત જોગ માંહી ગુંચવાયા, પાયા નહીં નિજ મૂલા. જ્યાં ૩
રોમ રોમ પર અનંત બ્રહ્માંડા, રગ રગ માંહી બોલે
આપાખોયા તબ પોતે પારસમણિ, ખબર વિના દુર બોલે. જ્યાં૦ ૪
નિરાધાર નિર્લેપ નિરંજન, લેખા વિના અલેખા.
રવિદાસ સાન ગ્રહી સતગુરૂકી, જ્યું કા ત્યું હરિ પેખા. જ્યાં૦ ૫

પદ ૧૩ મું.

ભર્મ કર્મ માંહી જીવ ભૂલ્યા, ભટકત ફીરે બ્રહ્માંડા;
સંતો પંડ ખોજા વિન પાખંડા. ટેક૦
કોઇ શાલિગ્રામકુ શેવે, શીલ મૂરતિ ચિત લાવે;
સાલ દાલ ધરે લે આગે, પાપાણુ કીસ બિધ ખાવે. ભ૦ ૧
પાષાણુમાંહુથી પરમાતમ પ્રગટે, જો પ્રતિત આણી પુંજે;
અન્ય આશરા અંતઃકરણમે, અંધેકુ કાંઇ ન સુઝે. ભ૦ ૨

જંત્ર મંત્ર કરે કામણટુમણુ, વળી શાલીગ્રામકું સેવે;
ચાહ્દશકે દિન ‘ટાકળા બાંદ્દે, ભૂનેકે મુખમેં દેવે. ભ૦ ૩
એસે ભક્તિ ન હોય અભાગી, મલીન વિદ્યા મન માંહી;
માળ તિલક ધરી ભેખ લજાયા, અંતે નરકકે માંહી. ભ૦ ૪
ટીકા ધરી સીતા રામ કહુતહે, કાળભૈરવસે પ્રિતી;
મૂર્તિ માંડીને ઘંટા બજાવે. પ્રભુસેં નાહીં પ્રતિતી. ભ૦ ૫
છલ છલ ભેદ છોડદે ભાઇ, છોડો ભૂત ભવાઈ;
કહે રવિદાસ એક રામ નામ ગ્રહો, ઓરથોથા હે ઓ ઉડાઈ. ભ૦ ૬

પદ ૧ લું. રાગ ગરબી.

ઓ જસોદાજી, આ શો આળીગાળો પુત્ર તમારો;
આ નેસલડો, ધેલો કીધો કાનની સાથ અમારો. ટેક૦
કાન માંકડલાંનું લઇ ટોળું, મારૂં મહી ખવરાવ્યું ને ઢોળ્યું;
લઇ છોકરડાં માંહી રોળ્યું. ઓ જસોદાજી૦ ૧
બહુ બાળકને ટાકર મારે, વળી ગરબડ લઇ ગેડી ડારે;
વળી સંગી સઉને હુસ્કારે. ઓ જસોદાજી૦ ૨
એક વાત કહું છાની તમને, તાપ ઉપજાવે છે બહુ અમને,
એતો જવાબ દઇ આવે જમને. ઓ જસોદાજી૦ ૩
કહાન ઘરમાં આવી બાઝયા છે, એ રંગીના રંગ ઝાઝા છે;
આ ઢંક જોવાને તાજા છે. ઓ જસોદાજી૦ ૪
હુંતો સાંખું છું નંદજી સારૂ, મારા ઘરમેં થાય છે બિગાડૂં;
એ મૂકે નહીં મારૂ લારૂં. ઓ જસોદાજી૦ ૫

હુમે જળ ભરવા જઇએ કોડે, કાન આડા આવી મુખ મોડે:
બહુ બળ દાખી બેડું ફોડે, ઓ જસોદાજી૦ ૬
મુજ સામું જોઇ જોઇ મલકે છે, હરિ પલ પલ પ્રેમે પલકે છે;
રવિદાસના સ્વામી ઝળકે છે, ઓ જસોદાજી૦ ૭

પદ ૨ જું.

ઓ રાધાજી, ભલે પધાર્યા પ્રેમે પગલું કીધું.
એ કાનુડે, નાનકડે સઉ ગોકુળ માથે લીધું. ટેક૦
તમે રાય મસે અહીં આવો છો, તે મારે મન બહુ ભાવો છો;
તમે આ જુગ ફેરા ફાવો છો. ઓ રાધાજી૦ ૧
એ રાઢ લોકની લાવે છે, લોક આવી કરગરી જાવે છે;
કંઇ કારણ રૂપ એ કહાવે છે. ઓ રાધાજી૦ ૨
એને ઘરમાં બાંધી રાખું છું, વળી શિખામણ બહુ આપું છું,
બાઇ સરાપ સઉના સાંખું છું, ઓ રાધાજી૦ ૩
તું વળ પાછી લાડકવાઇ, હુંતો કરગરી કહી કહીને કાંઇ;
તોયે આવે છે તુજ ઘેર ધાઇ. ઓ રાધાજી૦ ૪
કહાન નથી બાવરો છે ડાહ્યો, એની આગળ બ્રહ્માજી કાહ્યો;
રવિ હારી સૂરપતી અલસાયો. ઓ રાધાજી૦ ૫

પદ ૩ જું.

ઓ જસોદાજી, કાંઇ ન કહેશો કરૂણાનિધ છે કહાનો:
છે પૂરણાનંદ, અખંડ વિહારી શુદ્ધ વિચારી માનો. ટેક૦
હુંતો લોક લાજે કહેવા આવી, બાઇ મેં તમને જોયાં તાવી;
હોય મોટાની બુદ્ધિ ઠાવી, ઓ જસોદાજી૦ ૧

એનો અમને વહાલા લાગે છે, એને દેખે ભૂખડાં ભાંગે છે;
પ્રભુ પ્રેમ વિનાને ત્યાગે છે, ઓ જસોદાજી૦ ૨

હરિ હેતે અમશું ઝુઝે છે, તારે કારજ સરવે સુઝે છે;
સઉ પ્રેમી પ્રેમ પૂજે છે. ઓ જસોદાજી૦ ૩

કાન ત્રણભુવનનો છે રાજા. એનાં ગગને ગગડે છે વાજા;
છે સ્થાવર જંગમમાં માઝા, ઓ જસોદાજી૦ ૪

હરિ કાળતણા મહા કાળજ છે. એ પ્રેમીનો પ્રતિપાળજ છે.
રવિદાસના સ્વામી દયાળજ છે, ઓ જસોદાજી૦ ૫

પદ ૪ થું.

આવો મળિયે. અમો ગયાંતાં ફળિયે જસોદા પાસ;
હાવે નહીં છળિયે. પ્રગટ પરસોતમજી આવ્યા પાસે. ટેક.

હરિ એકલડાં વનમાં મળિયા, શ્રીકૃષ્ણ કહે સખી ભલે કળિયા;
મુને અરજ સરખે નહીં ઓળખિયા, આવો૦ ૧

કોઈ ગાઈ ગાઈ ગુદરાણ કરે, જોગી એક કલ્પ લગી ધ્યાન ધરે;
મારે પ્રેમથકી કાંઇ નહીં સરે, આવો૦ ૨

ત્યારે રાધા કહે હરિ ભાવ ધરી, હવે ભેટો બાંને ભૂજ ભરી;
તમો મૂકીદો મરજાદ પરી, આવો૦ ૩

સાહી દરસન સનમુખ રહી લીધું, શ્યામે રાધાના મનનું કીધું;
હરિ હેતે અધરામૃત પીધું, આવો૦ ૪

હરિ રાધા રસ બસ એક થયાં, તે ત્રિલોકમાં નવ જાય કહ્યાં;
રવિ પૂરણ પ્રેમી જને લહ્યાં. આવો૦ ૫

પદ ૧ લું. થાળ.

આવો આવો મારા મનના માન્યા સંત,
તમને મળિયે પ્રીતમ પ્રેમ શું રે;
વ્હાલાજીને નિરખી થઇ છું ન્યાલ,
ફુલિયા કમળ ટાઢાં હેમ શું રે. ૧
મારા મનમાં અતિ વાધ્યો ઉમંગ,
ચંદનકેરા ચોક પૂરાવિયે રે;
રત્ન જડિત બાજટ ઢાળયા બહાર,
સંતને પ્રેમધરી પધરાવિયે રે. ૨
વધાવિયા હીરા માણેક મોતી સહિત,
તન મન ધન કીધાં સઉ વારણે રે;
હુંતે હરખી ચરણે નામું શીશ,
મનને ધીરજ રાખી ધારણે રે. ૩
ચોમુખ દીવડો મેહેલ્યો થાળજ માંય,
સખી સઉ મળી ઉતારે આરતી રે;
મહારસ મચિયો મહારા મંદિર માંય.
પ્રેમ ગુલતાન થયાં એકતા મતિ રે. ૪
એ રસ દુર્લભ શિવ બ્રહ્માદિક ચાય,
ગોપીઓ અખંડાનંદ પ્રેમે રહે રે;
ભાણ પ્રસાદે મગન થયા રવિરામ,
સંત ચરણ રજ લઇ મુખમાં ગ્રહે રે. ૫

પદ ૨ જું.

આવો મારા સુખના સાગર શ્યામ.
વ્હાલા હરિજન મળિયે હેત શું રે;
શ્યામને મળતાં આવાગમન મટી જાય,
નિરખી નિર્મળ થાયે નેત્ર શું રે. ૧

ઇંદુથકી અધિક હરિ આલી દેહ;
આદિતથકી અધિક પ્રકાશ છે રે,
જેહને રૂપે મનમથ કોટિ જાય,
ચોદ લોક પંદરમે વાસ છે રે. ૨

જે વહાલાને નિગમ ન જાણે પાર,
તે પ્રેમીજનને વશ થઇ રહ્યા રે;
જે જે કડવાં વચન કહ્યાં વ્રજનાર,
તે મન હરખી સાંભળી એ સહ્યાં રે. ૩

સર્વે સઇયર ઉભી રહી ચોપાસ,
વચમાં વેણ વજાડે વિઠુલો રે;
ચોદ લોક ખેંચિયાં પોતા માંય,
વસ્તુએ વ્યાપક હું જેટલો રે. ૪

જમુનાજીનાં વહેતાં સ્થંભ્યાં નીર,
ચંદ્રા આકાશે સ્થિર થઇ રહ્યો રે,
સોળ સહસ્ત્ર શત અષ્ટમા એક અખંડ,
તે વ્રજનારીમાં વ્યાપક થયો રે. ૫

અકળ અભેદ તે કળ્યો કેનો નવ જાય.
તે હરિજનના રૂદિયામાં રમે રે;
ભાણુપ્રસાદે મગન થયા રવિદાસ,
તે સ્વામીને મળતાં નહીં ભમે રે. ૬

પદ ૩ જું.

કહો ઓધવજી શું કરે છે કૃષ્ણ.
કુબજાએ વાલાજીને વશ કર્યા રે:
અમે આહીરડાં એકલાં ગોકુળ માંય.
નિર્ગુણ નઠોર થઇને રહ્યાં નર્યા રે. ૧
અમે ભરવાડાં રંક હમારી જાત.
આશ ભર્યાં આંસુડાં ખેરિયે રે;
શુદ્ધ વિના શ્યામા સરવે રહી.
શોધતી ફરે હરિને શેરિયે રે. ૨
એમ અમને રંગે રમાડયાં રાસ,
વિહાર કીધો હરિ આ વનમાં રે;
છેલ્લી વેળાએ કરી ગયો નિરાશ,
વૃહેની બળતર ઉઠી તનમાં રે. ૩
એણે અમને આલ્યાં સુખ અપાર,
મહા રંગ થઇ રહ્યો આ રાનમાં રે;
પોતે વાતા મધુરી મધુરી વેણુ,
સૌ વ્રજનારી ગાતાં જ્ઞાનમાં રે. ૪

વ્રેહની વેંધી બોલે મધુરા બોલ.
ઓધવ સાંભળીને થયા ગરગળા રે.
ભાણપ્રસાદ મગન થયા રવિદાસ,
તે હરિ મુજને મુજ માંડી મળ્યા રે. ૫

પદ ૪ થું.

ઓધવજી કહે સાંભળો સૌ વ્રજનાર.
ઉપદેશ કહું છું અધ્યાત્મતણા રે;
મહા વાચક વેદાન્તજ પૂરે સાખ.
ગીતા શ્રીકૃષ્ણ મુખે ભણ્યા રે. ૧

હ્રદે કમળમાં બેઠા આત્મારામ.
મથુરામાં મોહનજી નથી ગયા રે;
આભ વાદળે ઢાંકી લીધો સૂર.
ઓળખ્યા વિના તે અછતા એમ રહ્યા રે. ૨

મોહ અંધારે અર્ક રહ્યો છુપાઇ,
અજ્ઞાનમે મન લઇ આવર્યો રે;
વિષિયાને વશ સર્વ થયો સંસાર.
તહારે નાથ રહ્યો તેથી પરો રે. ૩

ઘાટને ઘેલી સખિયો વળગો કાંય,
અઘાટ ઓળખોને શ્રીકૃષ્ણને રે;
વ્યાપક ગ્રહીને વળગો કરતા કહાન.
પ્રગટ બુઝી લેજો પ્રભને રે. ૪

વિધિ કહું છું મન આણી આનંદ,
સતગુરૂ મળ્યા વિના ઘર નહીં જડે રે;
જેહ નહીં પામે સતગુરૂ સંતનો ભેદ,
તે જીવ ચોરાસીમે રડવડે રે; ૫

કરી લિયો તમે જોગ જુગત અભ્યાસ,
પાંચ પચીસને માંહી વશ કરો રે;
નેણ નાશિકા મુખ મૂદી લિયો કહાન,
તરવેણી માંહી ધ્યાન ધરો રે. ૬

અખંડ બ્રહ્મ છે અદ્વૈત આતમ કૃષ્ણ,
પ્રગટ થાશે સખિયો પંડમાં રે;
રવિદાસ ભાણજી દે ઉપદેશ,
તુરીયાતીત નિરંતર બ્રહ્માંડમાં રે. ૭

પદ ૨ જું.

સલીલ જીવકા સંગ ન કીજે, અચેત મન અભિમાન કરે. ટેક૦
દીલ કપટ કર મિષ્ટ અભાગી, દુગધા કરતાં નાહીં ડરે;
ચડ ચોર અન્યાય અહમખ, સંત બચન ચિત્ત નાંહીં ધરે. સલીલ૦

ગુરૂઆજ્ઞા બીન આડા ફરહી, બિના ધીરજ ધરે પાઉં ધરે;
સંસો ન છાંડે સીંધડમાંડે, અહંકારી અવટાઇ મરે. સલીલ૦

વિસવાસીકુ શબ્દ સુણાવે, સંત હોય સબ પાઉં પરે;
ખાય માલ મસ્તાના મનમુખી, પાખંડે પર ધંન હરે. સલીલ૦

નિંદા નિરગુણ સંતકી કરહી, સંસારીમાં થાય સરે;
રાણી મગાવી વિશે રસ માંગુ, કામની દેખી કામ ખરે. સલીલ૦
સલીલ પુરૂપ ઓર સલીલ સ્ત્રી, સદગુરૂ શબ્દે નાહીં ઠરે;
કહે રવિદાસ ઓ દો જુગ ડુબ્યા, આદ્ય અંત મધ નાહીં તરે. સલીલ૦

પદ ૨ જું.

જુગત દેખકર ચલના જીવન. ડગણે દીલ ધોખાં ભારી; ટેક૦
આ સંસાર સરપહી જેસા. મુખ મીઠા દીલમાં ખારી;
વાકા કહેના ચિત્ત ના ધરના, ભજન કરના બેટારી. જુગત૦ ૧
સેજ સમાધી સુરતે એસે, તાર મિલાયો એક તારી;
બ્રહ્મ ઘાટપર બેસા હોના, મોહમમતા મન કુમારી. જુગત૦ ૨
ચંચળ મનને ચળ કરી રખના, પલક માંહી હોવે પારી;
દ્વૈત ભાવ દીલમાંશુ નીકાશા, કબહુનહીં લાગે કારી. જુગત૦ ૩
પતંગ પ્રીત કરે દીપકસેં, ડુગડુગી મનકી સબ ડારી,
શરીર અપના નાહીં સંભાળો, જયું કે જીવ દીનાટારી. જુગત૦ ૪
એસી પ્રીત પરિબ્રહ્મકી હે, ચૂકે હોવે વ્યભિચારી;
કહે રવિદાસ મનકું વશ રખના, સમજે સંત સુરત ધારી. જુગત૦ ૫

પદ ૩ જું.

સુરત બ્રહે સો સુરતી પૂરા, બે સુરત સાધન કાચા. ટેક૦
કથાબ્રથા દુનિયાં રીઝાવે, સોર કરત દુખત ડાચા,
રંગ દેખ રંગ રાગ મિલાવે, રૂપ દેખ રંગમાં રાચા. સુરત૦ ૧

ત્રિગુણ તાલી તાન મિલાવે, નારી દેખ નિકટ નાચા;
ખુણે બેઠ કરે ખાણુ ખોદા, તુરત લાગે તમાચા. સુરત૦ ૨
લેકર તીર પાતાલકુ સાંધે, ચઢે અસમાન સોઇ સાચા;
સતગુરૂસે અરસપરસ હે, શબ્દ કહે તે સત બાચા. સુરત૦ ૩
બાડ ખબોચીઆ તુરતહી બુટે, સાહેર કયું જાને લાંચા;
કહે રવિદાસ સત શબ્દ પકડ્યા, એક નિરંતર બ્રહ્મ સાચા. સુરત૦ ૪

પદ ૪ થું.

દેખો અભિમાની અરથ ન બુઝે, ગ્યાન બતાવે ગુરૂ ગમકા. ટેક૦
કદર લાયે બિન કરે પેરાગા, તાન ત્રિકુટી સંગમકા;
આપે ડુબ્યા કરમ કીચમે, અનુભવ કહેવે આગમકા. દેખો૦ ૧
ભગત હોય ત્યાં જુગત ઠેરાવે, જગતમે ચલે સરવંગ સમકા;
બિના બિવેક ભ્રમમે ભૂલ્યો, મતાન બુઝે હરદમકા. દેખો૦ ૨
સત શબ્દ ના સત કરડારે, કુદરત કે નાહીં કમકા,
સતગુરૂકા શબ્દ ન માને, ખાવે માર મૂરખ જમકા. દેખો૦ ૩
એક બ્રહ્મ હોઇ કરે ઈર્ષા, ચૈતન્ય છાના રહ્યા ચમકા,
કહા પરકટ પણ પરખના આઇ, ધુસ હોઇ કરે ધમકા. દેખો૦ ૪
જુગત જગતમે ભગતમે ભગતા, એહુ મરમ પરમાતમકા;
કહે રવિદાસ સત શબ્દ પકડો, સબ જલ જાવે અંકુર કરમકા. દેખો૦ ૫

પદ ૫ મું.

સાચા સતગુરૂ જેણે વરિયા, આન દગા નર કયું જાવે? ટેક૦
ઘણી અગન જો સોધે નરેડી, શબ્દ તાપ સતગુરૂ તાવે;
સહે શબ્દ ગ્રહી ટેક ન છોડે, સો સતગુરૂ કે મન ભાવે. સાચા૦ ૧

સતગુરૂકુ સાહેબ કરી જાને. ભેદાભેદ મન નહીં આવે:
એ શીખ સહી સિદ્ધાંતમે સમજે. પરમપદ સહેજે પાવે. સાચા૦ ૨

શબ્દ ચુકે સતગુરૂકેરા. ગાફલ બહુ ગોથાં ખાવે:
એ બરસકી કમાણી પરલે. પડે નર કયું ગીતા ગાવે. સાચા૦ ૩

નરનારી મીલ સતગુરૂ સેવો. આ જુગકા ફેરા ફાવે.
ભાણ સતગુરૂને જા વારી. ઉનકા બાળક રવિદાસ કહાવે. સાચા૦ ૪

પદ ૬ ઠું.

નિરાધાર નિરગુણ નિરવાણી, નિરાલંબ સતગુરૂ મેરા. ટેક૦

ઉષ્ણ શિત વ્યાપે નહીં જ્યાકુ, કરતા હે સબહી કેરા:
સમદ્રષ્ટિ શિતળતા સબસે. પ્રીત ન કરહી નહીં વેરા. નિ૦ ૧

ઇંગલા પીંગળા સુખમણા ઘરમે. ઘટ દેખત હુવા નેરા.
અણલિંગી અખંડ અવિનાશી. નિરખત તે નરહે ફેરા. નિ૦ ૨

ગગન ગાજે અનહદ વાજે. સુનતા હે સુરતી ચેરા:
બિના આકાશ બાદલ બીન બરસે, હીરા માણેક મોતી ઢેરા નિ૦ ૩

અષ્ટ પુરીકે પાર પરમ તત. હરિ જન બિરલે હેરા:
કહે રવિદાસ બસ્તુ સબ માંહી. સમજે ઘટ સલંગ સેરા નિ૦ ૪

પદ ૭ મું.

સુરત સખી જેની ચઢી અસમાને, સો આપબાત સતગુરૂ જાને. ટેક.

પરઘરકેરૂં નહીં પરોજન. કયા બાચું પરગટ પાને:
મનહીંકે મહીં મન સમજાના. સો મુજરા મેરમ માને. સુરત૦ ૧

ગુપ્ત સમરણ ગુપ્ત ગુટકા, કરીએ કોઇ ન મુણે કાને;
બાહિર ગાવે ઘોર અંધેરા, લેહે કયું આવે બિન ધ્યાને. મુર૦ ૨

સૂક્ષ્મ ખાના સૂક્ષ્મ સોના, સૂક્ષ્મ બાત કરે સાને;
સૂરજ ઉગ્યા સબ કોઇ કહેવે, ઢાંકયાં નહીં રહેવે છાને. મુર૦ ૩

એસા અદ્‌ભુત ખેલ ગુરૂકા, મૂરખકે મન નહીં માને;
કહે રવિદાસ શૂરા સંત સમજે. હું પદને સોહેજ હાંણું. મુર૦ ૪

પદ ૮ મું

અજબ દેશ સતગુરૂકા સાધો, અજબ સંદેશ સેહેણી લાયા. ટેક૦
અજબ શબ્દ અજબ ગુરૂ બાયક, અજબ પ્રેમમેં પરચાયા;
અજબહીં ધ્યાન અગાધ સમાધી. અજબ જ્ઞાન અનભે આયા. ૧

અજબ અનહદ ગગન ગરજ્યા, અજબ અમૃતઝડ બરસાયા;
અજબહી બીજ કરહી ચમકારા. અજબ બ્રહ્મ જોત દરશાયા. અ.

અજબ તો રંગ તોય મીલતે જા. અજબ પવન વ્યોમ અલપાયા.
અજબ અકાશ નીલ મહઅકાસા, શબ્દાતીતકા કલ છાયા. અ.

શુદ્ધ વિચાર વિવેકસેં શોધ્યા, રવિદાસ કીતહુ નાહીં પાયા;
બાહિર ભીતર ભીતર બાહિર, સતગુરૂ શબ્દમેં સમાયા. અ.

પદ ૯ મુ.

અસલ ફકીરમેં આદ દવેશા, જુગ જુગાહી અમર કાયા. ટેક૦
અધર તખતપર બાસા મેરા. જનની સંકટ નાહીં આયા;
રમું નિરંતર રહુ અકેલા સત સાહેબસેં લેહે લાયા. અ૦ ૧

સેને ન જાનું અસ્તુ અખારે, દેનેકું કહ્યું નાહીં ચાયા:
સેના દેના સમઝહીંમેં ટેકે, સત શબ્દ સેજે સાયા, અ૦ ૨
સ્થુલરહિત સૂક્ષમમેં ન્યારા, અક્ષરાતીત અખંડ રાયા
રવિદાસકા નામ મિટ ગયા. સતગુરૂસે સતગુરૂ પાયા. અ૦ ૩

પદ ૧૦ મું.

અખંડ બ્રહ્મ કર મન એક, દેખો જ્ઞાન દિલમેં ભાઈ. ટેક.
મહા મણિકુ મેલ ન ભાસે સકળ છોડદે ચતુરાઈ.
અગ્નિકે અંગ રોગ ન વ્યાપે, માંહી પડત સબ પરલાઈ. અ૦ ૧
અંબુમાંહી પાવક નહીં પ્રગટે, કંચનકુ ન લગે કાંઈ:
ચંદન ઝાડ ભોયંગ વીંટાયા, મીટત નાહીં શિતલાઈ અ૦ ૨
શુદ્ધ તરવાર લોહ ગજવેલી, મહાસુખ મ્યાન બંધાઈ:
ડાર મ્યાન સબહીકુ મારે, તેગ પાપ રતીયે નાઈ. અ૦ ૩
મહા ગ્યાની નિજ ઘર પોહત્યા, સુરત સહેજ શુન સમાઈ;
કહે રવિદાસ કુસંગ કાહા કરહી, જાકા દિલ બ્રહ્મ દરિયાઈ. અ૦ ૪

પદ ૧૧ મું

ઉત્ર જ્ઞાન સતગુરૂ ઓળખાયા, ખલક બિન ખાલી નાહીં: ટેક૦
આઈ હે સમતા રામહીરમતા, દેવ દ્રષ્ટિએ દરસાઈ:
હે બ્રહ્મ સારા ભીતર બાહારા, જલ લેહેરી સમીજલ માંહી ઉત્ર૦૧
પૃથ્વી બ્રહ્મ તોય બ્રહ્મ તેજા. પવન વ્યોમ બ્રહ્મ બોલતાહી:
હું બ્રહ્મ તું બ્રહ્મ ને બ્રહ્મ સ્વેબ્રહ્મ, અખંડકાર વરતી વરતાહી. ઉત્ર૦૨
હદ બે હદ બ્રહ્મ અનહદ અનભે, મહાજન ઠીક ઠર્યાં જ્યાંઈ;
નહીં રવિદાસ ભીતર બ્રહ્મ ભરિયા. વિવેક પદમાં લેહે લાઈ. ઉત્ર૦૩

પદ ૧૨ મું.

શિવ સમાધી લગી અખંહિત, જહાં આત્મકા નિજ સ્થાના. ટેક૦
જટાવિભૂત નિગંદર નિરગુન. સમિયા મોહ મટિયા માના:
બિકટ રૂપ કલંદર જોગી, કબહુ બુઢા કબહુ નાના. શિવ૦ ૧

ગવરી સંગ અસંગી અનલે. ભોગી બ્રહ્મ જોગી જાના;
અનંત કલ્પ જાકી અલ્પ સમાધી, કથી કથી થકિયા કવિયાના શિવ.૨

સુક્ષમ આંહિહે ત્રિપુરારી. સુખ દુઃખ રહીત નહીં બ્રહ્માના;
નીલકંઠ નીરમળ ત્રણ નેત્ર, રૂંઢમાળા બાજત બાના. શિવ૦ ૩

એસા નિજદાસા પ્રેમ પિયાસા, કાલ ડરાયા ન ડરિયાના;
કહે રવિદાસ શિવ ત્રિગુણ રહિતા, સેજ સુન પરિબ્રહ્મ ભાના. શિવ.૪

પદ ૧૩ મું.

દેખો ભરથરી ભયા ફકીરા, છોડા સહેર ગઢ ઉજેણી. ટેક.
બાણું લક્ષ માળવેકા રાજા, માયા સબતા ગણુકીની;
મીટા માન મન ભયાહે નિરમળ, ગોરખકી દક્ષા લીની. દે મો૦ ૧

નાથ નિવાજા દિયા નિજ ભેદા, લગા ધ્યાન ધુન ત્રિવેણી,
બાજા નાદ ઘોર ગગનમાં, શ્રવણે સુની મોરલી ઝીણી. દેખો૦ ૨

છુટા આપા જપે અજંપા, વરણાવરણ નહીં ભિન્ના ભીન્નિ.
અમર અતીતા સબ જુગ જીતા, સચરાચર વસ્તુ ચીની. દેખો૦ ૩

રામહી રામ રામ રંગ રાતા, મતા પ્રેમ અનંત રેહેની;
રવિદાસ સાધ અકળ પુરૂપહે, સમાસુપન મટ ગઈ ગેની. દેખો૦ ૪

પદ ૧૪ મું

અલખ બુખારેકા સરનુમા. સમશેર બહાદુર સુલતાના. ટેક.
ફલઆદળ તુરી લાખ અઢારે. એક સહસ્ત્ર છસેં રાની:
સો સબ ઠીકા લગા પલકમે. કોઇ ખાસીખી ન રખી કાની. અ૦ ૧

કરૂણા મેહેર કબીર ચેતાયા. બેદ તીસકે સીખ માની:
દાસીકા રૂપ લીયાહે દયાવંત. તોડા જગ દયા આની. અ૦ ૨

મનસે લડીયા ગુનપર ચડીયા. ગાદડીઆ નિજ જન જ્ઞાની:
અમૃત પીયા ફિનમૃનિ દીયા. જુગા જુગ જયા જુગત જાની. અ૦ ૩

એસે સતગુરૂ મીટાઇ હુરકર. બેઠે તખત અધર ઠાની:
રવિદાસ ઓ કળા કિરતારકી. નિજ કરનામાં સમાની. અ૦ ૪

પદ ૧૫ મું.

અંત દેવ સબકા અધિકારી, સીસ નમાવે સુર તે તીસા. ટેક.
સપ્ત પાતાળ નાગ લોક બસહા, કરત આરાધ અનકા સેસા:
સકળ લોક ગાંધર્વ ગુણ ગાવે. ઇંદ્ર સહીત બ્રહ્માંડ એકવીસા. અ૦ ૧

બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર સરખા. કરતા સેવ અનકી સેસા.
નવનાથ રૂષિ સહસ્ત્ર અઠયાસી. ઘટી સાળમે પાંચ પીસા. અ૦ ૨

હરિકાભક્ત દેવ દેવનકા. સદા સાહેબ જુગદીશા:
રવિદાસ નમત કરજોડી, આવો પચાંગે અનદીશા. અ૦ ૩

પદ ૧૬ મું.

તપશી કાયકુ તપ આદરે, તપસે નિજ તંતહે ન્યારા   ટેક૦
પંચમુખે અગ્નિ પરજાળા, ઉંધે મુસ્તક ખાય જુલારા;
બહોત કષ્ટ કાયાકું દેવે, કબહુ ન રીઝે કીરતારા.   ત૦ ૧
એક અગુંઠે શરીરકુ તોલે, મુન્ય ગ્રહી વધહી વારા;
ઉંચા હુસ્ત નેખ અંત બરાબર, પરસત નહીં પરિબ્રહ્મ પ્યારા. ત૦૨
જડકી બુદ્ધિયે કીરત જુગતમે, ભગવા કરલીના ભારા;
નહીં નિજ જ્ઞાના ચઢી ગયા માના, અંતે નરક માંહી નિરાધારા, ત. ૩
એંચા તાણુ જોર પરોણે. ઉલટે પવન ચઢે સુનધારા;
કહે રવિદાસ રરંકાર ભક્તિ બીન, નહીં છુટે બાદ્ જમ મારા. ત૦૪

પદ ૧૭ મું.

જોગી કાયકું જોગ કમાવે, કાયકુ કષ્ટત હે કાયા.   ટેક૦
જ્યાં જ્યાં જાપ હે ત્યાં ત્યાં થાપ હે., ધ્યાન ધરતહી ત્યાં માયા:
સુન શીખરમે શક્તિકા બાસા, જીને આ તીન પુરૂષ જાયા. જો૦૧
ઇંગલા પીંગલા સુખમના સાધી, નેન બિંદુ તેજ ઝલકાયા;
એતો પરમાતમ નિજ નાહીં, અગ્નિ તત્વકા સોભાયા. જો૦ ૨
શામ સો ગગના નિલાસો પવના, અરૂણુ અનલકા રૂપલાયા;
શ્વેત અલીલ પ્રીતસો પ્રથવી, વસ્તુકુ નહીં ધૂપ છાયા. જો૦ ૩
જાગ્રત સ્વપન સુષુપતી તુરિયા, અંતઃકરણુજીયું લહેર લાયા;
મન બુદ્ધિ ચિત્ત અહંકારસેં ખેલે, મહાભૂતકા અંશ લગાયા. જો૦૪

શબ્દ સપરસ રૂપરસ ગંધ. પંચ ઇંદ્રિકા અસા ગયા.
ઓ અજ્ઞ અવાચુ પરસે, દેખા દેખ ફસ બંધાયા જેન૦ ૫
જન દીન પંચમહી નહોતા. તા દીન અંકુત અજાયા;
નામરૂપ રહિત રવિદાસા, સોહું નિરંતર ગીના ગાયા જેન૦ ૬

પદ ૧૮ મું.

એસા પદહુમ પાયા સાધું. નિગમ નેતિ નેતિ ઉચારા. ટેક૦
નિરાખુ જ્ઞાનન ચલુ અજ્ઞાના. રહું પંડ બ્રહ્માંડસે ન્યારા:
પાંચ પચીસકુ દોર લગાવું, મીલું અગમ ઘર ઝણુકારા. એ૦ ૧
નવભી સોહું દસભી સોહું, સોહું સહુસ્ત્ર અઠાસી સારા;
સોહું તેત્રીસ કરોડમં વ્યાપક. સોહું નિજ વીરલે નિરધારા. એ૦ ૨
છઠાપદ સકલમે સોભીત, સતગુરૂસે પાવે પારા:
જીવન મુક્ત હોઇસા રહી, આવે ન જાવે વારંવારા. એ૦ ૩
સૂક્ષમ પદ કોઇ વીરલા પાવે, સેજ સમાવે રવે સુરતધારા;
લક્ષ જાઇ અલક્ષમે સમાઇ, નહીં મુનિ નહીં ગીનારા. એ૦ ૪
રામ કૃષ્ણ કપીલ અવતારા, સમજ સમે નિજ પદ ઠારા;
પ્રકૃતિ પુરૂષકે પારસો બેલે, નિગમ આગમસેં નિરાળા. એ૦ ૫
નિજ પદમેં જો કોઇ સમાયા, ભેખ ઉપાધ નહીં વહેવારા;
રવિદાસ જોગી ભોગી નાહીં, નિરખ્યા હુમહી હુમારા. એ૦ ૬

પદ ૧૯ મું.

આતમ બોધ કહું ગુરૂ જ્ઞાની, જેથી પંડમાંહી પરકાસા.
કહું નીવેડા અરથ જુજવા, શિવ શક્તિકેરા બાસા;
તીન શક્તિ એક નામ અનાદિ, તીનુકા જુદા હે ભાસા. આ૦ ૧

એક જાંગ દૂજી મૂળ દ્વારા. તીજી નામવિચ્ચુ પાસા:
ઉનકે ઉપર આદ્ય નિરંજન, તીન ઠેકાણું એકલાસા. આ૦ ૨

હીરદે કમલમે અંતર આતમા. બાજે નાદ અખંડ બાસા
કંઠ સ્થાન સાહુ બ્રહ્મ આતમા, જહાં દેખા બાલક બાસા. આ૦ ૩

ભ્રુગુટી કમલ પર જ્યોત સ્વરૂપી. ઉન ઉપર પદ નિરાશા:
નિગમ સાખ અનુભવથી વિચારો. ભાન ચરણ કહે રવિદાસા. આ૦ ૪

પદ ૨૦ મું.

પંડ બાજા બિન પાર ન પાવે. કયા પઢતા પુસ્તક માંહી. ટેક.
નિરભય પદકા નહીં નીવેડા, પાખંડ કર પરલે જાઇ;
દમડી સાટે દેત પ્રબોધા. પેટભરાઇ પંડિતાઇ. પં૦ ૧

ખટ શાસ્ત્ર ઓર પુરાણ અઠારા. ભાગવત ગીતા ગાઇ:
કહે ઓરકુ કરમ કર ન ચિંતા. સો નર નરક પડે ન્યાઇ. પં૦ ૨

લીયે સાભકે લોક સુનાવે, દેત દાટ બીન ધીરજાઇ:
બીન વિશ્વાસ સ્વાંગધર ભૂલે. અંતકાળ જમપૂર જાઇ. પં૦ ૩

જયસે મસાલચી મસ્ત તેલ ભર, પ્રગટી મસાલ ઉભા આઇ:
આપ ઓરનકુ કરે ઉજાળા, આપ અંધારે અંતરાઇ. પં૦ ૪

કાજી કુરાન કતેબ બખાને, નિવાજ પંચ વખત જાઇ;
સાંજ પડે જબ છુરી ચલાવે, ગુરૂ ગમ બીન હે ખુમરાઇ. પં૦ ૫

કાયા કમાયા બીન કથની કથતાહે. મૂરખ મનમાં મરડાઇ:
કહે રવિદાસ સતનામ ચીન્યા બીન. અંધા આડા અફળાઇ; પં૦ ૬

પદ ૨૧ મું.

સુણ પરદેશી બચન હમારા, જુગસે પ્રીત કછુ નહીં કરના. ટેક.
જુગસે પ્રીત કીયે બહોત પસ્તાવા, હરિભજન હરદે ધરના;
કરલે બંદગી બળ સબ છાંડી, ગુરૂ શબ્દહી રદે ધરના. સુ૦ ૧

રામહે તેરા તુહી રામકા. રમતા રામ તારણ તરના;
સતગુરૂ શબ્દે લગે સમાધી, પદ્માસન કુંભક ભરના. સુ૦ ૨

હો અસ્વારી ઉતર ભવ પારી, નુરતે નિરખ ગુરૂ પદ રચના;
પુરવકી ગંગા પશ્ચિમ ઉલટાઇ, ભીજત ગગન પશ્ચી ઝરના. સુ૦૩

શુભ પ્રકાશા સબઘટ બાસા. ત્રિગુન કાળકા નહીં ડરના;
રવિદાસ પહોંચે ઉન દેસા. પાયે સત પુરૂષકા સરના. સુ૦ ૪

પદ ૨૨ મું.

ઘરઘર પ્રીતસે હોવે ખુવારી, કર સાચા સત ગુરૂ સરના. ટેક.
રાગ રંગ હરિબીન સબ જૂઠા, તાણા તાણી સબહી તજના;
લે સરના સતગુરૂ સંતકા. દીયે ભેદ ગગનું ગરજના. ઘ૦ ૧

યાને રામન કરમન અરપન, અમ્રત બચન સતકું રજના:
કુલ મરજાદા છોડ પસારા, દુષ્ટ લોકસે નહીં લજના. ઘ૦ ૨

હંસ ઉબારન ધરાવે ધારન. શબ્દ સિંદુરસે મનકુ મંજના;
જાય મેલ સબ ઓળખ રામરબ, નિરખભાઇ નિરલે નૃજના. ઘ૦૩

હદકા કરતા બેહદબાસી, ગમનાહીં માયા તૃજના;
નહીં રવિદાસ બેહદ છોડા, મીલા પૂરૂષ અબ કયા ભજના. ઘ૦ ૪

પદ ૨૩ મું.

લગી પ્રીત સતગુરૂ સાહેબસેં, સો કયાં અટકે બ્રહ્મજ્ઞાની. ટેક૦
સુરત શબ્દકી સીડી પકડી, ચઢી સેજપર અસમાની;
હુવા પરકાશા પરમ સુખ પાયા, મુખ બોલ્યાં અમૃતબાની. લ૦ ૧
જરીયાપારા ઝલકા તારા, અંતર ભાગો ઉભરાની;
મીટ ગયા ડોલા ભીતર બોલા, નીકસા સર હીરા ખાની. લ૦ ૨
તુટયા ઘાટા હુવા નિરાટા, ફુટયા પાટફેલા પાની;
ઉલટા સિંધુ સુભર ભરાના, એક દ્રષ્ટિ ઐસી આની. લ૦ ૩
દીના ડંકા કબહુ ને શંકા, રાજા રંકકી નહીં હાની;
કરી પરખીઆ હરિ નરખિયા, ઉનવાત મેરી માની. લ૦ ૪
ડરૂ ન અબમે ખેલુ સબમે, રમતા રબમે જઇ થાની;
કહે રવિદાસ મેદાન આપુ, હોઇ પાદશાઇ પરમાની. લ૦ ૫

પદ ૨૪ મું.

મે સિપાઈ સતગુરૂ સાહેબકા, લઉં ટોપ બખતર પેહેરી. ટેક૦
શીલ સંતોષકા બખતર પહેરૂં, લઉં શમસેર સતગુરૂ કેરી:
સાત સાહેરકા ઘુંટ ભરાઉં, મારૂં કાળ દુસમન વેરી. મે૦ ૧
શિંધ બકરી ભેળાં ચરાઉં, રાજા રંકકી એક શેરી;
પાંચ પચીશ કોઇ જાનન પાવે, બ્રહ્મ મહાલમે જોઉં હેરી. મે૦ ૨
સત શબ્દકી લગી ખુમારી, સુન શિખર સુરતા મેરી;
પરિ બ્રહ્મ કે પરચે ખેલું, કરૂં ટેલ સત સબુરી. મે૦ ૩
આદું રાજને આદું દુવાઇ, હુઇ છાપ પાદશાહ કેરી;
કહે રવિદાસ સતગુરૂ કે આગે, માગુ મોજ ચાકરી મેરી. મે૦ ૪

પદ ૨૫ મું.

લગા કલેજા છેદ ગુરાંકા, વેદ ન જાણે એની વાતું. ટેક.
પતિવ્રતા હોય નાર પદમણિ, સો જાણે પિયુકી ખાતું;
વ્યભિચારિણી હીંડે વલખતી, અણખેલે ખાવે લાતું. લગા૦ ૧

ધરણ આકાશા તૂટપડે જાય, સૂકજાય સમુદર સાતું;
તો હું વિછોવા નહોય પિયાસે, નીરભે નેહતણુ નાતું. લગા૦ ૨

પલપલ મેરા પિયાજીકું નિરખું, ખંડત નહીં દિવસ રાતું;
તીનભોવન જાકા અજવાળા, અહોનિશ વરસે સ્વાતું. લગા૦ ૩

પ્રેમગલીમેં મેરા પિયાજીકું પામી, અનેક સુરતણી કાંતુ;
પાપ પુન્ય મટી ગયા સખી મેરા, ભૂલ ગઈ દૂઝ ભાંતુ. લગા૦ ૪

તારી લાગી ભ્રમણા ભાગી, તારે તર મીલ્યા તાંતુ;
કહે રવિદાસ સખી સતગુરૂકી, મન ન હોડે અબધાતું. લગા૦ ૫

પદ ૨૬ મું.

મૂળ કહું તો મહા સુખ હોવે, જ્યાંથી ઉપજી મન વાણી. ટેક.
પ્રથમ આદ્ય ગુરૂ અવિગત એકલા, નહીં સૃષ્ટિ મન મંડાણી;

પ્રથમ આદ્ય ગુરૂ અવિગત એકલા, નહીં સૃષ્ટિ મન મંડાણી;
પ્રકૃતિ પ્રાણ પિંડ નહીં આણી, ના ઉપજે પવના પાણી. મૂ૦ ૧

સેજ શૂન્યથી હંસ પ્રગટિયા, પ્રાણથકી મનને વાણી;
જહાંકા ઉપજા તહાં સમાયા, જીને સાન ગુરૂકી જાણી. મૂ૦ ૨

ગોકી જાત જણાયે જુજવી, ફૂવ દેખો એક એક દરસાની;
જ્યારે રવિ શશિ ઘરૂં આવા, એ પહોંચેકી પરમાની. મૃ૦ ૩
પવન ગગનમેં રહ્યા સમાઇ, મન ઉનમુનિએ ડેરાની;
વાણી મનમે મન પ્રાણમે, પ્રાણ અલખમે અલપાની. મૃ૦ ૪
નિરખ નિરગુણ નાથ નિરાલંબ, વસ્ત પુરાતનકું માણી;
સતગુરૂ કહે રવિદાસ સમજ લે, બીન સમજે ફીર હે ઘાણી. મૃ૦ ૫

પદ ૨૭ મું.

મતકર નિંદ્રા જીવ અભાગી, કયા જીવના સારૂ સોવે ? ટેક.
મનસા જનમહે રતન પદારથ, એહી જુગત ફીર નહીં હોવે;
હરિ ભજ્યા વિન ધિક હે જીવના, કયા મનખા એળ ખોવે ? મ૦ ૧
સાહેબ સમરન સાબુ છોડકે, કાદવ કપડા કયું ધોવે ?
હરિસાગરકુ દેઇ પાગથી, ખાબોચિયામાં કયું ડોવે ? મ૦ ૨
મુક્તાફળકા ખેત છોડકે, જવાસ જરણાં કયું હોવે ?
અંબ સરીખા અમૃત પરહરી, થર થોરીકા કયા બોવે ? મ૦ ૩
અનભે સરખા આનંદ છોડકે, કરમ કીચમે કયા રોવે ?
અછા નીર ગંગાજળ છોડકે, મૂતે મુખડા કયા ધોવે ? મ૦ ૪
એહી શિખામણ સમજુ જનકુ, મૂરખ મનમે નહીં ગાવે.
કહે રવિદાસ સત ભાણ પ્રતાપે, કરમ કાળ ધોખા ધોવે. મ૦ ૫

પદ ૨૮ મું.

દેખો કુદરત ખેલ ગેબકા, બન્યાહે ન્યારા ન્યારા. ટેક.
એકકુ મેડી છજા અટારી, એક સૂવે બજારા;
એક હાથીકે હોદે બેઠે, એક ઉઠાવે ભારા. દે૦ ૧

એક વણજ વેપાર કરતહે. એકે કીયા પસારા;
એક શિરપર ટોપી ડારી. એક ભયાહે વણઝારા. દે૦ ૨
માતપિતા ભાઇ બેન ભાણુજા, એક બનીહે દારા;
એક જનુની જનમ જનાયા. એસા જુગ નિરાધારા. દે૦ ૩
સ્થાવર જંગમ કીટ પતંગા, જતનકા લખ લારા;
કહે રવિદાસ એમ નકી બાજી. તાપર પદ અપરંપારા. દે૦ ૪

પદ ૨૯ .

દેખો માયા માહા બળવંતી, પંડિત પરગટ કર જોડે. ટેક.
રાજા રંકા ફકીર જોગી, માયા દેખી સબ કોઇ દોડે;
ગ્યાની ધ્યાની સરવે માંહી. સબહી લીયા ચઢતે ઘોડે. દે૦ ૧
અબોલા મુનિ આસન બેઠા. દેખી માંદાર મુખહી મોડે;
ધન આયા જબ ધીરજ નાઠી. એસા તાન માયા તોડે. દે૦ ૨
સ્વરૂપ નારી શોભાવંતી, હરીફને મારે હોડે;
કંઇ નરપતિ નજરોમાં લુટયા. લઇ બાપરમાં વાલોડે. દે૦ ૩
સતગુરૂના બાળક આગળ. માયા કામ કરે કોડે;
કહે રવિદાસ સોઇ સંત શિરોમણિ, માયાકા બંધન છોડે. દે૦ ૪

પદ ૩૦ મું.

દેખાદેખી મત કરો ભાઇ. સાન ગુરૂકી ગત હે ન્યારી. ટેક.
વિના સુરત નટ ખેલ કરતહે, ડોરડગત ભોમે ડારી;
બાજ ન મૂકી ગયા જીવસે, એક પલકમે જુગહારી. દેખા૦ ૧

કોઇ કહે શ્રીકૃષ્ણ પૂરણ બ્રહ્મ, સોળ સહસ્ત્રકે વિહારી:
એસા જાન કોઇ આપ હોડાવે, પડે નરકમે નરનારી. દેખા૦ ૨
વિના સમજ મીલ સબમે ખાવે, ઉદર ભરણકે અધિકારી
ધ્યાન ન જાણે વિષય રસ માણે, વાય ખપર એકાકારી દેખા૦ ૩
જનક વિદેહી પરઆતમ ચીન્યા, રાજ કરત દુગધારી:
એક હાથ સ્ત્રી કે ઉપર, દૂજે હાથ અગ્નિ જારી. દેખા૦ ૪
એસા સમજ સમ દ્રષ્ટિ રેવે, વાહી સંતકી મે બલહારી:
કહે રવિદાસ ઓર જુગમે ધૂતા, ખેલ કરતહે ખુવારી. દેખા૦ ૫

પદ શ્રી રવીસાહેબનું રાગ ચોપાઇ. સવાલ.

અનુભવ કરજો રે કરનાર. ટેક૦
કહો અનુભવકી રીત, બડે તુમ સંત કહાવો.
મનમેં કરો વિચાર, ચોંપસે ચરચા લાવો;
આંટી છૂટે મનતણી. ભાંગે દલકી ભ્રાંત;
પછમ દેશ પરબોધતાં. તમ કયું બેઠે નીરાંત. ૧
કહો પવનકા મુલ, મન તબ કહાંસે આયા.
કહો ઉનકા સ્થાન, દોઇ મીલ કહાં સમાયા:
શબ્દ કહાંસે ઉઠતહે, ફેર કહાં સમાય:
નાદ બુંદકા રૂપ તુમ, સંત દીયો બતલાય. ૨
કહો જીવકી જાત, શીવકા સ્વરૂપ કહીજે:
કરો જુજવા અરથ, સંત સિદ્ધાંત લહીજે;
જીવ શીવ કહેવાય નહીં, હુમ તમ નહીં કોઇ હુંમ:
અખંડ વસ્તુ અધાત હે, સો પરગત કરો હુમજાંન. ૩

હુમ તમ ભાંગે હોય, હુંસ તબ કાં જાઈ હુલીયા:
પંડ પંડ પરગટ મન, તબ કાં જાઈ મલીયા;
કહે રવીદાસ સુણે, સંત અનુભવી, અલખ દીયો ઓળખાય:
તબ હુમ સતગુરૂ ધારીયે, સત દીયો બતાય. ૮

પદ ૨ જું. રાગ ઉપરનો. ઉત્તર.

આતમા નરબોરે નિરવાણુ. ટેક.
સદગુરૂકે પરતાપ જ્ઞાન અનુભવ ઉર જાગ્યા.
પપીયલ મીન વીહુંગ ખોજકે ભે બ્રહ્મ ભાંગ્યા;
પરી ઉત્તર સદગુરૂ કહે વાકી કલા અનંત,
મેદ બુદ્ધિ સો ના લહે ચીને વીરલા સંત. ૧
નાભી પવનકા મુલ અષ્ટ કમલ દલ માંહીં.
ત્રિકુટી વાકો સ્થાન હોય મીલ વહાં સમાય;
શબ્દ શુન્યસેં ઉઠત હે ફેર શુન્યમેં સમાય.
નાદ લીન ભયે બુંદમે બુંદ નીરંતર રાય. ૨
જીવકી શક્તિ અજ્ઞાન શીવકી શક્તિ માયા,
એ દોનું સેં ભીન અખંડ અદ્વૈત અજાયા;
જીવ શીવ કહેવાય નહીં હુમ તુમ નહીં કોઉ હાંમ.
વત્રીક પદ પરમાત્મા નીરાલંબ નીજ ધામ. ૩
પાંચ તત્વ મીલ જીવ કહાયો,
દસ ઈંદ્રિય મન પ્રાણ મનસુ માંહે બંધાયો,
સોહું બ્રહ્મ અગાધ હે લીપે છીપે નહીં સોય,
ઘટઘટ પ્રગટ રમી રહ્યો જાણે વીરલા કોય. ૪

એહ સતગુરૂકા દેશ નીગમ નેતી કરી ગાવે,
બ્રહ્મા વિશ્નુ મહેશ ઓજે કોઈ પાર ન પાવે;
નીજા નંદકા અનુભવ નામ રૂપકા નાશ,
બ્રહ્મ મગન હોઇ બોલીયા અણુછતાં રવીદાસ. ૫

પદ ત્રીજું. રવીસાહેબનું. રાગ વાણી.

અમર પીયાલા મેરે ગુરૂજીએ પાયા, મદ મસ્તાના મેં ફરૂં દીવાના
અમરાપરની આશ કરેતો, છોડો અહંકાર અભિમાના. ટેક.
કેતના લંબા કેતના પોલા, કેતના બ્રહ્મકા અનુમાના;
કોહી શબ્દકા ભેદ બતાવો, ઓર છોડો સર્વે જ્ઞાના. ૧
પૃથ્વીથી પોલા પવનસેં ઝીણા, અખંડ હે અપરંપારા;
વધે ઘટે તેને રાખે બરાબર, કાયમ હે કીરતારા. ૨
પ્રતિત વિનાનો પંડિત કહેવાણો, મર વાંચે પુસ્તક પાના;
વરતી એની વારી ન શકયો, કયું ઠેરાગો પંડિત નામા. ૩
ભેદ વિનાનો ઘેરાઘર ભટકે, મુરખ લજ્જાવે ઉજરા બાના,
આપ ન સુજે પાખંડ પુજે, ઓર ધરે કુડા ધ્યાના. ૪
અબ નહીં આવું અબ નહીં જાવું, અબ ન ધરૂં કુડા ધ્યાના;
રવીદાસ ગુરૂ ભાણ પરતાપે, લખ દીયો પરવાના. ૫

પદ ૪ થું. રવીસાહેબનું. રાગ પરજ.

હુર દરિયામાં હંમેશ નાતા, કાદવ કપડાં કયું ધોતા;
પરતીવ્રતા ઘરે નાર પદમણી, ગુણકાસેં મન કયું મોહતા. ટેક.
આંબા વૃક્ષકી છાંયા છોડકર, આક ધંતુરે કયું સુતા;
હંસ સભામાં કયુ નહીં બેઠા, બગલા સાથે ખાવે ગોતા ૧

ઉગે ત્યાં બીજ ફળતું નહીં વાંજ. કલરમેં બીજ ક્યું બોના:
બાય પીયેને મારે ખાસડે. મુરખ માલેનું ખાના. ૨
સગાવતે સગાવતે કઇ જુગ વહી ગયા. મુવા પીછે મુખ નહીં જોતા:
આગા પુરૂષકું આદર નહીં દેતા. મુવા બાપકું ક્યું રોતા. ૩
કર બંદગી સાચા સાહેબકી. અમર હોવે તેરા તોતા:
કહે રવીદાસ ભાણ પરતાપે, એ અવસર ફેર નહીં હોતા. ૪

પદ ૫ મું રવીસાહેબનું રાગ કાફી.

જોગુ કીયા અલખસેં ભેરા સદગુરૂ મેરા. ટેક.
નીશ્ચે નરભે પદવી પાઇ, સુરતી અગમ અગડ નહીં જાઈ;
સદગુરૂ શબ્દે દીયા બતાઇ. મનસું ઘેર્યા. ૧
મુલ કમલકું બાન દબાયા, ઉલટા કમલ સોહં ગુલટાયા,
ધીરે ધીરે પવન ચલાયા, હરદમ હેર્યા. ૨
કામ કમલ હે બટદલ જેસા, તામે જઇ કીયા પરવેશા;
આગલ હે અજરાયલ જેસા, નાભી નીવેડા. ૩
પુરવસેં પશ્ચમ પરવરીયા. ઘરેકો લઇ અધર પર ધરીયા:
ઉગ્યા અરક અમીરસ ઝરીયા, ચડ્યા મુવેરા. ૪
શુન્ય સીખર પર કીયા સ્થાના, વાજે અનહદ તબલ નીશાના:
ગગન મંડલમેં જઇ ડેરાના, વાકા ફુગે નહીં ફેરા. ૫
જાહેર ખોજી જોગી પાયા, મુન ચડકી સાન બતાયા;
વાકો રવીદાસ શીશ નમાયા, ભાણકા ચેરા. ૬

પદ રવીસાહેબનું. રાગ આશાવરી.

જીરે વીરા હેતે આવો રે, સદાય મન ભાવોરેજી;
તન મન રે વરતીના સચીયારા,
જીરે વીરા કરીયાવંતા એવા કરણીના પુરા;
એતો ખરે ખાંડ કેરી ધારા. ટેક.
જીરે વીરા આદ્ય પુરૂપની ઇચ્છા શક્તિ,
તેના બ્રહ્મા વિષ્ણુ ને મહેશા;
જીરે વીરા બ્રહ્મા વિષ્ણુને વશ લઇ કીધા,
દીયા શીવજીને મુલ ઉપદેશા. ૧
જીરે વીરા રૂદ્ર કળશની સ્થાપના સ્થપાવી,
ત્યાં શક્તિનો પાઠ મંડાયો;
જીરે વીરા ગાયંત્રી સાવંત્રી સતીયું મળીને,
ઇતો ગુપ્ત ધરમ ચલાયો. ૨
જીરે વીરા સ્વાયંભુ મનુને સતરૂપા રાણી,
ઇતો બ્રહ્મા થકી વીસતરીયા;
જીરે વીરા મૈથુન સૃષ્ટિ ત્યાંથી ચાલી,
તેના શીવજીએ કાંકણ ભરીયા. ૩
જીરે વીરા આદ્ય ધરમ તમે મુલથી નીવેડા
રખે દેતા મુકી;
જીરે વીરા ચાર થોકની જેણે ભગતી ન કીધી,
તેતો ગયા કમાઇ ચુકી. ૪

જીરે વીરા મુખ મીઠા એવા ચતના લટપટીઆ,
એતો આડા અવળા રહ્યા ટાલે;
જીરે વીરા બુદ્ધિના હીણા એવા બગલા ધ્યાની,
મુળ ધરમના રહ્યા બાટે. ૫
જીરે વીરા હરીની માયા તમે હરીને સમરપો,
આપે રહો નીરાશા;
જીરે વીરા સદપુરૂષ વાયક અણીપુર બોલ્યા,
એમ ભાણુ ચરણુ કહે રવીદાસા. ૬

પદ શ્રી રવીસાહેબ ખીમસાહેબના પ્રશ્નોત્તર.

સંતો ભેદ અગમકો બુઝે, વાકુ પાર બ્રહ્મ ગુરૂ સુઝે. ટેક.
કેમ કરીને સમરીએ. કયું કરી લીજે નામા;
કેમ કરી સદગુરૂ નીરખીએ, કયાં છે આતમ રામા. ૧
સાસ ઉસાસે સમરીયે, અહોનીશ લીજે નામા,
સુરત નુરતસેં નીરખીએ, તો ઘટોઘટ આતમ રામા. ૨
કહાંસે આયા કીધર જાઓગે, કહાં તમારા ધામા;
આ કાયા કાલે પડી જાશે, ઠોર બતાવો ઠામા. ૩
હમ આયેહું નુરસેં, અમરા પુરમેં ધામા;
ચડી સુરત અસમાન ઠેરાણી, બ્રહ્મ હમારા ધામા. ૪
કોન તેજસેં હુવા ઝબુકા, કહાંસે જોત જાગે;
કયાં સતગુરૂકી નોબત બાજે, આપ ત્યાં બીરાજે. ૫

આપ નેજસેં હુવા ઝમુકા, ત્રીકુટી જ્યોત જાગે:
ગગન મંડળમેં નીશાન બાજે, તાંહ આપ બીરાજે. ૬

કોન નામસેં ધ્યાન લગાયા કોન નામ નીરધાર્યા
ભીમદાસ કહે રવીદાસને, માંહી બેઠ્યા કે બારા. ૭

સતનામસેં ધ્યાન લગાયા, અરધ નામ નીરધાર્યા.
કહેરવીદાસ સંત ભાણ પ્રતાપે, ઓહું સોહું સે પારા. ૮

પરભાતીયુ રવીસાહેબનું. રાગ કડખો.

અહોનીશ ભજન વીના લક્ષ તે કેમ લહે
ભગતી દુરલભ તે કેમ આવે:

ખેલ ખેડા રમે સો સભાને ગમે,
મુઠ છુટે ત્યારે રમત ફાવે. ટેક.

જ્ઞાનમાં મન ગળે રોગ બીજા ટળે. ટેક મુકી નવ ટાંક ચાલે:
ધ્યાન ધીરજ ધરે કલ્પના નવકરે, ચકળ સંસારમાં નાથ ભાળે. ૧

બુધીને બાધીએ શબ્દને શોધીએ, મેલીએ વિરોધ વિકાર બીજા:
પલકમાં ખલક જગત જાતી ગને, નામ ઉપાસી નામે રીજ્યા. ૨

સમ દ્રષ્ટી કરે પ્રપંચને પરહરે. શબ્દ સાચા વોરે સંતકેરા;
અજરા જયારે જરે અવિનાશને ઓચરે,
મેલવા બાટના મર્મ ઘેરા. ૩

હું તું જયારે ટળે શીશ દઇ સદગુરૂને મલે.
દાસ થઈ રહે દીન ભાખે:
કહે રવીદાસ સંત ભાણ પ્રતાપે, આધિન થઇને આપ નાંખે ૪

પરભાતીયું રવીસાહેબનુ. રગ કટખો.

શરીર શોધ્યા વિના સાર પ્રગટે નહીં.
પંડિત પાર નહીં આવે પોથે;
તાંદુલ છોડીને તુછને વળગી રહ્યો,
ભુખ નહીં ભાંગે ઠાલે થોથે. ટેક.
રસનાના સ્વાદમાં રૂછટે રીઝીયો, વિના ગુરૂ જ્ઞાન આવાય ગુથે;
વાચ વિલાસમાં વિવિધવાણી વદે.
પરહુરો પડે જઇ વળગ્યો ભોથે ૧
શબ્દ સંચ્યા ઘણા સકલ વિદ્યા ભણ્યા,
અધ્યાત્મ ઓચરે આવી ઓથે;
પ્રપંચ પંડમાં રહ્યા અહંકાર કોઇ નવ ગયા.
અનંત જુગ વહી ગયા એમ રોતે. ૨
શાસ્ત્ર કીધા કંઇ તોય રજનીમાં રડવડે;
અંધ નવ સંચરે સેર શુદ્ધે;
કહે રવીદાસ મુંઝાઇસ જુજવે મતે, રવી રજની નથી પદ ચોથે. ૩

પદ ૧ લું. રાગ ગરબીનાં ધોળ.

સખી સાંભળને કહું વાતડી, દહાડો આજ અનુપમ દીઠો રે.
મારે સતગુરૂએ શબ્દ સુણાવિયો, સાંભળતાં લાગે મીઠો રે.
સખી ભાગી તે સર્વે ઉરમી, પરમાતમ જોયા સરખા રે,
મેંતો નયણે નિરખ્યા નાથને, મારી મટી ગઇ અંતર તરપા રે.
સખી સુતે ઝળકે શૂન્યમે, એ સુતે તખતે બેઠા રે;
ઉંચો જોઉંતો આકાશમે. હેરૂંતો ઉભા હેઠા રે.

સખી શી કરિયે હવે સાધના, મારી સુરતાએ સંધાણા રે;
હું તો જ્યાંરે જોઉં ત્યાં પાસે છે, મારે વચને હરિ બંધાણા રે. ૪
સખી જોગ બન્યો જુગદીશનો, હરિ અબળાને ઘેર આવ્યા રે;
જે બુદ્ધિ કરી બળ દંખવે, તેનો કુલ્યું ફળ કરમાય રે. ૫
સખી પરણી તે પિયુને પ્રીછવે, કુંવારી કંથ શું જાણે રે;
જે રમે તે ઢીંગલે પોતિયે, તે મેર મને શું માણે રે. ૬
સખી પરણ્યા પિયુની વાતડી, તે મઈયરિયે નવ કરિયે રે;
તે પ્રગટ જણાવે પ્રીતડી, તેના લોચનીઆમાં લહિયે રે. ૭
સખી પિયુ મળવાનું પારખું, તેની કાયા કરી આલે રે;
જેની સુરત સામમાં જઇ મળી, તે સમજી સામું ભાળે રે. ૮
સખી લોક લાજ મેલી કરી, તે છુટે છેડે ચાલે રે,
જેનું અરસપરસ સંગ થઇ રહ્યું, તેને કોણ ખલકમાં ખાળે રે. ૯
સખી મરજાદા મેલી મળે, તેની છત રહે નહીં છાની રે;
એમ પ્રેમ સખી રવિદાસ છે, મારા પિયુને મનમાની રે. ૧૦

લીલા લિખ્યતે.

ચાલ.

સંત સરવને નામું શીશ, જગત ઉદ્ધારણ છો જુગદીશ;
અલખ માને બુદ્ધિ થોડી, આપો અક્ષર કહિયે કર જોડી.

સાખી.

ગુણ તમારા કેમ વર્ણવું, મુજને જીભ્યા એક;
અમર પણ આશા કરે, વરણી ન શકે શેષ.

ચાલ.

માધવ સુત પર કીધી મહેર, એટલે સંત પધાર્યા ઘેર.
આસન આલ્યાં ભાવે કરી, પ્રીતે પુંજ્યા શ્રીનરહરિ.
સમર્ણ સુકૃત આપ્યાં સાર, ભવસાગરમે પામું પાર.

સાખી.

સમ દ્રષ્ટિ શીતળ સદા, મનના સંશે જાય;
સત સ્વરૂપ પાસે સદા, આપોઆપ સમાય.

ચાલ.

અકાસથી નીર આવે એક, સંગે સંગે નામ અનેક.
સરવ નીર સાગરમાં ભળે, અવિચળ પોતા સરખું કરે.
એમ સતગુરૂ ઓળખીને મળે, તો ભવસાગર તે નિશ્ચે તરે.

સાખી.

ધરમ કરમ ધાંખા હરે, દીલની દુગધા જાય;
અમરતો આશા કરે, આવા ગમન ન થાય.

ચાલ.

મન જુઓ તો મનના ત્યાગી, ધ્યાન જુઓ સદા અનુરાગી.
ધ્યાન જુઓતો ધણીને સંગે, રાત દિવસ છે રૂડે રંગે.
સરવ નિરંતર રહે ઉદાસ, પાણી પથ્થર જયોત પ્રકાશ.

સાખી.

મીન પિયાસી જળ વીખે, સદા સમુદર સંગ;
ખારૂં મીઠું જળ વીખે, તરસુ તેનું અંગ.

ચાલ.

આપ અકરતાને કરતા હરિ, એવી વાત વિચારો ખરી.
કરતાને નહીં લાગે કર્મ, આદ્ય પુરૂષ છે અદ્વૈત બ્રહ્મ.
સાચી વાત સેવકની સોઇ, કરતાને જઇ પોહોચે કોઇ.

સાખી.

મેહુ આવે મધ્યર વિષે, પોષે સઉ પરિવાર;
ગુણ પરમાણે નિપજે, એમાં દોષ નહીં દાતાર.

ચાલ.

લીલા તમારી ગાશે જેહ, તેની નિરમળ થાશે દેહ.
કર જોડીને દયાળજ કહે, ચરણ તમારે આશા છે
દેહ દેણમદ વાસો રહે, આદ્ય અંત તમારો છે.

સાખી.

પોતાનો કરી રાખિયે, સદા ચરણ નિવાસ;
મિથ્યા નામ દયાળકો, ગુરૂ રવિ નિરંતર વાસ.

ચાલ.

મીન પીયાસી નીરહે. કોમળ કાયા અંગ;
સ્થાનક જઈ આસન કરે, અમ્રત પીવે ગંગ.
ગુરૂભાણ કુળ ભક્તિ આદરી, રવિરૂપ અપરંપાર;
ધન્ય! જનની ઉદર વસ્યા, ધન્ય! સંગી નર નાર.
ધન્ય! શેરી મારગ વળ્યા, ધન્ય! વસિયા જે ગામ;
ધન્ય! રજની વાસો રહ્યા, ધન્ય! શુભ મુખ દરશનનામ.
સેવક કાજ સધરિયા, પાળી પોતાની ટેક;
લાડકોડ પૂરાં કર્યાં, દયાળ દલભર દેખ.

સમાપ્ત.